R.N.I. No. 14593/1957

પગદંડી

PAGDANDI

VOL.69 ISSUE NO. 8 - NOVEMBER 2026 - 52 PAGES - RS. 15/-










Shree Kutchi Visha Oswal Seva Samaj
C.V.O.D., Jain Mahajanwadi, 3rd Floor, 99-101, Keshavji Naik Road, Chinchbunder, MUMBAI - 400 009.
Phone : 23714674 / 2377 3032 - E-mail : pagdandi@kvoss.org



We Navigate
Your Financial Adventure
& Ensure you
a smooth journey of life
from where you are
to where you want to be

A COMPLETE TOUR OF THE FINANCIAL WORLD

We are truly a one stop-shop for all your
Investment & Insurance and other allied services:

- Mutual Fund & Specialized Investment Funds Distributors
- Company FD, NCD, Bond, RBI Bond, Capital Gain Bond, Perpetual Bond
- Tax Planning
- Will Writing and Estate and Succession Planning
- Life Insurance (Through business associates of LIC of India,
- HDFC Life, Birla Sun Life Insurance)

We are your Map for Financial Freedom

GADA & HARIA™
FINANCIAL SERVICES
With you, For you, Always...

Registered Office:
Gada & Haria Financial Services
5, Framroz Court, 2nd floor, Dada Saheb Phalke Road,
Dadar (CR), Mumbai-400014.
Tel: 40794141
www.gadaharia.com
AMFI Registered MF & SIF Distributors - ARN:279933

CA, CFP Rajesh Gada
Village: Bada
98676 23250
rajesh@gadaharia.com

CA Vipul Bheda
Village: Samaghoga
98202 22750
vipul@gadaharia.com

Vikas Vira
Village:Nagalpur
98205 20268
vikas@gadaharia.com

પગદંડી

નવેમ્બર ૨૦૨૬

અનુક્રમણિકા

લેખ	લેખક	પાના નં
તંત્રીસ્થાનેથી.....		
એક જ દુનિયાના બે છેડા	સંજય ચંદનબેન વિસનજી છેડા.....	૫
પ્રમુખશ્રીની કલમે	બિમલ જવેરબેન લાલજી વોરા	૯
'ના' કહેતા શીખો, 'ના' સાંભળતા પણ શીખો		
પગ મેં ભમરી.....	લીલાધર હાંસબાઈ માણેક ગડા 'અધા'.....	૧૩
ભિખારીઓના ડૉક્ટર		
ઘરના ઓટલેથી.....	ગુલાબ પાનબાઈ રવજી દેઢિયા.....	૧૬
ચાર્લી ઍન્ડ ધ ચૉકલેટ ફૅક્ટરી.....	રાજન ભાનુબેન કાંતિલાલ ધરોડ.....	૧૭
પર્વતો, પેડલ અને પડકાર.....	ડૉ. શિરીષ ભાનુમતીબેન ચુનીલાલ માલદે	૨૧
શિષ્ટાચાર, સભ્યતા, સુસંસ્કારિતા અને આપણે.....	પરેશ કેસરબેન ગાંગજી શાહ (નિ:શબ્દ).....	૨૫
આપણા સમાજની પ્રતિભા - મિથિલ બીજલ રાજુ દેઢિયા...	સંકલન: સૂર્યકાંત અમૃતબેન દામજી કક્કા.....	૨૮
સેલ સેલ સેલ.....	રેખા પ્રવીણ જખ્ખુભાઈ નંદુ	૩૨
સોશિયલ મીડિયાનું વળગણ.....	રાજેશ જવેરબેન નરશી સાવલા	૩૪
દેવાલયોમાં પહેરવેશ :શ્રદ્ધા, મર્યાદા કે વ્યક્તિગત સ્વતંત્રતા.....	લોપા ઈલેશ ધરોડ	૩૬
પ્રતિભાવ - પ્રતિસાદ		
'ખાલીપાને આપો ખો' નિબંધ લેખન સ્પર્ધા	તલકશી વસનજી ધરોડ.....	૩૮
પગદંડીને પત્ર		
મંદિરોમાં ભક્તોનું દાન.....	વસંત કચ્છ કેસરી,.....	૩૯
ઉર્મિલહર.....	સંપાદન : વિશન પાનબાઈ દેવરાજ નાગડા.....	૪૦
ક.વી.ઓ. સેવા સમાજ અહેવાલ.....	.....	૪૨
સાંત્વન.....	.....	૪૮
મુખપૃષ્ઠ ચિત્ર	ડૉ. શિરીષ ભાનુમતીબેન ચુનીલાલ માલદે	

ટાઈપસેટીંગ : ધીરેન તારાબેન મુરજી ગાલા (કોટડા (રોહા) - ફોર્ટ) મોબાઈલ : ૯૮ ૩૩ ૫૪ ૧૦ ૪૦

પગદંડી કાર્યાલય ફોન :૨૩૭૧ ૪૬૭૪ ટેલી ફેક્સ - ૨૩૭૭ ૩૦૩૨

Printed and Published by **Aswin Popatlal Malde** on behalf of **K.V.O. Seva Samaj.** Printed at **Meghart Colour Crafters**, 42, Ideal Indl. Estate Mathuradas Mill Compound, Senapati Bapat Marg, Lower Parel, Mumbai-400013. and published from Shri Kutchhi Visa Oswal Seva Samaj, C.V.O.D. Jain Mahajanwadi, 3rd Floor, 99/101, Keshavji Naik Road, Chinch Bunder, Mumbai -400009. Editor : **Aswin Popatlal Malde**

ATUL GALA
MO. 93 2222 1205
ROHIT GALA
MO. 98200 99251

Gala Caterers®
FINEST IN FOOD INDUSTRY
SINCE 1977

RAJESH GALA
MO. 98200 32010/50
CHIRAG GALA
MO. 97 0202 9280

Catering Services

Celebrate The Joy Of Togetherness With Flawless Food Catering...!



- ☑ Birthday Party
- ☑ Wedding Catering
- ☑ Buffet Catering
- ☑ Corporate Catering
- ☑ Business Event
- ☑ Special Occasions

5, Natraj Building, Laxmi Narayan Lane, Matunga (C.R), Mumbai - 400019.

www.galacaterers.in | info@galacaterers.in

તંત્રીસ્થાનેથી



એક જ દુનિયાના બે છેડા

એક ઓગણીસ વર્ષની મજબૂરી

મારી માતાની દૃષ્ટિ લગભગ ચાલી ગઈ હોવાથી તેમની સંભાળ માટે તાજેતરમાં અમે એક મદદનીશ યુવતી રાખી છે. તેની ઉંમર માત્ર ઓગણીસ વર્ષની છે અને તે છત્તીસગઢથી એકલી મુંબઈ આવી છે. જે ઉંમરે તેના હાથમાં પુસ્તકો અને આંખોમાં ભવિષ્યનાં સપનાં હોવા જોઈએ, એ ઉંમરે તેને પરિવારને આર્થિક મદદ કરવા માટે અભ્યાસ છોડવો પડ્યો, ઘરના નિર્ણય પ્રમાણે તેનો નાનો ભાઈ આગળ ભણશે અને તે ઘરકામ કરીને પૈસા મોકલશે. કદાચ પરિવારની મજબૂરી હશે, પરંતુ પ્રશ્ન તો રહે જ છે- ગરીબીનો પ્રથમ ભોગ ઘણી વાર દીકરીનું શિક્ષણ અને તેનાં સપનાં જ કેમ બને છે?

સૌને સમાન તક ક્યાં મળે છે?

આ એક યુવતીની વાત નથી. આપણા સમાજમાં અસંખ્ય માણસોનું જીવન તેમણે કરેલી પસંદગીથી નહીં, પરંતુ તેમની સામે રહેલી મર્યાદિત પરિસ્થિતિઓથી ઘડાય છે. કેટલાક લોકો પાસે અનેક રસ્તાઓમાંથી પસંદગી કરવાની સ્વતંત્રતા છે, જ્યારે કેટલાક પાસે જે એક રસ્તો ખુલ્લો મળે તેના પર ચાલવા સિવાય કોઈ વિકલ્પ જ નથી. આપણે બંનેને સમાન તક મળી હતી તેમ માનીને તેમની સફળતા કે નિષ્ફળતાનો ન્યાય કરીએ છીએ, પરંતુ જીવનની દોડમાં દરેક માણસની શરૂઆત એક જ રેખાથી થતી નથી.

એક તરફ વૈભવ, બીજી તરફ જીવનનું જોખમ

એક તરફ કોઈ વ્યક્તિ પાંચ-સાત હજાર રૂપિયાની સુગંધની બૉટલ ખરીદે છે અથવા કોઈ જાણીતી રેસ્ટોરોન્ટમાં એક સાંજના ભોજન માટે વ્યક્તિ દીઠ પાંચ હજાર રૂપિયા ખર્ચે છે; બીજી તરફ કોઈ માણસ માત્ર ત્રણસો કે પાંચસો રૂપિયા માટે માનવમળથી ભરેલી ગટર કે સેપ્ટિક ટૅન્કમાં ઊતરીને પોતાનું જીવન જોખમમાં મૂકે છે. એક તરફ લગ્ન પ્રસંગમાં થોડા કલાકના મનોરંજન માટે કલાકારને કરોડો રૂપિયા ચૂકવાય છે; બીજી તરફ કોઈ પરિવાર સારવારના પૈસા ન હોવાથી બ્લડ કૅન્સરના દર્દીને હૉસ્પિટલના દરવાજેથી ઘરે લઈ જાય છે.

કોઈ વિદેશી કલાકારનો કાર્યક્રમ જોવા લાખો રૂપિયાની ટિકિટ ખરીદે છે, જ્યારે કોઈ તેજસ્વી વિદ્યાર્થી માત્ર ફી ન ભરી શકવાને કારણે અભ્યાસ અધૂરો છોડી દે છે. કોઈ બાળકને જન્મદિવસે કયું

રમકડું લેવું તેની મૂંઝવણ છે, જ્યારે ટ્રાફિક સિગ્નલ પર બીજું બાળક એ જ રમકડાં વેચીને પરિવાર માટે રોટલો કમાય છે. એક બાળક સ્કૂલ બસ ચૂકી જાય તો આખું ઘર ચિંતિત થઈ જાય છે; બીજું બાળક કચરો વીણવા જતાં આખું શૈક્ષણિક વર્ષ ચૂકી જાય છે.

અન્ન, આશ્રય અને સંબંધોની વિડંબના

લગ્ન અને સામાજિક પ્રસંગોમાં એટલું ભોજન ફેંકાઈ જાય છે કે એમાંથી અનેક પરિવારોનું પેટ ભરાઈ શકે; એ જ શહેરમાં કોઈ માતા ઘરમાં અનાજ ન હોવાથી બાળકોને પાણી પીવડાવીને વહેલાં સૂવડાવે છે. કોઈ ડિલિવરી કર્મચારી ધોધમાર વરસાદમાં આપણું ગરમ ભોજન સમયસર પહોંચાડવા દોડે છે, પરંતુ પોતે દિવસના અંતે ઠંડો રોટલો ખાઈને સૂઈ જાય છે. કોઈ મજૂર આકાશને અડતી ઈમારતો બાંધે છે, છતાં તેના પરિવાર પાસે રહેવા માટે સુરક્ષિત છત નથી.

કોઈ સ્ત્રી આખો દિવસ બીજાના બાળકને પ્રેમથી ઉછેરે છે, જ્યારે તેનું પોતાનું બાળક દૂર ગામમાં માતાની રાહ જોતું મોટું થાય છે. કોઈ ખેડૂત દેશ માટે અનાજ ઉગાડે છે, પરંતુ પાક નિષ્ફળ જતાં પોતાની દવા કે સંતાનની ફી ચૂકવી શકતો નથી. કોઈ વૃદ્ધે આખું જીવન પરિવાર માટે ખર્ચી નાખ્યું હોય, છતાં જીવનની સાંજે દવા, સારવાર અને સાથ માટે બીજાની દયા પર જીવવું પડે છે.

જ્યારે પસંદગીનો અધિકાર પણ છીનવાઈ જાય

ક્યારેક દેવું ચૂકવવા, સંતાનને બચાવવા અથવા ઘરને સંભાળવા કોઈ માણસ પોતાના શરીરનું અંગ વેચવાની ગેરકાયદેસર અને જોખમી હદ સુધી ધકેલાય છે. કોઈ સ્ત્રીને ભૂખ, છેતરપિંડી, માનવતસ્કરી કે પારિવારિક મજબૂરી એવી જગ્યાએ પહોંચાડી દે છે જ્યાં તેનું શરીર જ કમાણીનું અંતિમ સાધન બની જાય છે. આ લોકોને આપણે ઘણી વાર તેમના વ્યવસાય કે પરિસ્થિતિથી ઓળખીએ છીએ; તેમની પાછળ રહેલી ભૂખ, લાચારી અને છીનવાઈ ગયેલી પસંદગીઓને જોવાનો પ્રયત્ન કરતા નથી.

સફળતા માત્ર લાયકાતનું પરિણામ નથી

આ અસમાનતા હંમેશાં પ્રતિભા, પરિશ્રમ, શિક્ષણ કે લાયકાતનું પરિણામ નથી. જન્મસ્થળ, પરિવારની આર્થિક સ્થિતિ, જાતિ, લિંગ, આરોગ્ય, સલામતી, ઓળખાણ, વારસો અને ઘણી વાર માત્ર નસીબ માણસ ક્યાંથી શરૂઆત કરશે તે નક્કી કરે છે. કેટલાક લોકો તૈયાર મેદાન પર દોડ શરૂ કરે છે; કેટલાકે તો દોડ શરૂ કરતાં પહેલાં પગની બેડીઓ તોડવાની હોય છે. અંતે બંનેને એક જ માપદંડથી માપીને સફળ વ્યક્તિ વધુ મહેનતુ અને નિષ્ફળ વ્યક્તિ ઓછી લાયક હતી એવું માનવું એ આપણી સૌથી અનુકૂળ, પરંતુ સૌથી ક્રૂર ગેરસમજ છે.

પ્રશ્ન ખર્ચનો નહીં, સંવેદનાનો છે

આનો અર્થ એવો નથી કે સંપન્ન વ્યક્તિએ પોતાનાં સુખ, શોખ કે ઉત્સવ છોડી દેવા જોઈએ. પ્રશ્ન ખર્ચ કરવાનો નથી; પ્રશ્ન એ છે કે આપણા વૈભવ વચ્ચે બીજાની વેદના દેખાવાની બંધ તો નથી

થઈ ગઈ ને ? જ્યારે કોઈના એક દિવસના શોખ જેટલી રકમથી બીજાનું શિક્ષણ, સારવાર કે આખા પરિવારનો મહિનો ચાલી શકે, ત્યારે ઓછામાં ઓછું એટલું વિચારવું જરૂરી છે કે આપણા આનંદની સાથે કોઈ અજાણ્યા જીવનમાં થોડી આશા ઉમેરી શકાય કે નહીં.

નાનાં પગલાંથી શરૂઆત

આપણે આખી દુનિયાની ગરીબી એકલા દૂર કરી શકવાના નથી, પરંતુ આપણા સંપર્કમાં આવતા માણસની મજબૂરીનો લાભ ન લેવો આપણા હાથમાં છે. ઘરકામ કરનાર, ડ્રાઈવર, સુરક્ષાકર્મી, સફાઈકર્મી કે અન્ય કામદારને યોગ્ય વેતન, સમયસર રજા, માનભર્યું વર્તન અને આરોગ્ય સહાય આપવી કોઈ ઉપકાર નથી, તે તેમની મહેનતનો ન્યાય છે. તેમના સંતાનની ફી, પુસ્તકો કે કૌશલ્ય વિકાસમાં શક્ય સહાય કરીને આપણે ગરીબીનો વારસો એક પેઢી આગળ વધતો અટકાવી શકીએ.

આપણી આવકમાંથી નાની, પરંતુ નિયમિત રકમ શિક્ષણ કે સારવાર માટે અલગ રાખી શકાય. ઉજવણીમાં થતો બિનજરૂરી ખર્ચ થોડો ઘટાડીને કોઈ દર્દીની દવા, કોઈ બાળકીની ફી અથવા કોઈ શ્રમિકના વીમાની જવાબદારી લઈ શકાય. ઉપયોગી કપડાં કે બચેલું ભોજન આપી દેવું જ પૂરંતુ નથી; કોઈને આત્મનિર્ભર બનવા માટે તાલીમ, સાધન, કામની તક અને યોગ્ય માર્ગદર્શન આપવું વધુ મહત્ત્વનું છે. બધું બદલવું શક્ય ન હોય તોપણ એક માણસના જીવનમાં એક સાચું પગલું ભરાય, તો દુનિયાનો એક નાનો ખૂણો થોડો સારો જરૂર બને.

સમજૂતીથી પરની અસમાનતા

છતાં પણ એક અસ્વસ્થ કરતું સત્ય આપણી સામે ઊભું રહે છે - એક તરફ અતિશય વૈભવ અને બીજી તરફ જીવનની મૂળભૂત જરૂરિયાતો માટે શરીર, સ્વપ્ન અને સ્વમાન દાવ પર મૂકવાની ફરજ. આ અસમાનતાને માત્ર કર્મ, નસીબ, લાયકાત કે મહેનત કહીને સમજાવી શકાતી નથી. એક હદ પછી તેની પાસે કોઈ સંતોષકારક સમજૂતી જ રહેતી નથી.

આપણી સામૂહિક નિષ્ફળતા

આ માત્ર કોઈ એક વ્યક્તિની કે એક સરકારની નિષ્ફળતા નથી. આ સમગ્ર વ્યવસ્થાની, માનવજાતની, સમાજની, દેશની અને અંતે આખા વિશ્વની સામૂહિક નિષ્ફળતા છે. વિકાસની ઊંચી ઈમારતો, વધતી સંપત્તિ અને ભવ્ય ઉજવણીઓ વચ્ચે જો માણસને શિક્ષણ, સારવાર, સુરક્ષા અને સન્માનથી જીવવાનો અધિકાર ન મળે, તો આપણી પ્રગતિ અધૂરી છે. દુનિયા કદાચ તરત નહીં બદલાય, પરંતુ આપણે જે જીવનને સ્પર્શીએ તે થોડું ઓછું કઠોર બનાવી શકીએ - અને કદાચ સાચી માનવતા ત્યાંથી જ શરૂ થાય છે.

- સંજય ચંદનબેન વિસનજી છેડા
- રતાડિયા ગણેશવાલા, **મો.: ૯૮૯૨૮૧૫૩૬૭**

AMBIKA

અંબીકા બેગ હાઉસ

: ઉત્પાદક અને વિક્રેતા :

સર્વ પ્રકારની લેડીઝ બેગ્સ, સ્કૂલ બેગ્સ,
મની પર્સીસ અને કોમ્પલીમેન્ટરી આઈટમસ

૩૨૧, અબ્દુલ રહેમાન સ્ટ્રીટ, ક્રોફર્ડ માર્કેટ પાસે, મુંબઈ–૪૦૦ ૦૦૩.
ફોન : ઓફિસ : ૨૩૪૩ ૫૪૨૬, ૨૩૪૩ ૮૪૬૪ • ફેક્સ : ૫૬૩૫ ૯૦૪૪

લકી બેગ હાઉસ

૯૫, મારલેન રોડ, BST ક્વાર્ટર્સ સામે, મુંબઈ - ૪૦૦ ૦૦૮.
ટેલિફોન : ૨૩૦૨ ૧૯૪૨, ૨૩૦૨ ૧૯૪૪
www.luckybaghouse.com

પ્રમુખશ્રીની કલમે



✳ બિમલ જવેરબેન લાલજી વોરા ✳

'ના' કહેતા શીખો, 'ના' સાંભળતા પણ શીખો

જીવનમાં શીખવા જેવા બે મહત્ત્વના પાઠ

૧. એક અનિચ્છિત 'હા'ની કિંમત

કોઈ મિત્ર મદદ માગે, કોઈ સંબંધી કામ સોંપે, કોઈ સામાજિક કાર્યક્રમમાં જવાબદારી લેવા કહે કે કોઈ પરિચિત પોતાનું કામ આપણને સોંપવા માગે. આપણને સમય નથી, ઈચ્છા નથી અથવા તે કામ આપણી પ્રાથમિકતામાં નથી, છતાં મોઢામાંથી 'હા' નીકળી જાય છે.

કારણ શું? સામેની વ્યક્તિને ખોટું લાગશે, સંબંધ બગડશે, આપણને સ્વાર્થી ગણાશે કે લોકો શું કહેશે - આવો ડર! પછી એ જ અનિચ્છાએ સ્વીકારેલી જવાબદારીમાં આપણો કીમતી સમય વપરાય છે. પોતાનાં અગત્યનાં કામ પાછળ રહી જાય છે. પરિવાર માટેનો સમય ઘટે છે અને મનમાં અસંતોષ જન્મે છે.

બીજાને નારાજ ન કરવા જતાં ઘણી વાર આપણે પોતાની જાતને અન્યાય કરી બેસીએ છીએ.

૨. 'ના' કહેવું એ સ્વાર્થ નથી

દરેક વિનંતી સ્વીકારવી એ સારા માણસની ઓળખ નથી. પોતાની મર્યાદા, સમય, ક્ષમતા અને પ્રાથમિકતાઓ સમજવી પણ એટલી જ જરૂરી છે. માફ કરશો, અત્યારે આ જવાબદારી લઈ શકીશ નહીં અથવા 'આ કામ માટે હું સમય આપી શકીશ નહીં' - આટલું વિનમ્રતાથી અને સ્પષ્ટપણે કહેવું પૂરતું છે. દરેક 'ના' માટે લાંબું સ્પષ્ટીકરણ આપવું કે ખોટાં બહાનાં શોધવા જરૂરી નથી.

કોઈ વિનંતીનો જવાબ તરત આપવો પણ જરૂરી નથી. 'હું વિચારીને જણાવું' કહીને પોતાની ઉપલબ્ધતા તપાસી શકાય છે. જરૂર પડે તો આખી જવાબદારી સ્વીકારવાને બદલે મર્યાદિત મદદ પણ કરી શકાય, 'ના' કહેવું એટલે સંબંધ તોડવો કે બીજાની અવગણના કરવી નહીં. જ્યાં ખરેખર જરૂર હોય ત્યાં મદદ કરવી જ જોઈએ.

યાદ રાખો, દરેક બિનજરૂરી 'હા' પાછળ કોઈ જરૂરી કામને આપેલું અદશ્ય 'ના' છુપાયેલું હોય છે.

૩. યોગ્ય સમયે 'ના' કહેવાના ફાયદા

યોગ્ય સમયે 'ના' કહેવાથી બિનજરૂરી જવાબદારીઓનો બોજ ઘટે છે અને અગત્યના કામ પર ધ્યાન કેન્દ્રિત કરી શકાય છે, પરિણામે જે જવાબદારી સ્વીકારીએ, તે વધુ ઉત્સાહ અને નિષ્ઠાથી

નિભાવી શકીએ છીએ. સ્પષ્ટ અને વિનમ્રતાથી 'ના' કહેવાથી સંબંધોમાં પણ નિખાલસતા આવે છે. શરૂઆતમાં કોઈને આપણું 'ના' ન ગમે, પરંતુ સમય જતાં આપણી મર્યાદાઓની સમજ અને આદર વિકસી શકે છે.

આનો અર્થ દરેક બાબતમાં 'ના' કહેવાનો નથી. પરિવાર, મિત્રો અને સમાજ પ્રત્યેની જવાબદારીઓમાંથી છટકવા માટે 'ના'નો ઉપયોગ કરવો પણ યોગ્ય નથી.

મુદ્દો બધાને 'ના' કહેવાનો નથી; ક્યાં 'હા' કહેવી અને ક્યાં 'ના' કહેવી તેનો વિવેક કેળવવાનો છે.

૪. પરંતુ બીજાની 'ના' સાંભળવાની તૈયારી છે ?

આપણે બીજાને 'ના' કહેતા અચકાઈએ છીએ, પરંતુ કોઈ આપણને 'ના' કહે ત્યારે તે સ્વીકારવું પણ ઘણી વાર મુશ્કેલ લાગે છે !

કોઈ આપણી વિનંતી ન સ્વીકારે, આપણી વાત સાથે અસહમત થાય કે આપણી ઈચ્છા પૂરી ન કરે, ત્યારે આપણને દુ:ખ થાય છે. ક્યારેક આવી 'ના'ને વ્યક્તિગત અપમાન માની લઈએ છીએ. સામેની વ્યક્તિને પણ પોતાની મર્યાદાઓ, પ્રાથમિકતાઓ અને નિર્ણય લેવાનો અધિકાર છે એ ભૂલી જઈએ છીએ. અહીં સમજવાની વાત એ છે કે જેમ આપણને 'ના' કહેવાનો અધિકાર છે, તેમ બીજાને પણ છે.

પોતાની 'ના' માટે સમજણની અપેક્ષા રાખીએ, તો બીજાની 'ના'નો આદર કરવાની તૈયારી પણ હોવી જોઈએ.

૫. બાળકોને દરેક વખતે 'હા' કહેવી જરૂરી છે ?

આજના સમયમાં ઘણાં માતા-પિતા સંતાનને કોઈ વાતની ખોટ ન પડે તે માટે શક્ય તેટલી તેની દરેક ઈચ્છા પૂરી કરવાનો પ્રયત્ન કરે છે. બાળકને જે રમકડું જોઈએ તે તરત મળે, જે વસ્તુ માગે તે ખરીદી આપવામાં આવે અને કોઈ મુશ્કેલી ઊભી થાય તો માતા-પિતા તરત તેનો ઉકેલ લાવી આપે. આ બધું પ્રેમથી કરવામાં આવે છે, પરંતુ જો દરેક માગણી સહેલાઈથી પૂરી થતી રહે તો બાળક રાહ જોવાનું, સમાધાન કરવાનું અને 'ના' સ્વીકારવાનું ક્યારે શીખશે ?

ક્યારેક પરીક્ષામાં અપેક્ષિત ગુણ નથી મળતા, મનપસંદ કૉલેજમાં પ્રવેશ નથી મળતો, નોકરી માટે પસંદગી નથી થતી, વ્યવસાયમાં નુકસાન થાય છે કે રમતગમતમાં પરાજય મળે છે. જે બાળકને નાની ઉંમરથી યોગ્ય મર્યાદાઓ અને નિષ્ફળતાનો સામનો કરવાની તક મળી નથી, તેને આવી પરિસ્થિતિઓ સ્વીકારવામાં વધુ મુશ્કેલ પડી શકે છે.

સંતાનને દરેક વસ્તુ અપાવવી એ જ પ્રેમ નથી; તેને દરેક વસ્તુ મળી શકતી નથી એ સમજાવવું પણ પ્રેમનો જ એક ભાગ છે.

૬. ૧૦૦ દિવસ સુધી 'ના' સાંભળવાનો અનોખો પ્રયોગ

ચીનમાં જન્મેલ અમેરિકન ઉદ્યોગ સાહસિક જિયા જિયાંગ (Jia Jiang) 'ના' સાંભળવાથી ખૂબ ડરતા હતા. આ ડર દૂર કરવા તેમણે એક અનોખો પ્રયોગ કર્યો. સતત ૧૦૦ દિવસ સુધી તેમણે એવી વિનંતીઓ કરવાનું નક્કી કર્યું જેમાં 'ના' મળવાની શક્યતા હતી. તેમણે પોતાના અનુભવોનું વર્ણન Rejection Proof નામના પુસ્તકમાં કર્યું છે. આ પ્રયોગે તેમને ત્રણ મહત્ત્વના પાઠ શીખવ્યા.

પ્રથમ 'ના' સાંભળવાનો ડર ઘણી વાર વાસ્તવિક 'ના' કરતાં મોટો હોય છે. આપણે 'ના' સાંભળવાના ડરથી પ્રયત્ન જ કરતા નથી અને શક્ય તકો ગુમાવી બેસીએ છીએ.

બીજું, કોઈની 'ના' આપણી ક્ષમતા કે વ્યક્તિત્વનો અંતિમ ચુકાદો નથી. તે સામેની વ્યક્તિની જરૂરિયાત, પસંદગી કે પરિસ્થિતિનું પરિણામ પણ હોઈ શકે છે.

ત્રીજું, 'ના' પાછળનું કારણ સમજવાથી ક્યારેક પોતાની ભૂલ સુધારવાની, વિનંતી કરવાની રીત બદલવાની કે નવો રસ્તો શોધવાની તક મળે છે.

આ પુસ્તકનો મુખ્ય સંદેશ એ છે કે 'ના' સાંભળવાથી ભાગવાને બદલે તેનો સામનો કરતાં શીખીએ, તો તેનો ડર ઘટે છે અને આત્મવિશ્વાસ વધે છે.

૭. બાળકોને માત્ર જીતતાં નહીં, હારતાં પણ શીખવો.

માતા-પિતાની જવાબદારી સંતાનના જીવનમાંથી દરેક મુશ્કેલી દૂર કરવાની નથી, પરંતુ તેને મુશ્કેલીઓનો સામનો કરવા સક્ષમ બનાવવાની છે. બાળકને ક્યારેક રાહ જોવા દો, પોતાની નાની સમસ્યાઓ જાતે ઉકેલવા દો અને રમતમાં હાર સ્વીકારવા દો. દરેક સ્પર્ધામાં ઈનામ મળે કે દરેક પ્રયત્નમાં સફળતા મળે એવો આગ્રહ ન રાખો.

નિષ્ફળતા મળે ત્યારે બાળકને દોષ આપવાને બદલે શું શીખવા મળ્યું અને હવે આગળ શું કરી શકાય તે સમજવામાં મદદ કરો. પ્રયત્ન, ધીરજ અને સુધારાને પ્રોત્સાહન આપો. બાળકને એ વિશ્વાસ પણ હોવો જોઈએ કે તે જીતે કે હારે, સફળ થાય કે નિષ્ફળ જાય, પરિવારનો પ્રેમ અને સહારો તેની સાથે જ રહેશે.

બાળકો માટે દરેક રસ્તો સરળ બનાવી આપવાને બદલે તેમને મુશ્કેલ રસ્તે ચાલવાની હિંમત આપવી વધુ મહત્ત્વની છે.

૮. 'ના' સાંભળ્યા પછી શું કરવું ?

જીવનમાં 'ના' સાંભળવી પડે કે નિષ્ફળતા મળે ત્યારે નિરાશ થવું સ્વાભાવિક છે, પરંતુ ત્યાં જ અટકી જવું જરૂરી નથી. સૌપ્રથમ 'ના'ને શાંતિથી સ્વીકારો. શક્ય હોય તો તેનું કારણ સમજો. પોતાની તૈયારી, પદ્ધતિ કે અપેક્ષામાં સુધારાની જરૂર છે કે નહીં તે વિચારો. જરૂર પડે તો બીજો વિકલ્પ શોધો અથવા નવી તૈયારી સાથે ફરી પ્રયત્ન કરો.

દરેક 'ના' પછી ફરી એ જે દરવાજો ખખડાવવો જરૂરી નથી. કેટલીક વાર સમજદારી એમાં હોય છે કે આપણો બીજો દરવાજો શોધીએ.

'ના' આપણને રોકી શકે છે, પરંતુ આગળ વધવું કે અટકી જવું એનો નિર્ણય આપણા હાથમાં છે.

૯. જીવનના બે પાઠ, એક જ સમજણ

'ના' કહેતા શીખવાથી આપણે પોતાનાં સમય અને સ્વમાનનું રક્ષણ કરીએ છીએ. 'ના' સાંભળતા શીખવાથી ધીરજ, પરિપક્વતા અને બીજાની સ્વતંત્રતાનો આદર કરતા શીખીએ છીએ.

જીવનમાં યાદ રાખવા જેવી ત્રણ વાતો :

દરેકને ખુશ રાખવા માટે 'હા' ન કહો.

દરેક 'ના'ને પોતાનું અપમાન ન માનો.

દરેક નિષ્ફળતાને અંત નહીં, શીખવાની તક માનો.

જીવનમાં માત્ર 'હા' મેળવવાની આવડત પૂરતી નથી; યોગ્ય સમયે 'ના' કહેવાની હિંમત અને 'ના' સાંભળ્યા પછી ફરી ઊભા થવાની તાકાત પણ એટલી જ જરૂરી છે.

ગામ : નવીનાર, મો : ૯૮૨૧૦ ૭૫૭૦૧

આજના ડિજિટલ યુગમાં પૉડકાસ્ટ, માહિતી અને જ્ઞાન મેળવવાનું એક લોકપ્રિય અને અસરકારક માધ્યમ બની રહ્યું છે. પૉડકાસ્ટ એટલે વિવિધ વિષયો પર ઑડિયો કે વિડિયો સ્વરૂપે રજૂ થતી ચર્ચા. મુલાકાત કે માહિતીપ્રદ કાર્યક્રમ. તેમાં નિષ્ણાતોના વિચારો, અનુભવો અને માર્ગદર્શન સરળ ભાષામાં જાણવા મળે છે. પૉડકાસ્ટની ખાસિયત એ છે કે તેને આપણી અનુકૂળતા મુજબ ગમે ત્યારે સાંભળી કે જોઈ શકાય છે. ઝડપી બદલાતા આજના સમયમાં પૉડકાસ્ટ માત્ર માહિતી મેળવવાનું જ નહીં, પરંતુ નવા વિચારો જાણવા, સમજણ વિકસાવવા અને જીવનમાં ઉપયોગી બાબતો શીખવાનું પણ મહત્વપૂર્ણ માધ્યમ બની રહ્યું છે.

આ માધ્યમની ઉપયોગિતા ધ્યાનમાં રાખીને શ્રી કચ્છી વીસા ઓસવાળ સેવા સમાજ (ક. વિ. ઓ. સેવા સમાજ) દ્વારા પૉડકાસ્ટની એક નવી પહેલ કરવામાં આવી રહી છે. આ પહેલ અંતર્ગત શિક્ષણ, કારકિર્દી, આરોગ્ય, ટેકનોલૉજી, વ્યવસાય, નાણાકીય સમજ, પારિવારિક સંબંધો તથા રોજિંદા જીવનને સ્પર્શતા વિવિધ રસપ્રદ અને ઉપયોગી વિષયો પર નિષ્ણાતો અને અનુભવી વ્યક્તિઓ સાથે ચર્ચાઓ રજૂ કરવામાં આવશે. આ પ્રયાસનો મુખ્ય હેતુ સમાજના દરેક વર્ગ અને દરેક વયના લોકો સુધી ઉપયોગી જ્ઞાન અને માર્ગદર્શન પહોંચાડવાનો છે, જેથી માત્ર KVO સમાજ જ નહીં, પરંતુ સમગ્ર જનતા આ પહેલનો લાભ મેળવી શકે. પૉડકાસ્ટ માટે youtube.com/kvosevasamaj ટાઈપ કરી અને ક.વિ.ઓ. સેવા સમાજની આપણી પોતાની ચેનલને લાઈક, સબ્સ્ક્રાઈબ અને શેર કરવા વિનંતી.

પગ મેં ભમરી



✳ લીલાધર હાંસબાઈ માણેક ગડા-અધા ✳

ભિખારીઓના ડૉક્ટર

આજથી ત્રણેક વર્ષ અગાઉ 'પગમેં ભમરી'માં મેં પુનાનાં ડૉક્ટર દંપત્તી ડૉ. મનીષા અને ડૉ. અભિજિત સોનવણે વિષે આર્ટિકલ લખ્યો હતો. પ્રતિષ્ઠિત આંતરાષ્ટ્રીય એન.જી.ઓ.નો વાર્ષિક રૂપિયા એક કરોડનો પગાર, ગાડી, વિશાળ રહેઠાણની નોકરી ઠુકરાવી પુનામાં રસ્તા પર ભીખ માગનારાઓની સેવા અને સારવાર માટે જીવન સમર્પિત કરનાર સોનવણે ડૉક્ટર દંપતી ત્યાર પછી ત્રણ વર્ષમાં પુનામાં ભિખારીઓ માટે જે જે કાર્યો કરતાં રહ્યાં છે તેની નોંધ બહુ લાંબી છે. એમનાં કાર્યોમાં જે જે મદદરૂપ થાય છે તેમને તેઓ પ્રતિ મહિને નિયમિતપણે માસિક રિપોર્ટ મોકલાવે છે, જે વાંચી આ ડૉક્ટર દંપતી માટે અનન્ય માન ઊપજે છે.

છેલ્લા દોઢ વર્ષથી એમણે પોતાનું જીવન ભિખારીઓ, ત્યક્તાઓ અને ઘરથી વિમુખ થયેલા ઘરવિહોણા માટે અર્પણ કર્યું છે. સશક્ત ભિખારીઓને ભીખ માગવાનું છોડી કામકાજ કરવાનું સમજાવે છે અને જો કોઈ ભિખારી તૈયાર થાય તો તેમને માટે કોઈ કામ શોધી આપે છે. તે અગાઉ તેવા કામ માટે ભિખારીને જરૂરી તાલીમ આપવાનું કામ પણ કરે છે. તેઓ ઈચ્છે છે કે પુનાની આસપાસ કોઈ જગ્યા મળી જાય તો કામ કરવા ઈચ્છુક ભિખારીઓ કે ત્યક્તાઓને તાલીમ આપવા માટે વર્કશોપ શરૂ કરવું છે.

છેલ્લા એક વર્ષથી એમણે બીમાર ભિખારીઓની શુશ્રૂષા કરવાનું, એમને દવાઓ આપવાનું, એમનાં લૅબોરેટરી પરીક્ષણો કરાવવાનું, જરૂરી જણાય તો હૉસ્પિટલમાં દાખલ કરવાનું અને બીમારીના સમયકાળ દરમ્યાન ભોજન આહારનો પ્રબંધ કરી આપવાનું શુભ કાર્ય હાથ ધર્યું છે. એમની સાથે થોડા સ્વયંસેવકો પણ જોડાયા છે. ભિખારીઓનાં બાળકોને ભણાવવાનું કામ પણ સ્વયંસેવકો મારફત કરે છે. બે બાળકો ગ્રેજ્યુએશન સુધી પહોંચશે.

અશક્ત ભિખારીઓનાં બાળકો જેઓ ભણવામાં હોશિયાર નથી, તેમને નાની-મોટી ચીજોનું વેચાણ કરવા, ફેરી કરવા માટે જરૂરી સાધનો લઈ આપે છે. ક્યાંક કોઈને મ્યુનિસિપલ કાઉન્સિલની રહેમદિલીથી નાની હાટડી શરૂ કરી આપે છે. દરેક નાના કામનું મહત્ત્વ બહુ મોટું હોય છે. **એક વખત બેઉ હાથે ભીખ લેવાતી હતી તેને બદલે એક હાથ ફૂલ, અગરબત્તી, કપૂર જેવી ચીજો મંદિરમાં જનાર ભાવિકોને આપે છે અને બીજો હાથ એ જણાસોની કિંમત વસૂલ કરે છે.** ડૉ. સોનવણે દંપતી કોઈકનો સ્વમાનભર્યું જીવન જીવતાં શિખવાડે છે અને એના બદલામાં આનંદ તો અવશ્ય મેળવે છે, પણ ગાંઠના ગોપીચંદ પણ કરવા પડે છે.

ડૉ. અભિજિતની કહાની દર મહિને વૉટ્સ ઍપ પર આવે છે જેનું શીર્ષક છે **2 Doctors For Beggars.** આ સંદેશો વાંચતા ક્યારેક આંખે અશ્રુ આવે છે, ક્યારેક મસ્તક ઝૂકી પડે છે. ઓલિયાને મનોમન વંદન કરાય છે. ક્યારેક આપણો હાથ કશુંક આપવા લંબાય છે. નવાં કાર્યો, નવા અનુભવો, નવી કથનીઓ, નવા પડકારો, નવા માર્ગો.... અને ડૉક્ટર સોનવણે દંપતીની સફર વણથંભી ચાલ્યા કરે છે.

કોવીડ મહામારીની કથા બહુ જ કપરી છે. આવન-જાવન ઓછી હોવાથી ભિખારીઓને અનુદાન ઓછું મળતું હતું એટલે એમને ખાવાના સાંસા પડતા હતા. આ સંજોગોમાં ડૉક્ટર દંપતીએ દુકાનદાર પાસેથી રાશન ઉછીનું લઈ એમને આપ્યું. કોવીડના રસીકરણ માટે આધારકાર્ડ, રાશનકાર્ડ, રહેઠાણનો દાખલો જરૂરી હતાં જે ભિખારીઓ પાસે નહોતાં. આથી ભિખારીઓનું રસીકરણ થતું ન હતું. ડૉ. અભિજિતે આ અંગે વર્તમાનપત્રમાં લેખ લખ્યો અને માગણી કરી કે એમને કોવીડની રસી કોઈ પણ જાતના ડોક્યુમેન્ટ વગર આપવામાં આવે. આ બાબત દૂરદર્શન પર આવી પરંતુ તે અગાઉ ઘણા ભિખારીઓને પોતાના સંબંધીઓ તરીકે જણાવી કોવીડ રસી મુકાવી હતી. કોવીડ દરમ્યાન રાશન, પાણી, દવા, રસીકરણ સર્વ માટે ડૉ. અભિજિતને લગભગ રૂા. પાંચેક લાખનો ખર્ચ આવ્યો અને સર્વ રકમ શ્રીમતી અનુશ્રી ભીડે નામની મહિલાએ પોતા પર લઈ લીધી. અનુદાન ક્યાંથી આવશે તેની ચિંતા કર્યા વગર ડૉકટર અભિજિત કામ હાથમાં લઈ લે છે અને કોઈકના મનમાં રામ વસી જાય છે... અનુદાન મળી રહે છે.

હવે કામ વધતું જાય છે. ખાસ કરીને ભિખારીનાં પરિવારનાં સર્વગ્રાહી પુનર્વસનનું કામ બહુ અઘરું છે અને એ માટે ખર્ચ પણ ઘણો આવ છે. એમનાં બાળકોનું શિક્ષણ, કપડાં, ભોજન સર્વની વ્યવસ્થા ગોઠવવાની રહે છે. કેટલાંક ભિખારીઓને Chronic બીમારી હોય છે જે માટે સારવારનો, હૉસ્પિટલનો ખર્ચ મોટો આવે છે. ડૉક્ટર અને થોડાક શુભેચ્છકોએ સાથે મળી સોહમ ટ્રસ્ટ બનાવ્યું છે, પરંતુ મોટું અનુદાન મળતું નથી. ડૉક્ટર માગણી કરવામાં સંકોચ અનુભવે છે. આ સંજોગોમાં ડૉક્ટર પોતાની ગુડવીલ ઉપર ઉધારી કરી અનાજ-રાશન મેળવે છે. Chronic બીમાર ભિખારીના હોનહાર બાળક માટે ભણતર-અભ્યાસની વ્યવસ્થા કરે છે. કામને કોઈ મર્યાદા નથી, પરંતુ ઉધારીને મર્યાદા હોય છે અને ત્યારે નછૂટકે ડૉ. સોનવણે સહૃદયીઓ પાસે વાત મૂકે છે અને હાથ લંબાવે છે. સેંકડો હાથ લંબાય નહીં તે માટે ડૉક્ટર દંપતી પોતાના હાથ લંબાવે છે.

હમણાં હમણાં વાત આવી અને જાણવા મળ્યું કે ડૉ. અભિજિતે પર્સનલ લોન લીધી છે અને પોતાની પત્ની ડૉ મનીષાના દાગીના ગીરવે મૂકી રાશન અને હૉસ્પિટલનાં બિલો ચૂક્વ્યાં છે. આ હકીકત તેમણે કોઈને જણાવી નથી. રકમ રૂપિયા દસ લાખથી વધારે છે.

કચ્છના કલાકોરોને માટે તાલીમશાળા બનાવવા ભારમલ સંજોટે પોતાના પરિવારનાં ઘરેણાં બૅન્કમાં ગીરવે મૂકી મૂડી ઊભી કરી હતી. આ વાત મેં પગમેં ભમરીમાં લખી હતી અને પગંદડીના વાચકોએ ટીપેટીપે સરોવર ભરી દીધું હતું. પગદંડીના વાચકોની દરિયાદિલીના દાખલા

અગાઉ પણ નોંધાયા છે. છોટા ઉદેપુરના આદિવાસી તાલુકા કવાંટના ગામે ભેખડિયાની આદિવાસી હૉસ્ટેલ માટે તથા મિત્તલ પટેલના સંઘર્ષના દિવસોમાં તંબુશાળાઓ માટે પગદંડીના વાચકો વરસી પડ્યા હતા. ડૉ. અભિજિત સોનવણેનું કામ પણ એટલું મહત્ત્વનું છે. એક પેઢીને ભીખ માગવાના વ્યવસાયમાંથી બહાર કાઢવા તન, મન અને ધનથી કાર્ય કરે છે, સંઘર્ષ કરે છે. આપણે ડૉ. અભિજિત સોનવણે અને ડૉ. મનીષા સોનવણેને યથાશક્તિ મદદ કરી એમની પડખે ઊભા રહીએ.

ડૉ. અભિજિત સોનવણે - ૯૮૨૨૨૬૧૩૫૭
Social Health and Medical Trust
Bank of India, Pashan Road, Pune
A/c. No. 0516 20110000547
IFSC Code BKID0000516

અનુદાન મોકલનારે ડૉક્ટર સોનવણેને વૉટ્સઍપ પર નામ, સરનામું અને PAN CARD No. અવશ્ય મોકલવા.

મો.: ૯૮૭૯૫૦૬૦૫૯

પગદંડીને તમારો અવાજ આપો !


પગદંડી માત્ર અમે લખીએ અને તમે વાંચો એવું સામયિક નથી; એ આપણા સૌના વિચારો અને લાગણીઓનું પ્રતિબિંબ છે. દર મહિને પગદંડી વાંચતાં કંઈક ગમતું હશે; કંઈક ન પણ ગમતું હોય. કોઈ લેખ વિચારતા કરી મૂકતો હશે, તો ક્યારેક કોઈ વિષયનો અભાવ પણ લાગતો હશે. આ બધું અમને જણાવો.

શું ગમ્યું શું ન ગમ્યું, શું વાંચવા ઈચ્છો છો એ પણ લખો, માત્ર પ્રશંસા નહીં, રચનાત્મક ટીકા પણ આવકાર્ય છે. પ્રશંસા પ્રોત્સાહન આપે છે, જ્યારે ટીકા અને સૂચનો સુધારાની દિશા બતાવે છે. બે વાક્ય હોય કે બે પાનાં, તમારો અભિપ્રાય અમૂલ્ય છે. ઈ-મેઈલ, વોટ્સએપ કે પત્ર તમને અનુકૂળ હોય એ માધ્યમથી લખો.

પગદંડી કેવી છે એનો સાચો નિર્ણય વાચકો જ કરી શકે; અને એને વધુ સારી બનાવવામાં પણ વાચકોની જ સૌથી મોટી ભૂમિકા છે. પગદંડી તમારી છે. એને વધુ સારી બનાવવાની તક પણ તમારા હાથમાં છે. આ વખતે પગદંડી વાંચીને માત્ર પાનું ન ફેરવાતા, તમારો અભિપ્રાય જરૂર મોકલજો ! મોકલવા માટે

પોસ્ટ - પગદંડી, શ્રી ક. વિ. ઑ. દેરાવાસી મહાજન વાડી,
ત્રીજે માળે, ૯૯/૧૦૧, કેશવજી નાયક રોડ, મુંબઈ - ૪૦૦ ૦૦૯.
વોટ્સએપ - ૯૮૯૨૮૧૫૩૬૭ (ફોન નહીં. માત્ર મેસેજ માટે)
ઈમેલ - pagdandi@kvoss.org

ઘરના ઓટલેથી



❋ ગુલાબ પાનબાઈ રવજી દેદિયા ❋

ઘરના ઓટલે બેઠો છું. ઘરની આગળ ઓટલા બનાવવા એ પણ કેવી અદ્‌ભુત સમજ હશે ! ઘર અંદર શેરીમાં, બહાર ઓટલો. બીજાં બધાં કામકાજ તો ઘરમાં થાય પણ અડોશપડોશ સાથે મેળાવડો, વાતો, ગોષ્ઠિ તો ઓટલે બેસીને જ થાય.

વિદ્યા માટે સરસ સુભાષિત છે :

'ન ચોરહાર્યં ન ચ રાજહાર્યં ન ભ્રાતૃભાંજ્યં ન ચ ભારકારિ।
વ્યયે કૃતે વર્ધત એવં નિત્યં વિદ્યાધનં સર્વધનપ્રધાનમ્ ।।

જેને ચોર ચોરી શકતો નથી, રાજા ઝૂંટવી શકતો નથી, ભાઈઓ વચ્ચે વહેંચી શકાતું નથી અને જેનો કોઈ ભાર લાગતો નથી, જેને વાપરવાથી (બીજાને વહેંચવાથી) તે હંમેશા વધતું જ રહે છે, એવા વિદ્યારૂપી ધન તમામ ધનોમાં શ્રેષ્ઠ છે.

બરાબર, ઓટલા માટે આ જ સુભાષિત માપસર બેસે છે. સુભાષિતમાં કહ્યું છે તે બધું જ ઓટલાને પણ બંધબેસતું થાય છે.

સૂરજ પશ્ચિમ તરફ વળ્યો છે. પડાછાયા પૂર્વ તરફ વળ્યા છે. એક એવો સમય હતો, વડીલો પડછાયા જોઈને સમયનો અંદાજ લગાવી શકતા હતા.

માણસને પોતાની વસ્તુઓ પ્રિય લાગે એ સ્વાભાવિક છે. તેમ દરેકને પોતાનું ઘર પ્રિય લાગે છે. ઘર નાનું કે મોટું, જૂનું કે નવું, નળિયાવાળું કે અગાશીવાળું નથી હોતું. ઘર તો ઘર જ હોય છે.

આપણે મુસાફરીએ જઈએ ત્યારે ઈચ્છાઓ કહે, અમે સાથે આવીશું, આવોને ભઈ ! સપનાં કહે અમે પણ સાથે આવવાના ! અડચણો, પીડાઓ કહે અમારો શો વાંક ! અમે પણ તમારી હારે જ આવવાની.

એક જ વસ્તુ છે જે કહે છે : સંભાળીને જજો. વહેલા વહેલા પાછા આવજો. હું તમારી રાહ જોઈશ. મારે સાથે નથી આવવું. એ આપણું ઘર હોય છે.

હું ઓટલે બેસીને લખી રહ્યો છું. નવો, મજાનો અનુભવ છે. આખી લાંબી શેરી શાંત છે. કોઈ અવરજવર નથી. ઘણાં બધાં ઘર બંધ છે, જે એક સમયે ધબકતાં, ગાજતાં, હણહણતાં હતાં. બધું જ સમયની બલિહારી છે. ઘરનાં બારી-બારણાં કે સાંકળના વિશિષ્ટ અવાજો મને ગમે છે.

અંદરના ઓરડામાં એક ઓછી ઊંચાઈવાળું બારણું છે. દર વખતે ત્યાં નમીને જવું પડે છે. એ અનુભવ મજાનો છે. આપણને કોઈ નમવાનો પાઠ શીખવે એ તો ગમે જ ને ! ઓગણીસ વખત નમીને ચાલું, પણ વીસમી વખત ભૂલ થઈ તો માથું ભટકાય છે. અહંકાર આ શીખવે છે.

શેરીની ધૂળ તો આહ્‌લાદક છે. સુંવાળી વસ્તુઓ ઘણી હોય છે. રેશમ, મલમલ, વગેરે, પણ શેરીની ધૂળ જેવી સુંવાળપ બીજે ક્યાં મળે ? ખુલ્લા પગે ચાલવાનો આનંદ છે.

સાંજે કુંજળીઓ હારબંધ ઊડતી દેખાય છે. નિરભ્ર આકાશ સ્મિત કરે છે. સંધ્યા ખીલે છે.

ઓટલે મેળાવડાની મજા છે તેમ એકલા બેસવાની પણ અનેરી મજા છે. આ શબ્દોનો સાથ છે. શેરીના ઓટલા મને લખતો જોઈને અચરજ પામે છે. વર્ષો પહેલાં આ જ ઓટલા પર નિશાળનું લેસન કર્યાનું યાદ આવે છે. ઝટપટ લેસન લખીને રમવા જવાની ઉતાવળ યાદ આવે છે.

સમય આવશે અને જશે, ઓટલા કાયમ રહેશે.

મો. ૯૮૨૦૬૧૧૮૫૨

ચાર્લી ઍન્ડ ધ ચૉકલેટ ફૅક્ટરી



❋ રાજન ભાનુબેન કાંતિલાલ ધરોડ ❋

એક સુંદર વાર્તા જે બાળકો કરતાં મોટાઓને પણ ઘણું શીખવે છે.

ચૉકલેટની દુનિયા અને એક અનોખી વાર્તા

ચૉકલેટનું નામ સાંભળતાં જ બાળકોથી માંડીને મોટાઓના ચહેરા પર સ્મિત આવી જાય છે. આજે ચૉકલેટ સામાન્ય વસ્તુ બની ગઈ છે, પરંતુ એક સમય એવો હતો જ્યારે તે મોંઘી અને માત્ર સમૃદ્ધ વર્ગને પરવડે એવી વસ્તુ ગણાતી. સમય જતાં ઉત્પાદનની નવી પદ્ધતિઓ વિકસી અને ચૉકલેટ સામાન્ય લોકો સુધી પહોંચવા લાગી. ચૉકલેટની આ મીઠી દુનિયાએ સાહિત્યને પણ એક યાદગાર કૃતિ આપી.

ઈ.સ. ૧૯૬૪માં બ્રિટિશ લેખક રોઆલ્ડ ડાલે ***ચાર્લી ઍન્ડ ધ ચૉકલેટ ફૅક્ટરી*** નામની નવલકથા લખી. બાળકો માટે લખાયેલી આ વાર્તા એટલી લોકપ્રિય બની કે તેના પરથી ૧૯૭૧ અને ૨૦૦૫માં ફિલ્મો પણ બની, પરંતુ આ વાર્તાની વિશેષતા માત્ર તેની લોકપ્રિયતા કે ચૉકલેટની અદ્‌ભુત દુનિયા નથી. તેની અંદર છુપાયેલો જીવનસંદેશ આજે પણ એટલો જ પ્રસ્તુત છે.

ગરીબ ઘરનું સમૃદ્ધ બાળક

આ વાર્તાનું મુખ્ય પાત્ર ચાર્લી નામનો એક નાનકડો છોકરો છે. ચાર્લી અત્યંત સામાન્ય અને આર્થિક મુશ્કેલીઓનો સામનો કરતા પરિવારમાં રહે છે. ઘરમાં માતા-પિતા અને ચાર વૃદ્ધ દાદા-દાદી તથા નાના-નાની છે. પરિવારની આવક એટલી ઓછી છે કે ઘણી વાર પૂરતું ભોજન મેળવવું પણ મુશ્કેલ બને છે.

ચાર્લીને ચૉકલેટ ખૂબ ગમે છે, પરંતુ ઘરની પરિસ્થિતિ એવી છે કે વર્ષમાં માત્ર એક જ વાર, જન્મદિવસે તેને ચૉકલેટ મળે છે. આટલી અછત વચ્ચે પણ ચાર્લી ફરિયાદ કરતો નથી. તે પરિવારના સભ્યોને પ્રેમ કરે છે, વડીલોનો આદર કરે છે અને પોતાની પાસે જે છે તેમાં સંતોષ માનવાનો પ્રયત્ન કરે છે.

પાંચ સોનેરી ટિકિટો અને એક મોટું સ્વપ્ન

ચાર્લીના ઘરની નજીક એક વિશાળ અને રહસ્યમય ચૉકલેટની ફૅક્ટરી આવેલી છે. તેના માલિક એક અસાધારણ શોધક અને ઉદ્યોગપતિ છે. તેમની ફૅક્ટરીમાં જાતજાતની ચૉકલેટો બને છે, પરંતુ અંદર શું ચાલે છે તે કોઈ જાણતું નથી.

એક દિવસ ફૅક્ટરીના માલિક જાહેરાત કરે છે કે તેમની ચૉકલેટનાં પૅકેટોમાં પાંચ સોનેરી ટિકિટો છુપાવવામાં આવી છે. જે પાંચ બાળકોને આ ટિકિટો મળશે, તેમને ફૅક્ટરીની મુલાકાત લેવાની અનોખી તક મળશે. આ જાહેરાત થતાં જ ચૉકલેટ ખરીદવાની હોડ મચી જાય છે. બાળકો પોતાનાં માતા-પિતા પાસે વધુ ને વધુ ચૉકલેટ ખરીદવાની માગણી કરવા લાગે છે.

ચાર્લી પણ આ તક મેળવવાનું સ્વપ્ન જુએ છે, પરંતુ

તેની પાસે વારંવાર ચૉકલેટ ખરીદવા જેટલા પૈસા ક્યાંથી હોય? સંજોગવશાત તેને પણ એક સોનેરી ટિકિટ મળી જાય છે. ચાર્લી માટે તો જાણે જીવનનું સૌથી મોટું સ્વપ્ન સાકાર થયું હોય ! નક્કી કરેલા દિવસે તે પોતાના વૃદ્ધ દાદા સાથે ફૅક્ટરી જોવા પહોંચે છે.

અદ્‌ભુત ફૅક્ટરી અને ચાર બાળકોની ચાર નબળાઈઓ

ફૅક્ટરીની અંદરનું દૃશ્ય જોઈને બધાં બાળકો આશ્ચર્યચકિત થઈ જાય છે. ક્યાંક ચૉકલેટની નદી વહે છે, ક્યાંક અવનવી મીઠાઈઓ બને છે, તો ક્યાંક એવી અદ્‌ભુત શોધો જોવા મળે છે જેની કોઈએ કલ્પના પણ ન કરી હોય, પરંતુ આ મુકાલાત માત્ર મોજમજાની નથી. ફૅક્ટરીના માલિક બાળકોને નિયમોનું પાલન કરવાની સૂચના આપે છે. અહીંથી આ વાર્તા એક પછી એક જીવનપાઠ શીખવવા લાગે છે.

પહેલું બાળક ખાવાનું એટલું શોખીન છે કે ચૉકલેટની નદી જોઈને પોતાની લાલચ રોકી શકતું નથી. ચેતવણી છતાં ચૉકલેટ પીવા જતાં તે મુશ્કેલીમાં મુકાય છે.

બીજી બાળકી પોતાને બધાથી ચડિયાતી માને છે. તેને દરેક બાબતમાં આગળ રહેવું છે. મનાઈ હોવા છતાં એક પ્રયોગાત્મક ચ્યુઈંગ ગમ ચાવતાં તેને ભારે મુશ્કેલી વેઠવી પડે છે.

ત્રીજી બાળકી અત્યંત લાડકોડમાં ઊછરી છે. તેને જે જોઈએ તે તરત મળવું જ જોઈએ. ફૅક્ટરીમાં એક ખાસ ખિસકોલી મેળવવાની જીદ કરતાં તે પણ મુશ્કેલીમાં ફસાઈ જાય છે.

ચોથો છોકરો આખો દિવસ ટેલિવિઝન અને મનોરંજનમાં ડૂબેલો રહે છે. નવી ટેક્નૉલૉજીનો પ્રયોગ પોતાની રીતે અજમાવવા જતાં તે પણ મુશ્કેલીમાં મુકાય છે.

આ ચારેય બાળકોની પરિસ્થિતિ જુદી છે, પરંતુ તેમની ભૂલનું મૂળ એક જ છે - પોતાની ઈચ્છા પર સંયમનો અભાવ. લાલચ, અભિમાન, જીદ અને અતિશય મનોરંજનની ઘેલછા-આ ચાર નબળાઈઓ તેમને મુશ્કેલીમાં મૂકે છે.

ચાર્લીની સાચી ઓળખ

આ બધાની વચ્ચે ચાર્લી શાંતિથી પોતાના દાદા સાથે ફૅક્ટરીની મુલાકાત લે છે. તેને પણ ચૉકલેટ ગમે છે. તેને પણ અજાયબીઓ જોવાનો આનંદ થાય છે. તેની પણ ઈચ્છાઓ છે, પરંતુ તે પોતાની ઈચ્છાઓને કાબૂમાં રાખવાનું જાણે છે. ફૅક્ટરીની મુલાકાત પૂરી થતાં માલિક સમજે છે કે ચાર્લી બીજાં બાળકો કરતાં જુદો છે. તે નમ્ર છે, પરિવારને પ્રેમ કરે છે અને સંપત્તિ કરતાં સંબંધોને વધુ મહત્ત્વ આપે છે.

માલિક વૃદ્ધ થઈ રહ્યા છે અને પોતાની ફૅક્ટરી માટે યોગ્ય વારસદાર શોધી રહ્યા છે. આખરે તેઓ ચાર્લીને પોતાની વિશાળ ફૅક્ટરીના ઉત્તરાધિકારી બનાવવાનું નક્કી કરે છે. કલ્પના કરો! જે બાળકને વર્ષમાં માત્ર એક જ ચૉકલેટ મળતી હતી તેને હવે આખી ચૉકલેટ ફૅક્ટરીનો માલિક બનવાની તક મળી છે! પરંતુ અહીં વાર્તા એક અત્યંત મહત્ત્વનો વળાંક લે છે.

સંપત્તિ મોટી કે પરિવાર?

૨૦૦૫ની ફિલ્મમાં ફૅક્ટરીના માલિક ચાર્લીને એક શરત મૂકે છે - જો તેણે ફૅકટરીનો વારસદાર બનવું હોય, તો પોતાના પરિવારને છોડીને ફૅક્ટરીમાં રહેવું પડશે. ચાર્લી સામે જીવનની સૌથી મોટી પસંદગી ઊભી થાય છે.

એક તરફ અકલ્પનીય સંપત્તિ, વૈભવ અને સફળતા છે. બીજી તરફ તેનો ગરીબ, પરંતુ પ્રેમાળ પરિવાર છે. ચાર્લી ક્ષણનો પણ વિલંબ કર્યા વિના પરિવારને પસંદ કરે છે. તે સ્પષ્ટપણે જણાવે છે કે પોતાના પરિવારને છોડીને મળતી સંપત્તિ તેને સ્વીકાર્ય નથી.

ફૅક્ટરીનો માલિક આ નિર્ણયથી આશ્ચર્યચક્તિ થઈ જાય છે. ચાર્લીનો પરિવારપ્રેમ તેમને પોતાના જીવન વિશે વિચારવા પ્રેરે છે. આખરે તેઓ પોતાની શરત બદલે છે અને ચાર્લીને પરિવાર સાથે જ ફૅક્ટરીની જવાબદારી સંભાળવાની તક આપે છે.

અહીં એક બાબત ખાસ નોંધવા જેવી છે. મૂળ નવલકથામાં ફૅક્ટરીનો વારસો અને પરિવારને સાથે રાખવાનો પ્રસંગ અલગ રીતે રજૂ થયો છે. પરિવારને છોડવાની શરત અને ચાર્લીનો તેનો અસ્વીકાર એ ૨૦૦૫ની ફિલ્મમાં રજૂ થયેલો વિશેષ પ્રસંગ છે.

આ વાર્તા આપણને શું શીખવે છે ?

પ્રથમ પાઠ-સંતાનને બધું આપવું એટલે સારો ઉછેર નહીં

આજે ઘણા પરિવારોમાં બાળકોની દરેક ઈચ્છા પૂરી કરવાનો પ્રયત્ન થાય છે. બાળકને કોઈ વસ્તુની ખોટ ન પડે એ સ્વાભાવિક લાગણી છે, પરંતુ દરેક માગણી તરત પૂરી થતી રહે તો બાળક ધીરજ, સંયમ અને મર્યાદાનું મહત્ત્વ કેવી રીતે સમજશે ? બાળકને પ્રેમ આપવો જરૂરી છે, પરંતુ યોગ્ય સમયે 'ના' કહેવું પણ તેના ઘડતરનો જ એક ભાગ છે.

બીજો પાઠ-સંપત્તિ કરતાં સંસ્કાર વધુ મહત્ત્વના છે.

વાર્તાનાં ચાર બાળકોને ભૌતિક સુવિધાઓની ખોટ નથી, પરંતુ તેમના વર્તનમાં કેટલીક ગંભીર ખામીઓ છે. બીજી તરફ ગરીબ ચાર્લી પાસે મર્યાદિત સાધનો છે, છતાં તેની પાસે નમ્રતા, સંતોષ અને પરિવારપ્રેમ છે. આપણે બાળકોને સારું શિક્ષણ, સારી કારકિર્દી અને આર્થિક સમૃદ્ધિ મળે એ માટે પ્રયત્ન કરીએ છીએ, પરંતુ તેની સાથે તેઓ સારા માણસ બને એ માટે પણ એટલી જ કાળજી લેવી જોઈએ.

ત્રીજો પાઠ-માત્ર સફળ થવું નહીં, યોગ્ય પસંદગી કરતાં પણ શીખવું

જીવનમાં ઘણી તકો મળે છે, પરંતુ દરેક તક સ્વીકારવી જરૂરી નથી. ક્યારેક મોટી સફળતા મેળવવા માટે પોતાની પ્રાથમિકતાઓ સાથે સમાધાન કરવાનું આવે છે. ચાર્લીની પસંદગી આપણને યાદ અપાવે છે કે સફળતાની કિંમત માત્ર તેનાથી મળતા પૈસાથી નહીં, પરંતુ તેના માટે આપણે શું છોડવું પડે છે તેનાથી પણ માપવી જોઈએ.

આજના પરિવારો માટે એક વિચાર

આ વાર્તા વાંચતાં આપણને પોતાના પરિવારો તરફ નજર કરવાની જરૂર છે. આજે માતા-પિતા સંતાનોને ઉત્તમ શિક્ષણ આપવા, સારી કારકિર્દી બનાવવામાં મદદ કરવા અને આર્થિક રીતે પગભર કરવા માટે ખૂબ મહેનત કરે છે. આ બધું આવશ્યક છે. પરંતુ આ દોડમાં બાળકો સાથે વાતચીત કરવાનો, તેમની સાથે સમય વિતાવવાનો અને તેમને જીવનમૂલ્યો સમજાવવાનો સમય ઓછો થતો જાય તો તે ચિંતાનો વિષય છે.

ઘણી વાર બાળકોને મોંઘી ભેટ કરતાં માતા-પિતાનો સમય વધુ જરૂરી હોય છે. વડીલોને ભૌતિક સગવડો કરતાં પરિવારનો સાથ વધુ આનંદ આપે છે. પરિવાર સાથે બેસીને ભોજન કરવું, વડીલોના અનુભવો સાંભળવા અને એકબીજાની લાગણીઓ સમજવી - આવી નાની નાની બાબતો જ સંબંધોને મજબૂત બનાવે છે.

સંયુક્ત પરિવાર હોય કે નાનો પરિવાર, એક જ ઘરમાં રહેવું કે જુદાં શહેરોમાં રહેવું - સંબંધોની સાચી ઓળખ માત્ર સાથે રહેવામાં નથી, પરંતુ એકબીજા માટે સમય, આદર અને લાગણી રાખવામાં છે.

આજની પેઢીને આગળ વધતા અટકાવવાની જરૂર નથી. તેને જીવનમાં ઊંચાઈઓ સર કરવા પ્રોત્સાહિત કરવી જ જોઈએ. સાથે એ સમજાવવું પણ જરૂરી છે કે સફળતા મેળવવાની દોડમાં પરિવાર અને માનવીય મૂલ્યોની અવગણના ન થવી જોઈએ.

બાળકોને વાર્તા આપો, માત્ર ઉપદેશ નહીં

બાળકોને સંસ્કાર શીખવવા માટે હંમેશાં લાંબા ઉપદેશોની જરૂર નથી. સારી વાર્તા ઘણી વાર એવો પાઠ શીખવી જાય છે જે વર્ષો સુધી યાદ રહે છે. ચાર્લી ઍન્ડ ધ ચૉકલેટ ફૅક્ટરી જેવી કૃતિ બાળકોને વાંચવા આપવી, પરિવાર સાથે તેની ફિલ્મ જોવી અને ત્યાર બાદ તેમાં રહેલા સંદેશ વિશે ચર્ચા કરવી એ પણ કેળવણીનો સુંદર માર્ગ બની શકે છે.

બાળકને પૂછીએ કે ***ચાર્લી બીજાં બાળકો કરતાં કેવી રીતે જુદો હતો ? ચાર બાળકોની ભૂલમાંથી શું શીખવા મળ્યું ? અને જો આપણે ચાર્લીની જગ્યાએ હોત તો શું પસંદ કર્યું હોત ?***

આવા પ્રશ્નો બાળકને તૈયાર જવાબ આપવાને બદલે જાતે વિચારવા પ્રેરે છે. વડીલો માટે પણ આ વાર્તા એક યાદ અપાવે છે - આપણે સંતાનો માટે કેટલી સંપત્તિ ભેગી કરી એ જેટલું મહત્ત્વનું છે, એટલું જ મહત્ત્વનું એ છે કે તેમને કેવા સંસ્કારનો વારસો આપ્યો.

ગામ : લુણી,
મો.: ૯૮૨૦૫ ૩૫૨૭૧

મુલચંદ લાલજી એન્ડ કું.

MULCHAND LALJI & CO.

Importers & Wholesale Dealers in:

One Side Coated Paper, Wet Strength Paper, Mettalized Paper, Glassine Paper, CCK Paper

Admn. Office : 229/231, Perin Nariman (Bazar Gate) Street, 1st Flr., Fort, Mumbai-400 001.

Phone: (+91-22) 2261 7273 • 2261 7878 • 2261 7299 • **Fax:** 2261 1207

Email : info@mulchandlalji.co • **Mobile :** +91 98201 27299

Shop & Reg. Office : 202/203, Bora Bazar Street, Near Jain Temple, Fort, Mumbai-400 001.

પર્વતો, પેડલ અને પડકાર



❋ ડૉ. શિરીષ ભાનુમતીબેન ચુનીલાલ માલદે ❋

બચપણમાં ટ્રાઈસિકલ અને પછી બાઈસિકલ એ હમેશાં ફેવરિટ સ્પોર્ટ એક્ટિવિટી રહી છે. પાંચમા ધોરણથી સ્કૂલની અવરજવર સાઈકલ ઉપર થતી હતી. ત્યારબાદ જુનિયર કૉલેજ અને મેડિકલ કૉલેજમાં સાઈકલ લગભગ છૂટી ગઈ હતી. પછી બાળકોને સાઈકલ શીખવી અને અપાવી. પણ સાઈકલિંગની હોબીનો એક સિરિયસ એક્સરસાઈઝ તરીકે ૨૦૧૮માં પુનર્જન્મ થયો.

એક સોફેસ્ટિકેટેડ કાર્બન બૉડી, વજનમાં હળવી તેવી રોડ સાઈકલ ઉપર લાંબા અંતરની સાઈકલિંગ નિયમિત રીતે થવા લાગ્યું. મુંબઈમાં ખાડારહીત રસ્તાની કમી, ભયજનક ટ્રાફિક અને રાઈડ માટે વિવિધ રૂટનો અભાવ જેવાં કારણોને માત કરીને વહેલી સવારે વેસ્ટર્ન એક્સપ્રેસ હાઈવે પર ૫૦થી ૬૦ કિલોમીટરની રાઈડથી સંતોષ માનવો પડતો. વીક ઍન્ડમાં સમયની ઉપલબ્ધિ અનુસાર મુંબઈ અને આસપાસના પરિસરમાં 100 Km કે તેથી વધુ રાઈડ શક્ય બનતી.

વિવિધ કારણોસર બહારગામ જવાનું થાય ત્યારે તે પરિસરમાં સાઈકલિંગ કરવા મળે તો કેટલું સારું એવા વિચાર મનમાં આવે. બોરીવલી ઘરથી લગભગ 410 કિલોમોટર સ્થિત સ્ટેચ્યૂ ઑફ યુનિટી બે દિવસમાં પેડલિંગ કરીને પહોંચવાનો પડકાર સફળતાપૂર્વક ઝીલ્યો હતો.

હવે નજર હતી પર્વતીય ક્ષેત્રમાં સાઈકલિંગ કરવાની. મનાલી-લેહ અને શ્રીનગર-લેહ, આ બંને રૂટ મોટરસાઈકલિંગ અને સાઈકલિંગ માટે પણ જાણીતા છે. બંનેમાંથી છેવટે પસંદગી શ્રીનગરની થઈ. સપોર્ટિંગ એજન્સી MTB કાશ્મીરની પસંદગી કરીને ઑગસ્ટ મહિનાનો બેચ નક્કી કરી ૫ થી ૧૩ સપ્ટેમ્બરના બેચમાં જોડાયો. હવે ચઢાણવાળી (uphill) સાઈકલિંગ માટે પ્રૅક્ટિસ શરૂ થઈ. મહિનામાં લગભગ ૨૦ દિવસ દહિંસર ચેકનાકાથી ફાઉન્ટન હોટલ સુધી અને ગોરાઈ ઉત્તન માર્ગ પર ચઢાઈની પ્રૅક્ટિસ કરી.

ત્રણ દાયકા જેટલા સમયથી શ્રીનગર સ્થિત ઘનિષ્ઠ મિત્ર ડૉ. મસરૂર વાની સાથે સમય ગાળવો હતો અને શ્રીનગર-જમ્મુ રેલ્વે માર્ગ પર વિશ્વના સૌથી ઊંચા અને એન્જિનિયરિંગ માર્વેલ સમા ચેનાબ બ્રિજ પર સફર કરવી હતી. આ બે કારણોસર રિપોર્ટિંગના બે દિવસ પહેલાં શ્રીનગર પહોંચી ગયો.

૫ સપ્ટેમ્બરના રિપોર્ટિંગ કર્યું ત્યારે મુંબઈ, સુરત, ચિપલુણ, દિલ્લી, કેરળ, કોરબા વગેરેથી આવેલ અન્ય ટીમ મેટ્સને મળ્યો. ૨ બ્રિટિશર્સ સાથે ૧૦ જણનું ગ્રુપ થયું. ઓળખવિધિ બાદ બધાને સાઈઝ પ્રમાણે સાઈકલ એલોટ કરવામાં આવી. ઊંચાઈ પ્રમાણે સીટ એડ્જસ્ટ કરીને ટ્રાયલ રાઈડ માટે અમે નીકળી પડ્યા. શ્રીનગરની ભૂગોળ અને રસ્તાથી સારો એવો પરિચિત હોવાથી બદામબાગ કેન્ટોન્મેન્ટથી ગુપકર રોડ, દાલ લેકના

કિનારે હજરતબાલ દરગાહ સુધી અને ડાઉન ટાઉન એમ મળીને લગભગ ૩૦ કિલોમીટર સાઈકલિંગ થયું. શ્રીનગરમાં સાઇક્લિંગની ઈચ્છા પૂર્ણ થઈ. મોડી સાંજે આખી રાઈડ માટે બ્રિફિંગ થયું. નેક્સ્ટ દિવસથી શરૂ થતી રાઈડ માટે તૈયારી કરી સૂઈ ગયા.

દિવસ ૧ : શ્રીનગરથી સોનમર્ગ

સવારે ૬.૩૦ વાગે શ્રીનગરની ઓળખ એવા લાલ ચોકમાં હાથમાં તિરંગો લઈને ફ્લેગ ઓફ્ફ થયું. ચશ્મેશાહી, નિશાત, શાલીમાર વગેરે મોગલ ગાર્ડન્સ પસાર કરીને ગાંધારબલ સુધી 30 km રોડ સમતલ હતો. એક નાનકડો રેસ્ટ બ્રેક લઈને આગળ વધ્યા. હવે ધીમેથી ચઢાઈ શરૂ થઈ રહી હતી. રસ્તાની બંને બાજુ ચોખાનો પાક લગભગ તૈયાર પરિસ્થિતિમાં ઊભો હતો. ઉપર તાજવાસ ગ્લેસિયરથી નીકળતી સિંધ નદીનો એક પ્રવાહ અમારી જોડાજોડ ચાલતો હતો. ગુંડ નામના ગામ પાસે મોટો બ્રેક લીધો. સફરજન, કેળા અને ખજૂર અમને શક્તિ- સ્ફૂર્તિ પૂરી પાડતાં હતાં. વાતાવરણ સૂકું હોવાથી પરસેવો નહોતો નીકળતો.

ધીમી ગતિએ પણ મક્કમ રીતે ચઢાઈ કરતા કંગન નામના ગામની આસપાસ બપોરે ૨ વાગે ઢાબામાં લંચ માટે બેઠા. જમણ અને આરામનો લગભગ એક કલાકનો બ્રેક લઈ આગળ વધતા ગયા. અખરોટની સિઝન હોવાથી લોકોને વૃક્ષ પરથી લીલા અખરોટ ઉતારતા જોયા જેને સુકવતા છાલ ઊતરી જાય અને કડક આવરણ છતું થાય. આગળ સોનમર્ગ ટનલથી રસ્તો ટૂંકો અને આસાન હતો, પણ સાઈકલને તે રસ્તે જવાની છૂટ નહોતી, તેથી અમે જૂના રસ્તા પર ઘાટ ઓળંગીને સોનમર્ગ ખીણ પ્રદેશમાં પ્રવેશ્યા. ગરમીને લીધે બધા ત્રાસી ગયા હતા, પણ પડાવ નજીક આવતો જોઈ જોશભેર આગળ વધતા હતા. છેવટે સવા પાંચ વાગે સોનમર્ગ પહોંચ્યા ત્યારે મોબાઈલમાં સ્ટ્રાવા એપ 96 km બતાવતું હતું. સોનમર્ગની માર્કેટમાં એક કિલોમીટરના ચાર આંટા મારીને સેન્ચ્યુરીનું મૅજિક ફિગર મેળવ્યું. ગરમ પાણીથી સ્નાન કરીને તાજા થયા. સાથીઓ જોડે ગપ્પાગોષ્ઠી થઈ અને ડિનર પતાવીને બીજા દિવસની બ્રીફ મેળવીને સૂઈ ગયા.

દિવસ ૨ : સોનમર્ગથી દ્રાસ

આજનો દિવસ થોડો બિહામણો લાગતો હતો, કારણકે તોતિંગ ઝોજી લા પાસ પાર કરીને કાશ્મીરથી લડાખમાં પ્રવેશ કરવાનો હતો. સાઈકલના ટાયરની હવા, ચેન, બ્રેક કૅબલ અને ડિસ્ક ચકાસીને રાઈડ શરૂ થઈ. આ તકેદારી રોજ લેવાતી. શરૂઆતથી જ સતત 27 km એકધારું ચઢાણ હતું. ધીમી ગતિએ આગળ વધતા હતા. ૧૬ કિલોમીટર રહીને અમરનાથ યાત્રાનો બેઝ કૅમ્પ બાલતાલ પસાર કર્યો. હવે ચઢાણ વધુ આકરું હતું. બંને બ્રિટિશ સાથીઓ સૌથી આગળ હતા. બે સાથીઓ અત્યંત હાંફી જવાથી સાઈકલને મેક્સીવેનમાં નાખીને ગાડીમાં બેસી ગયા અને એક સાથીના પ્રેશર ઘણા વધી ગયા. આમ તો બધા જ લાંબા અંતરના સાઈકલિંગના અનુભવી હતા, છતાં પહાડ પર અનપેક્ષિતપણે આ ત્રણ સાથીઓને સપોર્ટ લેવો પડ્યો.

ઝોજી લા પર્વત ઉપર આર્મીની ૧૨૩ ઈન્ફ્રંટ્રી બટાલિયન દ્વારા સંચાલિત મહાદેવ મંદિરમાં દર્શન કર્યા અને તેમના દ્વારા ચલાવવામાં આવતા છોલે-ભટુરે-ખીરના ભંડારામાં પ્રસાદ ગ્રહણ કર્યો.

નિયમિતપણે રિફ્રેશમેન્ટ અને આરામ માટે બ્રેક લેતા લગભગ ૧ વાગે ટોપ પર (11,600 ફૂટ) પહોંચ્યા. ત્યાં સેલ્ફી પૉઈન્ટ પર ફોટોગ્રાફ લીધા અને ઘાટ પસાર કરવાનો નાનકડો ઉત્સવ મનાવ્યો. ખડી ચઢાઈ કર્યા પછી હવે 18 kmનું ઢોળાણ (Downhill)માં વળતર મળવાનું હતું. ટાંટિયા તોડ્યા વગર સતત ઊતરતા હતા, પણ સાઈકલ પર કંટ્રોલ અને સાવચેતી બહુ જરૂરી હતી. સરાસરી 60 થી 70 kmphની ગતિ સહજ આવી જતી હતી જે ક્યાંક 80 kmથી પણ વધતી હતી. એક નાનકડી ભૂલ મોટો અકસ્માત સર્જી શકે તેમ હતું. હવે અમે લડાખના કારગિલ જિલ્લામાં પ્રવેશ્યા હતા. ઢોળાવ પત્યા પછી લંચ કરીને થોડુંક ચઢાણ તો થોડુંક ઉતરાણ એમ કરતાં આખા દિવસના કુલ 73 km કાપી વિશ્વના બીજા નંબરના માનવવસ્તીવાળા સૌથી ઠંડા શહેર દ્રાસ પહોંચ્યા.

દિવસ ૩ : દ્રાસથી કારગિલ

આખા પ્રવાસની આ ટૂંકામાં ટૂંકી રાઈડ (54 km)નો દિવસ હતો. આજની રાઈડમાં ઓછું ચઢાણ હતું. રસ્તાની બંને બાજુ જરદાલુના બગીચાઓ હતા. લોકલ ભાષામાં તેને ખુમાની કહે છે. કારગિલ શહેર આવતા પહેલાં દ્રાસ નદી અને સુરુ નદીનો સંગમ આવે છે. કારગિલ સુરુ નદીના બંને કાંઠે વસેલું આ વિસ્તારનું સૌથી મોટામાં મોટું શહેર છે.

કારગિલ યુદ્ધનું રણમેદાન દ્રાસ હતું. કારગિલ વૉર મેમોરિયલ અહીંયાં જ છે. ૧૯૯૯માં પાકિસ્તાન, ખાસ કરીને મુશર્રફની દગાખોરી અને વિશ્વાસઘાતની યાદ અપાવતું અને ભારતીય આર્મીના જવાનોનું સર્વોચ્ચ બલિદાન અને સમર્પણ દર્શાવતું આ મેમોરિયલ જોઈને ગદગદ થઈ ગયા. કૅપ્ટન સૌરભ કાલિયા, વિક્રમ બત્રા, યોગેન્દ્ર યાદવ જેવાં નામ જાણીતાં થયાં. ૫૫૦થી વધુ અનામી સૈનિકોની શહાદત અને ૧૫૦૦થી વધુ સૈનિકો ગંભીર રીતે ઘાયલ થયા બાદ તોલોલિંગ, ટાઈગર હિલ, પૉઈન્ટ 4875, પૉઈન્ટ 5140 જેવા ભારતીય જવાનોના રક્તથી રંજિત અનેક પહાડો આપણે પાછા મેળવ્યા હતા જે અમારી નજર સમક્ષ હતા.

દિવસ ૪ : કારગિલથી બુધખરબુ

કારગિલમાં પૂરતો આરામ લઈ તાજા માજા થઈને ચોથા દિવસની પડકારજનક રાઈડ માટે સજ્જ થયા. વ્હીકલનો સપોર્ટ લીધેલ ત્રણ સાથીઓ ચઢાઈ વખતે ગાડીમાં બેસી જતા અને ઢોળાવ આવે તો સાઈકલ સવારી કરતા હતા. રાઈડ ન કરી શકવા માટે થોડો ક્ષોભ અનુભવતા હતા. લડાખમાં પ્રવેશ્યા બાદ રાત્રે પારો 2-3°C સુધી જતો, પણ દિવસના તડકામાં કોઈ રાહત નહોતી.

ઝોજી લાથી પણ ઊંચું નમકી લા પાસ (12,400 ફૂટની ઊંચાઈ) આજે પાર કરવું હતું. ચઢાણ હવે ધીમે ધીમે આત્મસાત થતું હોય એવું લાગતું હતું. કોઈ પણ પ્રકારના એનર્જી ડ્રિંક, કાર્બ સપ્લીમેન્ટ વગર ફક્ત કેળા, સફરજન અને ખજૂરથી જોઈતી શક્તિ મેળવી લેતા હતા. 14 km ઢોળાવની મજા માણ્યા બાદ ફરીથી ચઢાણ આવ્યું. પૂરતો આરામ લઈને મુલબેક થઈને ધીમે ધીમે બુધખરબુ નામના નાના ગામમાં એક સાદા ગેસ્ટ હાઉસમાં ઉતારો લીધો ત્યારે 72 kmની રાઈડ થઈ હતી.

દિવસ ૫ : બુધખરબુથી નૂરલા

ડગલે ને પગલે લડાખમાં નવા લૅન્ડસ્કેપ આવતા હતા જે નજરમાં અને કૅમેરામાં સ્ટોર થતા હતા. આજે આગળના બધા પહાડોથી ઊંચું ફોટુલા પાસ (13,700 ફૂટ) પાર કરવું હતું. મોટરસાઈકલ સવારોના ધાડાંનાં ધાડાં બંને તરફ પસાર થતાં હતાં. વચ્ચે લામાયુરુ મોનાસ્ટરી અને મૂનલૅન્ડ પર ખાસો એવો બ્રેક લીધો. આ ભાગમાં રોડ બે ઊંચા ખડકાળ પર્વતમાળાની વચ્ચે નદીના સાનિધ્યમાંથી પસાર થતો હતો. છેવટે ખલત્સે પાર કરી 68 km કાપી નુરલામાં સફરજનના બાગ વચ્ચે સ્થિત ગેસ્ટ હાઉસમાં પહોંચ્યા.

દિવસ ૬ : નુરલાથી લેહ

સસપોલથી પહેલું ચઢાણ પાર કર્યા બાદ નિમ્મુ પાસે બીજું ચઢાણ હતું જે ઘણું કપરું હતું. ખોરાક, પાણી સાથે નિયમિત બ્રેકના સહારે સિંધુ-ઝંસ્કાર નદીનો સંગમ, મેગ્નેટિક હિલ પાસ કર્યા બાદ લગભગ બપોરે ૨ વાગ્યે ગુરુદ્વારા પથ્થર સાહેબ પહોંચ્યા. લંગરમાં સાત્વિક ભોજન ગ્રહણ કર્યું. અહીંયાં સ્ટ્રોંગ હેડવિન્ડ અમારી માટે ઘણો અવરોધ નિર્માણ કરતા હતા. ઉગ્ર તડકામાં ઘણા થાકી ગયા હતા. નાનકડું ચઢાણ પણ મુશ્કેલ લાગતું હતું. લેહના ઝાંપામાં સ્પિટુક મોનાસ્ટરી પાસ કર્યા બાદ હૉલ ઑફ ફેમ અને ઍરપોર્ટ સુધી પહોંચીને મોટો બ્રેક લીધો, કારણકે આગળ લેહમાં અમારું ગેસ્ટ હાઉસ મુખ્ય શહેરથી થોડે દૂર શાંતિ સ્તુપની બાજુમાં ઊંચાઈ પર આવેલ હતું. ડિહાઈડ્રેશન, પ્રખર તડકો, થાકને લીધે છેલ્લા 6 km પાર કરવા લગભગ કલાક લાગ્યો. આમ સફરનો એક પડાવ પૂર્ણ થયો. સ્ટ્રાવા એપ 89 km દર્શાવતું હતું.

દિવસ ૭ : લેહથી ખારદુંગ લા ટોપ

રોજ ચઢાણના વધતા પડકારની આજે પરાકાષ્ઠા હતી. 11,500 ફૂટથી 18,000 ફૂટ સુધી 38 kmનું એકધારું ચઢાણ હતું. અચાનક મોસમ બદલવાની અને ઉપર વાતાવરણમાં ઑક્સિજનની કમી હોવાની શક્યતા હતી.

શરૂઆતમાં છ કિલોમીટર કાચો ધૂળિયો રસ્તો હતો, પણ પછી ડામરનો સરસ રસ્તો આવતા ધરપત થઈ. પૂરતા પોષણ અને રેસ્ટ સાથે મંજિલ તરફ આગળ વધતા હતા. બધા પડકારો ઝીલીને ગ્રુપના સાતમાંથી અમે પાંચ જણે 4.10 pmના ટૉપ સર કર્યું. એવરેસ્ટ બેઝ કૅમ્પ પણ લગભગ આટલી જ ઊંચાઈએ છે. બધો થાક એક ક્ષણમાં ઉતરી ગયો. 2°C માં સેલિબ્રેશન થયું. મોબાઈલ નેટવર્ક અત્યંત નબળું હોવાથી વીડિયો કૉલ થકી કુટુંબીજનોને સામેલ ન કરી શક્યો. લગભગ ૨૦ મિનિટ ટોપ ઉપર ગાળીને રિટર્ન જર્ની સ્ટાર્ટ કરી અને ૭ વાગ્યે લેહ હોટલ પહોંચ્યા. ફ્રેશ થયા બાદ સેલિબ્રેશનનો બીજો રાઉન્ડ શરૂ થયો અને એક પડકારજનક, રમણીય, યાદગાર પેડલિંગ રાઈડ પૂર્ણ થઈ. ૭ દિવસમાં લગભગ 560 km અંતર કાપીને લગભગ 10,500 મીટરનું એલિવેશન મેળવ્યું હતું.

અસલી મજા તો હજી બાકી હતી. પાછો ઘરે પહોંચ્યો ત્યારે પત્ની લીના અને બંને દીકરીઓ દ્વારા સરપ્રાઈઝ ભવ્ય સ્વાગત થયું તે શ્રેષ્ઠ ક્ષણ હતી. મારી રાઈડને અહીં શબ્દોથી કંડારવી મુશ્કેલ છે. આ રાઈડના દિવસ પ્રમાણે ફોટો અને વીડિયો મારી facebook વોલ પર ઉપલબ્ધ છે જે બધા માટે ઓપન છે અને યાદગાર સફરની જ થોડીક યાદગાર ક્ષણો પગદંડીના આ અંકના કવર પેજને પણ સજાવી રહી છે.

મો. : ૯૮૬૯૦૩૦૮૦૯



શિષ્ટાચાર, સભ્યતા, સુસંસ્કારિતા અને આપણે...

પરેશ કેસરબેન ગાંગજી શાહ (નિઃશબ્દ)

તમે કોઈની સાથે અગત્યની વાત કરવા જાઓ, પણ તેના ચહેરા પર પ્રસન્નતા ન હોય કે તમારી વાત સાંભળવાની તૈયારી ન દેખાય, તો તમને કેવું લાગે? તમે કંઈક કહેવા માગતા હો, પણ સામેની વ્યક્તિ તમને બોલવા જ ન દે, તો તમે તેના વિશે શું વિચારો? લોકો વચ્ચે નિરર્થક નિંદા, ગોસિપ અને અશિષ્ટ ભાષાનો ઉપયોગ થતો હોય, તો એ વાતાવરણને સભ્ય કહી શકાય? મહેમાન તરીકે ગયા હો અને તમારું યોગ્ય અભિવાદન પણ ન થાય, તો મનમાં કેવી લાગણી જન્મે? આવા રોજિંદા પ્રસંગોમાં જ માણસની રીતભાત અને સંસ્કારશીલતાની સાચી ઓળખ છુપાયેલી છે.

યુરોપના રાજવી પરિવારો અને ભારતનાં દેશી રજવાડાંમાં બાળકોને નાનપણથી સમજાવવામાં આવતું કે તેમનું વર્તન માત્ર તેમની વ્યક્તિગત ઓળખ નહીં, પરંતુ તેમના પરિવાર અને વંશપરંપરાનું પણ પ્રતિબિંબ છે. સામાન્ય પરિવારોમાં પણ સારી રીતભાત મોટા ભાગે ઘરના વાતાવરણ, વડીલોના વર્તન અને બીજાઓનું નિરીક્ષણ કરીને શીખાતી હોય છે.

આપણે ઘણી વાર માણસની ઓળખ તેનાં કપડાં, સંપત્તિ, હોદ્દા કે સામાજિક પ્રતિષ્ઠાથી કરીએ છીએ, પરંતુ માણસને ખરેખર ઓળખવો હોય તો તેના બાહ્ય આવરણથી આગળ વધવું પડે. તેની રીતભાત અને બીજા માણસો પ્રત્યેનો અભિગમ સમજવો પડે, શિષ્ટાચાર માત્ર નિયમોનું પાલન નથી; એ માણસનાં ઉછેર, ખાનદાની અને અંતરમાં રહેલા સારાપણાની અભિવ્યક્તિ છે.

ખાનદાની શબ્દ સાંભળતા ઘણી વાર સમૃદ્ધ કુટુંબ અને સામાજિક પ્રતિષ્ઠાની છબી ઊભી થાય છે. પરંતુ ખાનદાનીનો સાચો માપદંડ મિલકત નહીં, સંસ્કાર છે. મોટું ઘર વારસામાં મળી શકે, પરંતુ મોટું મન કેળવવું પડે છે. એ માટે મનની શુદ્ધતા જરૂરી છે. ખાનદાનીનો સંબંધ સંપત્તિ સાથે નહીં, સંસ્કાર સાથે છે, સભ્યતા સાથે છે.

પોતાના કરતાં નાની ઉંમરની વ્યક્તિને પણ માનથી સંબોધવી, ઘર કે કાર્યસ્થળે કામ કરતી વ્યક્તિની લાગણીનું મૂલ્ય સમજવું, એમની વાતને સાંભળવી અને સ્વીકારવી, કોઈની મજબૂરીનો લાભ ન લેવો અને પોતાની ભૂલ હોય તો ખેલદિલીથી સ્વીકારવી, આ સભ્યતા અને ખાનદાનીનાં સાચાં સ્વરૂપો છે. એ દેખાડવા કોઈ મહેનત નથી કરવી પડતી.

જે વ્યક્તિ શક્તિશાળી માણસ સામે નમ્ર હોય, પરંતુ નબળી સ્થિતિમાં રહેલા માણસ સાથે તોછડાઈથી વર્તે, તેની નમ્રતા કદાચ સ્વાર્થનું બીજું નામ છે, નર્યો દેખાડો છે. સબકોન્શિયસ માઈન્ડમાં પણ નમ્રતા અને શાલીનતા સહજ રીતે ટપકે એનું નામ સુસંસ્કારિતા. માણસનો સાચો દરજ્જો તેની સામે કોણ ઊભું છે એના કરતાં, સામેની વ્યક્તિ સાથે તે કેવું વર્તન કરે છે એના પરથી નક્કી થાય છે.

સારો ઉછેર એટલે સંવેદનશીલતા

બાળકોને વડીલોનું માન રાખવું, મહેમાનોનું અભિવાદન કરવું, નમ્રતાથી વાત કરવી અને ભૂલ થાય તો માફી માગવી શીખવીએ છીએ, પરંતુ આ નિયમો પાછળની ભાવના સમજાવવી વધુ જરૂરી છે. બાળક માત્ર વડીલો સામે શિસ્ત જાળવે, પરંતુ ઘરકામમાં મદદ કરતી વ્યક્તિ સાથે તોછડાઈથી વર્તે, તો તેના ઉછેરમાં ક્યાંક ખામી રહી ગઈ છે એવું ચોક્કસ લાગે. સારો ઉછેર માત્ર શું કરવું અને શું ન કરવું તેની યાદી આપવી એમ નહીં; પરંતુ બીજાની લાગણી, સમય અને સ્વમાનનું મૂલ્ય સમજવું એવું સ્પષ્ટપણે ગણાય.

માતાપિતાના ઉપદેશ કરતાં તેમનું વર્તન બાળક પર વધુ ઊંડી છાપ છોડે છે. ઘરમાં વડીલો એકબીજા સાથે કેવી રીતે બોલે છે, મતભેદ વખતે કેવો સ્વર અપનાવે છે અને પોતાની ભૂલ થાય ત્યારે કેવી પ્રતિક્રિયા આપે છે... આ બધું બાળકો માટે જીવંત પાઠશાળા સમાન છે. એટલે બાળકોને સંસ્કારી બનાવવાની શરૂઆત કરતાં પહેલાં આપણે પોતાના વર્તનનું નિરીક્ષણ કરવું જોઈએ, આત્મમંથન કરવું જોઈએ.

સભ્યતાની ખરી કસોટી

માણસની રીતભાતની સાચી કસોટી અનુકૂળ સંજોગોમાં નહીં, પરંતુ અસહજ પરિસ્થિતિઓમાં થાય છે. કોઈ આપણી સાથે અસંમત થાય, આપણી વાત ન માને કે આપણી અપેક્ષા પ્રમાણે વર્તે નહીં, ત્યારે આપણે કેવો પ્રતિભાવ આપીએ છીએ? કોઈ કર્મચારીથી ભૂલ થાય ત્યારે તેને સમજાવીએ છીએ કે તેનું અપમાન કરીએ છીએ?

સાચી સભ્યતા એ છે કે અવગણના, ટીકા કે અસુવિધા વચ્ચે પણ આપણે શબ્દોની મર્યાદા જાળવી શકીએ. આનો અર્થ અન્યાય સહન કરવો એવો નથી. પોતાની વાત દૃઢતાથી રજૂ કરવી અને જરૂર પડે ત્યારે કડક નિર્ણય લેવો પણ જરૂરી છે, પરંતુ કડકાઈ અને કઠોરતા વચ્ચેનો તફાવત સમજવો જોઈએ. સાચી રીતભાત એટલે પોતાનો અવાજ દબાવી દેવો નહીં, પરંતુ અવાજ ઊંચો કર્યા વિના પોતાની વાત અસરકારક રીતે રજૂ કરવી.

બીજાના સ્વમાનની જાળવણી

કોઈ વ્યક્તિ ભૂલ કરે ત્યારે તેને સુધારવી જરૂરી હોઈ શકે છે, પરંતુ તેને સુધારવાની રીત પણ એટલી જ મહત્ત્વની છે. સૌની સામે ભૂલ ઉઘાડી પાડવાથી વ્યક્તિ શરમ અનુભવે; જ્યારે એકાંતમાં પ્રેમથી સમજાવવાથી તે પોતાની ભૂલ સ્વીકારી શકે અને સંબંધની ગરિમા પણ જળવાઈ રહે.

સામેની વ્યક્તિને સુધારવી, પરંતુ તેને તોડી નાખ્યા વિના; પોતાની વાત સમજાવવી, પરંતુ બીજાને નીચા પાડ્યા વિના, આ જ સાચી સંસ્કારશીલતા છે. ઉંમર, હોદ્દો, સંપત્તિ કે શિક્ષણ ગમે તે હોય, દરેક વ્યક્તિને પોતાનું સ્વમાન મસમોટું હોય છે... પ્રિય હોય છે. આપણે પોતાની સાથે જેવું વર્તન ઈચ્છીએ, એવું જ વર્તન બીજાની સાથે કરવાનો વિચાર કેળવવો જોઈએ.

નમ્રતા પણ આ જ સંસ્કારનું એક સ્વરૂપ છે. નમ્રતા એટલે પોતાની ક્ષમતાને નકારવી નહીં, પરંતુ તેનો અહંકાર ન કરવો. પોતાની ભૂલ સ્વીકારવામાં સંકોચ ન અનુભવવો અને બીજાને શ્રેય આપવાથી પોતાની સિદ્ધિ નાની થતી નથી એ સમજવું.

સારાપણું દેખાડામાં નહીં, વર્તનમાં છે

જાહેરમાં દાન આપવું, મોટા કાર્યક્રમો યોજવા કે માનવતાની વાતો કરવી સારી બાબતો છે, પરંતુ માણસના સારાપણાની સાચી ઓળખ એવા પ્રસંગોમાં થાય છે, જ્યારે કોઈ તેને જોઈ રહ્યું ન હોય.

બીજાની નબળાઈનો લાભ ન લેવો, કોઈની અંગત વાતનો વિશ્વાસ જાળવવો, ગેરહાજર વ્યક્તિની નિંદા ન કરવી અને પોતાની ભૂલનો દોષ બીજા પર ન ઢોળવો, આ બધા સંસ્કારશીલતાનાં સાચાં સ્વરૂપો છે.

માત્ર માફી માગવી પૂરતી નથી; પોતાના વર્તનમાં પરિવર્તન લાવવું પણ જરૂરી છે. સૌજન્યતા ક્ષણિક હોઈ શકે, પરંતુ સંસ્કાર સાતત્યપૂર્ણ વર્તનમાં પ્રગટે છે. સારાપણું કોઈ પ્રસંગ માટે પહેરેલો પોશાક નથી; તે વ્યક્તિત્વનો સ્વભાવ છે.

આજના સમયમાં શિષ્ટાચારની જરૂર

ટેક્નૉલૉજીના યુગમાં સંદેશા સેકન્ડોમાં પહોંચે છે, પરંતુ સંવાદમાં સંયમ અને સંબંધોમાં સંવેદનશીલતાની જરૂરિયાત ઓછી થઈ નથી.

કોઈ વાત કરતું હોય ત્યારે વારંવાર મોબાઈલ જોવો, સામે બેઠેલી વ્યક્તિની અવગણના કરવી કે સામાજિક માધ્યમો પર બીજાની લાગણીનો વિચાર કર્યા વિના લખી નાખવું, આ પણ રીતભાતના જ પ્રશ્નો છે.

આધુનિકતા અને સંસ્કાર વચ્ચે કોઈ વિરોધ નથી. સાચી આધુનિકતા એ છે કે આપણે સમય સાથે આગળ વધીએ અને સાથે સાથે બીજાની સ્વતંત્રતા, લાગણી અને સ્વમાનનો આદર પણ જાળવીએ.

અંતે માણસ પાછળ શું છોડી જાય છે ?

જીવનમાં કેટલી સંપત્તિ ભેગી કરી, કેટલા હોદ્દા મેળવ્યા કે કેટલા લોકો સાથે ઓળખાણ હતી, તેનો હિસાબ થઈ શકે, પરંતુ આપણા સંપર્કમાં આવેલા કેટલા લોકોને માન મળ્યું, કેટલાને મુશ્કેલીના સમયે હૂંફ મળી અને કેટલાને પોતાની ભૂલ સુધારવાની તક મળી, એનો હિસાબ માંડવો અત્યંત મુશ્કેલ છે.

આપણે સૌએ ક્યારેક કોઈની નમ્રતાનો અનુભવ કર્યો હશે. તેણે કોઈ મોટો ઉપકાર ન કર્યો હોય, છતાં તેની સાથે વાત કરીને સારું લાગ્યું હોય; કારણકે તેણે આપણી વાત ધ્યાનથી સાંભળી હોય, આપણા મતને મહત્ત્વ આપ્યું હોય કે આપણી ભૂલને એવી રીતે સમજાવી હોય કે આપણું સ્વમાન જળવાઈ રહે.

આવા અનુભવો સમજાવે છે કે માણસને યાદગાર બનવા માટે અસાધારણ બનવાની જરૂર નથી. સામાન્ય વ્યવહારમાં અસાધારણ સંવેદનશીલતા દાખવવી પૂરતી બની રહે છે. સારી રીતભાત માણસને શિષ્ટ બનાવે છે, સારો ઉછેર તેને સંસ્કારી બનાવે છે અને બીજાના સ્વમાન પ્રત્યેની સંવેદનશીલતા તેને ખરા અર્થમાં ખાનદાની બનાવે છે.

કારણકે સાચી ખાનદાની એ નથી કે લોકો આપણને જોઈને પ્રભાવિત થાય; સાચી ખાનદાની એ છે કે લોકો આપણી સાથે રહીને પોતાનું ગૌરવ જાળવી શકે અને કદાચ એ જ રીતભાતની પાછળ રહેલી સંસ્કારશીલતાનો સૌથી સુંદર અર્થ છે.

- મોટા આસંબિયા
મો. ૯૮૨૦૧૪૫૧૪૩

આપણા સમાજની પ્રતિભા – મિથિલ બીજલ રાજુ દેઢિયા



સંકલનઃ સૂર્યકાંત અમૃતબેન દામજી કક્કા

ગઢસીસાના યુવાનની એવરેસ્ટ સુધીની સાહસયાત્રા

માણસના જીવનમાં સપનાં જોવા જેટલું જ મહત્ત્વનું છે તે સપનાં સાકાર કરવા માટેની તૈયારી, મહેનત અને ધીરજ. ખાસ કરીને નાની ઉંમરે કોઈ પડકારજનક ક્ષેત્ર પસંદ કરીને તેમાં સતત આગળ વધવું એ નોંધપાત્ર બાબત છે.

કચ્છના ગઢસીસાના વતની અને ઘાટકોપર નિવાસી મિથિલ બીજલ રાજુ દેઢિયાની પર્વતારોહણની સફર આવી જ એક પ્રેરણાદાયી કહાણી છે. ગઢશીશાના ભાનુબેન રમણિકલાલ દેઢિયાના પૌત્ર અને ડુમરાના કાંતાબેન ઉદય ગડાના દોહિત્ર મિથિલને બાળપણથી પ્રકૃતિ અને સાહસિક પ્રવૃત્તિઓમાં રસ હતો.



બાળપણથી સાહસિક પ્રવૃત્તિઓમાં રસ

મિથિલનો ઉછેર રમતગમત અને સાહસિક પ્રવૃત્તિઓમાં રસ ધરાવતા પરિવારમાં થયો છે. બાળપણમાં તે થોડો આંતર્મુખ સ્વભાવનો હતો. સાત વર્ષની ઉંમરે તેનાં માતા-પિતાએ તેને ચિત્રકામ, ફૂટબૉલ અને ટ્રેકિંગ જેવી પ્રવૃત્તિઓમાં ભાગ લેવા પ્રોત્સાહિત કર્યો.

માઉન્ટેન માર્ક્સ દ્વારા આયોજિત રાત્રિ ટ્રેકમાં ભાગ લેવાનો અનુભવ તેના માટે વિશેષ રહ્યો. જંગલમાં રાત વિતાવવી અને પ્રકૃતિની વચ્ચે રહેવું તેના માટે એક નવો અનુભવ હતો. આ પ્રવાસ પછી ટ્રેકિંગ પ્રત્યે તેનો રસ વધતો ગયો.

શનિ-રવિની રજાઓમાં તે નિયમિત ટ્રેકિંગ માટે જવા લાગ્યો. આ પ્રવૃત્તિઓ દ્વારા તેણે શારીરિક સહનશક્તિની સાથે સ્વાવલંબન, પરિસ્થિતિ પ્રમાણે નિર્ણય લેવાની ક્ષમતા અને પોતાનાં કામ જાતે કરવાની ટેવ કેળવી.

તેના પરિવારમાં પણ રમતગમતની પરંપરા છે. પિતા રાજુભાઈએ પાંચ પૂર્ણ મેરેથોન (૪૨ કિ.મી.) અને એક અલ્ટ્રા મેરેથોન (૫૦ કિ.મી.) પૂર્ણ કરી છે. તેના મામાએ દક્ષિણ આફ્રિકાની કોમરેડ્સ મેરેથોન (૯૦ કિ.મી.), સાત પૂર્ણ મેરેથોન અને બે અલ્ટ્રા મેરેથોનમાં ભાગ લીધો છે. તેઓ વ્યાવસાયિક સ્કુબા ડાઈવર પણ છે. મિથિલનાં માતા બીજલબેનને સાઈકલિંગમાં રસ છે. આવા પારિવારિક વાતાવરણ અને પ્રોત્સાહનથી મિથિલને પોતાની પસંદગીના ક્ષેત્રમાં આગળ વધવાની તક મળી.

૨૦૧૮ થી ૨૦૨૧ : પર્વતારોહણનો પાયો

મિથિલે શરૂઆતમાં સ્થાનિક ટ્રેકિંગ ઉપરાંત હિમાલયના વિવિધ વિસ્તારોમાં પર્વતારોહણનો અનુભવ મેળવ્યો. તેની સાહસયાત્રામાં નીચેનાં વર્ષો નોંધપાત્ર રહ્યાં :

૨૦૧૮ : ચોપતા-ચંદ્રશિલા ટ્રેક

૨૦૧૯ : સાંધખ ફુ શિખરનું ટ્રેકિંગ

૨૦૨૦ : કેદારકાંઠા શિખરનું ટ્રેકિંગ

૨૦૨૧ : બુરાન ઘાટી, કાંગ યાત્સે-૨ અને તારસર - મારસર જેવા પર્વતીય વિસ્તારોમાં ટ્રેકિંગ.

આ અનુભવો દ્વારા તેને ઊંચાઈવાળા વિસ્તારોમાં ચાલવાની, બદલાતા હવામાનનો સામનો કરવાની અને શારીરિક તથા માનસિક રીતે તૈયાર રહેવાની સમજ મળી. શાળાના અભ્યાસ સાથે તેણે રમતગમતમાં પણ રસ જાળવી રાખ્યો. વૉલીબૉલમાં શાળાનું પ્રતિનિધિત્વ કર્યું અને ૧૩ વર્ષની ઉંમરે યુનાઈટેડ કિંગડમમાં યોજાનારી ફૂટબૉલની લંડન કપ સ્પર્ધામાં ભાગ લેવા માટે તેની પસંદગી થઈ હતી.

૨૦૨૨ : એવરેસ્ટ બેઝ કૅમ્પ અને એક મોટું સ્વપ્ન

વિવિધ ટ્રેકિંગના અનુભવો મેળવ્યા પછી મિથિલે વધુ ઊંચાઈવાળા પર્વતો માટે તૈયારી શરૂ કરી.

વર્ષ ૨૦૨૨માં ૧૬ વર્ષની ઉંમરે તેણે ૫,૩૬૪ મીટરની ઊંચાઈએ આવેલા એવરેસ્ટ બેઝ કૅમ્પ સુધીની યાત્રા સફળતાપૂર્વક પૂર્ણ કરી.

આ યાત્રા દરમિયાન તેણે વિશ્વના સૌથી ઊંચા શિખર માઉન્ટ એવરેસ્ટને નજીકથી જોયો. આ અનુભવ પછી તેના મનમાં એવરેસ્ટની ટોચ સુધી પહોંચવાનું સ્વપ્ન વધુ મજબૂત બન્યું. ઘરે પરત ફર્યા બાદ તેણે માતા-પિતા સમક્ષ માઉન્ટ એવરેસ્ટ (૮,૮૪૮ મીટર) અને તેની નજીક આવેલા માઉન્ટ લ્હોત્સે (૮,૫૧૬ મીટર) પર ચઢાણ કરવાની ઈચ્છા વ્યક્ત કરી.

શરૂઆતમાં પરિવારને લાગ્યું કે કદાચ આ બેઝ કૅમ્પની યાત્રાથી જન્મેલો ઉત્સાહ હશે, પરંતુ મિથિલની સતત તૈયારી અને મક્કમતા જોઈને માતા-પિતાએ તેને આગળ વધવા પ્રોત્સાહન આપ્યું. સ્વાભાવિક રીતે જ દાદા-દાદી અને નાના-નાની



સહિત પરિવારના વડીલોને તેની સલામતીની ચિંતા હતી. એવરેસ્ટ પરનું અત્યંત ઠંડું હવામાન, હિમપ્રપાત, આાઈસફોલ, ઑક્સિજનની અછત અને ઊંચાઈને કારણે થતી શારીરિક તકલીફો જેવાં જોખમોને અવગણી શકાય તેમ નહોતાં. તેથી આ નિર્ણય માત્ર ઉત્સાહનો નહીં, પરંતુ યોગ્ય તાલીમ, અનુભવ અને જોખમોની સમજ સાથે આગળ વધવાનો હતો.

૨૦૨૩ : એવરેસ્ટ અભિયાનની તૈયારી

એવરેસ્ટ પર ચઢાણ માટે શારીરિક તંદુરસ્તી ઉપરાંત માનસિક સ્થિરતા, ઊંચાઈને અનુકૂળ થવાની તાલીમ, વિશેષ સાધનો, પરવાનગીઓ અને નોંધપાત્ર આર્થિક આયોજન જરૂરી હોય છે. મિથિલે આ તમામ બાબતોને ધ્યાનમાં રાખીને તૈયારી કરી. તેના અભિયાનને પ્રોત્સાહન આપવા દેરાવાસી તથા સ્થાનકવાસી જૈન મહાજન અને સમાજના અન્ય આગેવાનોની ઉપસ્થિતિમાં ધ્વજપ્રસ્થાન અને વિદાય સમારંભ યોજાયો હતો.

ધોરણ ૧૨ની પરીક્ષા પૂર્ણ ક્ર્યા બાદ એપ્રિલ ૨૦૨૩માં મિથિલ એવરેસ્ટ અભિયાન માટે નેપાળ જવા રવાના થયો.

૧૭ મે, ૨૦૨૩ : એવરેસ્ટની ટોચ પર

એવરેસ્ટનું અભિયાન અનેક પડકારોથી ભરેલું હતું. ઊંચાઈ વધવાની સાથે ઑક્સિજનનું પ્રમાણ ઘટતું જાય છે. ઠંડી અને પવનની તીવ્રતા વધે છે તથા પ્રત્યેક પગલું વધુ સાવચેતીથી ભરવું પડે છે. શિખર તરફના અંતિમ ચઢાણ દરમિયાન મિથિલ સાથે રહેલા શેરપાની તબિયત બગડતાં તેમને પાછા ફરવું પડ્યું. ત્યાર બાદ બીજા શેરપાની રાહ જોવી પડી.

અત્યંત ઠંડા વાતાવરણમાં તેની આંગળીઓમાં સુન્નતા અનુભવાવા લાગી. આગળ હિલેરી સ્ટેપ નજીક પહોંચતાં ગૉગલ્સ પર બરફ જામવાથી જોવામાં મુશ્કેલી પડી અને ઑક્સિજનની નળીમાં પણ સમસ્યા ઊભી થઈ. આવી પરિસ્થિતિમાં શારીરિક થાકની સાથે માનસિક દબાણ પણ વધ્યું. શિખર નજીક પહોંચ્યા પછી સાથેના શેરપાએ આપેલા પ્રોત્સાહનથી મિથિલને આગળ વધવાની હિંમત મળી.

આખરે ૧૭ મે, ૨૦૨૩ ના રોજ સવારે આશરે ૯ વાગ્યે મિથિલ માઉન્ટ એવરેસ્ટની ટોચ પર પહોંચ્યો. ત્યાં તેણે ભારતનો રાષ્ટ્રધ્વજ અને સમાજ દ્વારા આપવામાં આવેલો ધ્વજ લહેરાવ્યો. માત્ર ૧૭ વર્ષની ઉંમરે પ્રાપ્ત કરેલી આ સિદ્ધિ તેના માટે અને તેના પરિવાર માટે ગૌરવની ક્ષણ હતી.

એવરેસ્ટ પછીનો સમજદારીભર્યો નિર્ણય

મિથિલે એવરેસ્ટ સાથે માઉન્ટ લ્હોત્સે પર પણ ચઢાણ કરવાનું આયોજન કર્યું હતું, પરંતુ એવરેસ્ટ અભિયાન દરમિયાન તેની આંગળીઓ અને પગના અંગૂઠામાં હિમદાહની અસર થઈ હતી. આ પરિસ્થિતિમાં તેણે સ્વાસ્થ્યને પ્રાથમિકતા આપી અને લ્હોત્સે પર ચઢાણ કરવાનો વિચાર મુલતવી રાખ્યો. આ નિર્ણય પણ તેની પર્વતારોહણ યાત્રાનો એક મહત્ત્વનો ભાગ છે.

સાહસનો અર્થ માત્ર જોખમ ઉઠાવવું નથી; ક્યારે આગળ વધવું અને ક્યારે અટકવું તે સમજવું પણ એટલું જ જરૂરી છે.

અન્ય સિદ્ધિઓ અને સન્માન

એવરેસ્ટ ઉપરાંત મિથિલે વિશ્વના ત્રીજા સૌથી ઊંચા શિખર માઉન્ટ કંચનજંગા (૮,૫૮૬ મીટર) પર ચઢાણ કરવાનો પ્રયાસ પણ કર્યો છે.

તેની પર્વતારોહણની સિદ્ધિને બિરદાવતા ઘાટકોપર કચ્છરત્ન એવૉર્ડથી તેનું સન્માન કરવામાં આવ્યું હતું. આ સન્માન ઍડવોકેટ આશિષ શેલારના હસ્તે આપવામાં આવ્યું હતું.

અભ્યાસ અને આગળની સફર

પર્વતારોહણની સાથે મિથિલે શિક્ષણને પણ મહત્ત્વ આપ્યું છે. હાલમાં તે કૅનેડાના બ્રિટિશ કૉલમ્બિયા પ્રાંતના એબોટ્સફોર્ડ ખાતે આવેલી યુનિવર્સિટી ઑફ ધ ફ્રેઝર વેલીમાં ફાઈન આર્ટ્સ વિષયમાં સ્નાતક અભ્યાસ કરી રહ્યો છે. પર્વતારોહણ અને લલિતકલા-બંને ક્ષેત્રો જુદાં હોવા છતાં તેમાં સર્જનાત્મકતા, એકાગ્રતા, ધીરજ અને સતત અભ્યાસનું મહત્ત્વ રહેલું છે.

યુવા પેઢી માટે પ્રેરણા

મિથિલની સફર આપણને યાદ અપાવે છે કે દરેક બાળકની રુચિ અને ક્ષમતા અલગ હોય છે. કોઈનું મન અભ્યાસમાં, કોઈનું સંગીતમાં, કોઈનું રમતગમતમાં તો કોઈનું સાહસિક પ્રવૃત્તિઓમાં વધુ લાગે છે. સાથે એ સમજવું પણ જરૂરી છે કે મોટાં સપનાં સાકાર કરવા માટે માત્ર ઉત્સાહ પૂરતો નથી. તેના માટે આયોજન, શિસ્ત, મહેનત, નિષ્ણાતોનું માર્ગદર્શન અને પોતાની મર્યાદાઓની સમજ જરૂરી છે.

મિથિલની યાત્રામાં પરિવારનું પ્રોત્સાહન, વર્ષોની તૈયારી, માર્ગદર્શકોનો સહયોગ અને મુશ્કેલ પરિસ્થિતિમાં લીધેલા નિર્ણયો - આ બધાંનું યોગદાન રહ્યું છે. મિથિલને તેની સિદ્ધિઓ બદલ અભિનંદન અને અભ્યાસ તથા ભાવિ સાહસિક પ્રવૃત્તિઓ માટે શુભેચ્છાઓ.

મુલુંડ, બેરાજા
મો. ૯૩૨૦૧૦૪૩૬૫

સેલ સેલ સેલ



❋ રેખા પ્રવીણ જખ્ખુભાઇ નંદુ ❋

ખરીદો ખરીદો ખરીદો એમેઝોન 40% ડિસ્કાઉન્ટ, Flip cart - 60% off, Myantra - 50% off, આજે અહીં સેલ છે તો કાલે ત્યાં exhibition છે, ચારેબાજુ મોબાઈલ કે મીડિયામાં સતત પ્રલોભનો, ડિસ્કાઉન્ટ ઑફરો આપી 'ખરીદીઓ' કરવા પ્રેરિત કરવામાં આવે છે. આજે દરેકેદરેક ઘરમાં રોજના ઓનલાઈન ખરીદીનાં પાર્સલો આવતાં થઈ ગયાં છે. જેમાં યુવા વર્ગ વધારે સક્રિય છે અને વસ્તુ કે પ્રોડક્ટ ન ગમે તો રિટર્ન (પરત) કરવાની પણ સુવિધા હોવાથી યુવક-યુવતીઓ આડેધડ ખરીદી કરતાં થઈ ગયાં છે. એક ક્લિકથી ફક્ત તમને તમારી મનગમતી વસ્તુ ઘરપહોંચ મળી જાય છે અને એક ક્લિકથી પેમેન્ટ પણ થઈ જાય છે. જાણે ખરીદારો માટે સ્વર્ગસમી સુવિધા ઉપલબ્ધ થઈ ગઈ છે, કે પછી ખરેખર તો આપણે વસ્તુઓના 'ગુલામ' બની રહ્યા છીએ.

ફેસબુક પર એક વ્યક્તિના ટી-શર્ટ પર એક લાઈન (પંક્તિ) વાંચવા મળી કે....

" I can afford but the earth can not afford"

ખરેખર ખૂબ જ ગંભીરતાથી વિચારવા જેવી આ લાઈન છે. આપણે કદાચ બહુ પૈસા કમાવી લીધા છે. આજનાં યુવક-યુવતીઓ પગભર થઈ રહ્યાં છે. ફૅશન જગત ફેલાઈ રહ્યું છે, દેખાડા જગત જામી રહ્યું છે ત્યારે ખરેખર જ ખરીદીની શક્તિ તો વધી છે, પણ 'સંયમની શક્તિ' નાશ પામી રહી છે ?

હવે જો ઊંડાણથી વિચારીશું તો આપણા વડીલો કરકસરથી જીવતા હતા, સાદાઈથી જીવતા હતા, ઓછી વસ્તુઓમાં પણ આનંદથી જીવી લેતા હતા, જ્યારે આજે વસ્તુઓની વેરાયટીઓ બ્રાન્ડેડ વસ્તુઓની ઘેલછામાં, સ્ટેટસ સાબિત કરવાની લાલસામાં માણસ કુદરતને કેટલી હાનિ પહોંચાડી રહ્યો છે એની કલ્પના સુધ્ધાં નથી કરતો.

મોંઘવારીની સતત બુમો પાડી રહ્યો છે, પણ જરૂરિયાતોને ઓછી નથી કરી શકતો. ડિપ્રેશનથી પીડાઈ રહ્યો છે, રોગોથી ઘેરાઈ રહ્યો છે, પણ વસ્તુઓથી ડીટેચ (Detach) નથી થઈ શકતો.

હવે વિચારીએ તો એક ટી-શર્ટ પગરખાં, પર્સ બનાવવા પાછળ કેટલાય ગૅલન પાણી, કપાસ (જે જમીનમાં ઊગે છે) અને અનેક પ્રકારના મેટલ કે કેમિકલ્સ વપરાય છે એના પૅકેઝિંગ માટે કાર્ડબોર્ડ, પ્લાસ્ટિકનો બેફામ ઉપયોગ થાય છે. એના Transport માટે પણ ડીઝલ કે પેટ્રોલ જેવા એનર્જીના સ્રોતો વપરાય છે અને જ્યારે આ વસ્તુઓ થોડીક જ વપરાશ પછી ફરીથી ફેંકી દેવાય છે, કારણકે આઉટ ઑફ ટ્રેંડ થઈ ગઈ કે પછી નવી વસ્તુઓ દેખાઈ. આ ફેંકાઈ ગયેલી કે Discard કરેલી ન વપરાયેલી ચીજોથી જમીન, પાણી અને હવા પ્રદૂષિત થાય છે. એક આંકડા પ્રમાણે એક વર્ષમાં 14 Million

ton plastic દરિયામાં ઠલવાય છે જે દરિયાઈ સૃષ્ટિ માટે ઘાતક હોય છે.

આપણે આપણી જરૂરિયાત વધારતા જઈએ છીએ, પણ જમીન, પીવાના પાણીના સ્રોતો શુદ્ધ હવા કુદરતી પદાર્થો, ખનીજો બહુ જ સીમિત છે એનો વિચાર લગીરે કરતા નથી. આપણે સહુ 'ભૌતિકવાદ'ની સીમાઓ ઓળંગી રહ્યા છીએ. હિમાલય કે એવરેસ્ટ પરથી ટનોના ટન કચરો મળે કે પછી દરિયાકિનારે મરેલી માછલીઓના ઢગ મળે એ ન્યૂસમાં સાંભળી, વાંચી ભૂલી જઈએ છીએ. 'ઉસકી સાડી મેરી સાડી સે સફેદ ક્યૂં', 'યે દિલ માંગે મોર'ની માનસિકતામાંથી બહાર આવવા માટે મથામણ કરવી જ પડશે, નહીંતર આપણે જ આપણા હાથે કબર ખોદી છે એ માનવું અસ્થાને નહીં ગણાય.

જાણીતા ગ્રીક ફિલોસોફર સોક્રેટિસને એકવાર એક મોટી દુકાનમાં લઈ જવામાં આવ્યા ત્યારે એમણે બધું જોઈને કહ્યું કે આમાંથી એક પણ વસ્તુ મારા માટે જરૂરી નથી. એના વગર પણ હું આનંદથી જીવી શકું છું.

આપણે સહુએ પણ જાગવાનો સમય આવી ગયો છે. વસ્તુઓનો બદલો લાગણીઓમાં, સંવેદનાઓમાં સુખ શોધીએ, ડિસ્કાઉન્ટ અને સેલનાં પ્રલોભનોમાં અંજાવાના બદલે માનવતાથી અંજાઈએ, દિવાળીની સફાઈમાં 'ડિકલ્ટર'-Diclutter કરીએ, પણ Sustainable lifestyle અને સંતોષી જીવનને પણ અપનાવીએ.

નાના ભાડીયા

મો. : ૯૮૭૦૨ ૫૬૫૬૦

આપના ઘરે, ક.વી.ઓ. સેવા સમાજનું માસિક મુખપત્ર પગદંડી ન આવતું હોય, તો ઉપર આપેલ ક્યૂઆર કોડ સ્કેન કરીને અથવા નીચે આપેલ લિંક પર ક્લિક કરી, આજે જ આપનું લવાજમ ભરો.

cutt.ly/pagdandi

શ્રી ક.વી.ઓ. સેવા સમાજનું બિનધંધાદારી મુખપત્ર

સ્થાપના : ૧૯૪૭ વર્ષ : ૭૯

પગદંડી

અંક : ૮ નવેમ્બર ૨૦૨૬

તંત્રી : અશ્વિન લક્ષ્મીબેન પોપટલાલ માલદે

સંકલન : CA સંજય ચંદનબેન વિસનજી છેડા

મુદ્રક -પ્રકાશક : **શ્રી અશ્વિન પી. માલદે**

પ્રકાશન સ્થળ: શ્રી ક.વી.ઓ. દે. નવી મહાજન વાડી, ૩જે માળે, ૯૯/૧૦૧, કેશવજી નાયક રોડ, મુંબઈ - ૪૦૦ ૦૦૯.

ફોન નં : ૨૩૭૧ ૪૬૭૪

pagdandi.kvoss.org. - email:pagdandi@kvoss.org

ટાઈપસેટીંગ : **ધીરેન તારાબેન મુરજી ગાલા** (કોટડા(રોહા) - ફોર્ટ)

મોબાઈલ : ૯૮૩૩૫૪૧૦૪૦

મુદ્રણ સ્થાન : **મેઘાર્ટ કલર ક્રાફ્ટર્સ,**

૪૨, આઈડિયલ ઈન્ડ. એસ્ટેટ, સેનાપતિ બાપટ માર્ગ, લોઅર પરેલ, મુંબઈ - ૪૦૦૦૧૩. ફોન : ૨૪૯૨ ૧૯૬૪

-: લવાજમ :-

૧૦ વર્ષ : રૂા. ૧,૦૦૦/- છૂટક નકલ : રૂા. ૧૫/-

ચેક/ડ્રાફ્ટ શ્રી ક.વી.ઓ. સેવા સમાજને નામે લખવા.

સોશિયલ મીડિયાનું વળગણ



❋ રાજેશ જવેરબેન નરશી સાવલા ❋

સોશિયલ મીડિયાનું વળગણ

આજે મોબાઈલમાં રહેલી ફેસબુક, ઈન્સ્ટાગ્રામ, સ્નેપચેટ જેવી સોશિયલ મીડિયા એપ્લિકેશનોનું વળગણ વધતું જોવા મળે છે. બાળકો, યુવાનો અને વયસ્કો સહિત ઘણા લોકોનો નોંધપાત્ર સમય રીલ્સ અને પોસ્ટ જોવામાં પસાર થાય છે. ઘણી વાર ફુરસદની થોડી ક્ષણોમાં શરૂ થયેલો ઉપયોગ ક્યારે કલાકોમાં ફેરવાઈ જાય છે, તેની ખબર પણ પડતી નથી.

પરંતુ આ વળગણ પાછળનું કારણ શું છે? સોશિયલ મીડિયા કંપનીઓએ પોતાની એપ્લિકેશનોમાં એવી કઈ સુવિધાઓ અને યુક્તિઓનો ઉપયોગ કર્યો છે, જે આપણને વારંવાર મોબાઈલ તરફ આકર્ષે છે? ચાલો, આવી આઠ બાબતો સમજીએ.

૧. ઈનફાઈનાઈટ સ્ક્રોલિંગ (Infinite Scrolling)

દરેક ફિલ્મ, ટીવી શો કે પુસ્તકના પ્રકરણનો એક અંત હોય છે. આ અંત આપણને વિચારવાની તક આપે છે કે આગળ વધવું કે નહીં, પરંતુ સોશિયલ મીડિયા એપ્લિકેશનોમાં ઘણી વાર આવો અંત આવતો જ નથી. તમે રીલ્સ સ્ક્રોલ કરતા જાઓ અને નવી નવી રીલ્સ સામે આવતી રહે. પરિણામે, માત્ર પાંચ મિનિટ માટે શરૂ કરેલો ઉપયોગ ક્યારેક કલાકો સુધી લંબાઈ જાય છે.

૨. ગેમિફાઈડ ફ્રેન્ડશિપ (Gamified Friendship)

સ્નેપચેટ જેવી કેટલીક એપ્લિકેશનોમાં મિત્રો વચ્ચે સતત દિવસો સુધી સંદેશા કે સ્નેપની આપ-લે થાય ત્યારે 'સ્ટ્રીક' (Streak) દર્શાવવામાં આવે છે. આ સ્ટ્રીક જાળવી રાખવા માટે બાળકો અને યુવાનો ઘણી વાર માત્ર તેનો ક્રમ તૂટે નહીં એ હેતુથી પણ સંદેશા કે ફોટા મોકલતા રહે છે. કેટલાક માટે સ્ટ્રીકનો વધતો આંકડો પ્રતિષ્ઠાનું પ્રતીક બની જાય છે. જોકે આ આંકડો મિત્રતાની ઊંડાઈનું સાચું માપ નથી.

૩. એન્ટિસિપેશન ટ્રેપ (Anticipation Trap)

કેટલીક ચેટિંગ એપ્લિકેશનોમાં સામેની વ્યક્તિ સંદેશ ટાઈપ કરી રહી હોય ત્યારે ત્રણ ટપકાં દેખાય છે. હવે શું જવાબ આવશે, એ જાણવાની ઉત્કંઠામાં આપણે થોડી વધુ વાર એપ્લિકેશન પર રોકાઈ જઈએ છીએ. આવી નાની સુવિધા પણ વપરાશકર્તાનું ધ્યાન લાંબા સમય સુધી જાળવી રાખવામાં મદદરૂપ થઈ શકે છે.

૪. ફિલ્ટર્ડ રિયાલિટી (Filtered Reality)

ઘણાં બાળકો અને યુવાનો સામાન્ય કૅમેરાને બદલે સ્નેપચેટ જેવી એપ્લિકેશનોના ફિલ્ટરનો ઉપયોગ કરીને ફોટા લેવાનું પસંદ કરે છે. આ ફિલ્ટર ચહેરાનો રંગ, આકાર અને દેખાવ બદલી શકે છે. કેટલાક તેનો ઉપયોગ મનોરંજન કે સર્જનાત્મકતા માટે કરે છે, તો કેટલાક વધુ

સુંદર દેખાવાની ઈચ્છાથી કરે છે. પરંતુ સતત બદલેલા અને આદર્શ દેખાવવાળા ફોટા જોવાથી પોતાના સ્વાભાવિક દેખાવ પ્રત્યે અસંતોષ ઊભો થવાની શક્યતા પણ રહે છે.

૫. કસ્ટમાઈઝ્ડ ફીડ (Customised Feed)

ઘણી સોશિયલ મીડિયા એપ્લિકેશનો આપણે કઈ પોસ્ટ કે રીલ જોઈએ છીએ, કઈ લાઈક કરીએ છીએ, કોને ફોલો કરીએ છીએ અને ક્યા વિષયમાં વધુ સમય પસાર કરીએ છીએ, જેવી પ્રવૃત્તિઓની નોંધ રાખે છે. આ માહિતીના આધારે આપણને રસ પડે એવી નવી પોસ્ટ અને રીલ્સ બતાવવામાં આવે છે. પરિણામે, સતત મનગમતું કન્ટેન્ટ મળતું રહેતા એપ્લિકેશન છોડવાનું મન થતું નથી.

૬. ફિયર ઑફ મિસિંગ આઉટ (Fear of Mission Out-FOMO)

કોઈ અગત્યની વાત, નવી પોસ્ટ, મિત્રોનો અનુભવ કે ચર્ચા આપણાથી ચૂકી ન જવાય એવી ચિંતા ઘણી વાર આપણને વારંવાર સોશિયલ મીડિયા તપાસવા પ્રેરે છે. આ લાગણીને 'ફિયર ઑફ મિસિંગ આઉટ' એટલે કે FOMO કહેવામાં આવે છે. સતત કંઈક નવું જાણવાની આ ઈચ્છા ધીમે ધીમે આદતમાં ફેરવાઈ શકે છે.

૭. લાઈક્સ અને ફોલોઅર્સ કાઉન્ટ

કેટલાંક બાળકો અને યુવાનો પોતાની પોસ્ટ કે રીલ પર વધુ લાઈક્સ અને ફોલોઅર્સ મેળવવા સતત પ્રયત્ન કરતા રહે છે. આ આંકડાને તેઓ પોતાની લોકપ્રિયતા કે વ્યક્તિગત મૂલ્ય સાથે જોડવા લાગે છે. આ આંકડાને તેઓ પોતાની લોકપ્રિયતા કે વ્યક્તિગત મૂલ્ય સાથે જોડવા લાગે છે. પરિણામે વધુ લાઈક્સ મેળવવાની ઈચ્છા, વારંવાર એપ્લિકેશન તપાસવાની અને પોતાની પોસ્ટનો પ્રચાર કરવાની આદત ઊભી કરી શકે છે, પરંતુ વ્યક્તિનું સાચું મૂલ્ય લાઈક્સ કે ફોલોઅર્સની સંખ્યાથી નક્કી થતું નથી.

૮. નોટિફિકેશન (Notifications)

સોશિયલ મીડિયા એપ્લિકેશનો નવી પોસ્ટ, સંદેશ, લાઈક કે અન્ય પ્રવૃત્તિ અંગે નોટિફિકેશન મોકલે છે. આવા નોટિફિકેશન આપણું ધ્યાન ફરી મોબાઈલ તરફ ખેંચે છે. કેટલાંક બાળકો ભણતી વખતે કે જમતી વખતે પણ મોબાઈલ નજીક રાખે છે, જેથી કંઈક નવું ચૂકી ન જાય. વારંવાર આવતા નોટિફિકેશનનો કારણે અભ્યાસ અને અન્ય કામોમાં એકાગ્રતા જાળવવી મુશ્કેલ બની શકે છે.

ટૂંકસાર

સોશિયલ મીડિયા પોતે ખરાબ નથી. તે માહિતી, શિક્ષણ, સંપર્ક, મનોરંજન અને સર્જનાત્મક અભિવ્યક્તિનું ઉપયોગી માધ્યમ પણ છે, પરંતુ તેની કેટલીક સુવિધાઓ આપણને જરૂર કરતાં વધુ સમય સુધી વ્યસ્ત રાખી શકે છે.

આથી સોશિયલ મીડિયાનો ઉપયોગ બંધ કરવો એ જ એકમાત્ર ઉપાય નથી. તેના ઉપયોગ માટે સમયમર્યાદા નક્કી કરવી, બિનજરૂરી નોટિફિકેશન બંધ કરવા અને ખાસ કરીને બાળકોને તેનો સમજપૂર્વક ઉપયોગ કરતાં શીખવવું વધુ જરૂરી છે.

સોશિયલ મીડિયા આપણા ઉપયોગ માટે છે; આપણે તેના સતત ઉપયોગમાં જ વ્યસ્ત રહી જઈએ એ માટે નહીં.

મો.: ૯૭૬૯૦૦૮૮૧૯

દેવાલયોમાં પહેરવેશ : શ્રદ્ધા, મર્યાદા કે વ્યક્તિગત સ્વતંત્રતા



❋ લોપા ઈલેશ ધરોડ ❋

બદલાતા સમય સાથે બદલાતો પહેરવેશ

સમય સાથે આપણી રહેણીકરણી, જીવનશૈલી, વિચારો અને પહેરવેશ બદલાયાં છે. એક સમયે જે વસ્ત્રો સામાન્ય ગણાતાં હતાં, તે આજે ઓછાં જોવા મળે છે, જે પહેરવેશ અગાઉ અસામાન્ય લાગતો હતો, તે હવે રોજિંદા જીવનનો ભાગ બની ગયો છે. આ પરિવર્તન સ્વાભાવિક છે, પરંતુ તેની સાથે એક પ્રશ્ન પણ ઊભો થાય છે - શું દરેક સ્થળે અને દરેક પ્રસંગે કોઈ પણ પ્રકારનો પહેરવેશ યોગ્ય ગણાય?

આ પ્રશ્ન ખાસ કરીને દેવાલયોના સંદર્ભમાં વિચારવા જેવો છે. દેવાલયમાં જતી વખતે પહેરવેશ અંગે કોઈ મર્યાદા હોવી જોઈએ કે પછી ભક્તિ અને શ્રદ્ધા જ મહત્ત્વનાં હોવાથી કપડાંને કોઈ મહત્ત્વ આપવું ન જોઈએ?

ભગવાન શ્રદ્ધા જુએ છે કે પહેરવેશ?

આજની યુવા પેઢીમાંથી ઘણી વાર એક દલીલ સાંભળવા મળે છે : 'ભગવાન તો શ્રદ્ધા જુએ છે, કપડાં નહીં'.

આ વાતમાં ઘણું સત્ય છે. કોઈ વ્યક્તિ સાડી, સલવાર-કમીઝ, જીન્સ કે પેન્ટ-શર્ટ પહેરે છે તેના પરથી તેની ભક્તિ, સંસ્કાર કે ચારિત્ર્ય નક્કી કરી શકાય નહીં. પરંપરાગત પહેરવેશ ધરાવનાર વ્યક્તિમાં પણ અહંકાર કોઈ શકે અને આધુનિક કપડાં પહેરનાર વ્યક્તિમાં પણ ઊંડી શ્રદ્ધા હોઈ શકે.

જો ભગવાન સમક્ષ સૌ સમાન છે, તો માત્ર પહેરવેશના આધારે કોઈ ભક્તને ઓછો ધાર્મિક કે ઓછો સંસ્કારી ગણવો કેટલો યોગ્ય છે?

પરંતુ શ્રદ્ધા હૃદયની બાબત છે એ સ્વીકાર્યા પછી પણ એક પ્રશ્ન રહે છે. આપણે જે સ્થળે જઈએ છીએ તેની પરંપરા અને વાતાવરણ પ્રત્યેનો આદર આપણા વર્તન તથા પહેરવેશમાં વ્યક્ત ન થવો જોઈએ?

પરંપરાનો આદર કે આંધળું અનુસરણ?

આપણે લગ્ન પ્રસંગે, કાર્યસ્થળે, શોકસભામાં કે સાંસ્કૃતિક કાર્યક્રમમાં પ્રસંગને અનુરૂપ પહેરવેશ પસંદ કરીએ છીએ. તેનો અર્થ એવો નથી કે એક પ્રકારનાં કપડાં બીજાં કરતાં વધુ પવિત્ર છે, પરંતુ દરેક પ્રસંગની પોતાની ગરિમા હોય છે.

દેવાલય માટે પણ આ વિચાર લાગુ પડી શકે છે. ઘણાં ધાર્મિક સ્થળોએ પ્રવેશ અને પહેરવેશ અંગે પોતાની પરંપરાઓ હોય છે. અમૃતસરના સુવર્ણમંદિરમાં માથું ઢાંકવાની પરંપરા હોય કે દક્ષિણ ભારતનાં કેટલાંક મંદિરોમાં ચોક્કસ પહેરવેશ અંગેના નિયમો- આવી પરંપરાઓનો આદર કરવો એ સ્થળ પ્રત્યેની સંવેદનશીલતા દર્શાવે છે.

આપણાં જૈન દેવાલયોમાં પણ દર્શન, પૂજા અને સાધુ-સંતોની ઉપસ્થિતિ સાથે જોડાયેલી મર્યાદાઓનું પોતાનું મહત્ત્વ છે.

પરંતુ દરેક પરંપરા માત્ર જૂની છે એટલા માટે યોગ્ય બની જતી નથી. સમય બદલાય તેમ તેના હેતુ અને ઉપયોગિતા અંગે પ્રશ્ન પૂછવાનો અધિકાર પણ સમાજને હોવો જોઈએ.

પરંપરાનો આદર કરવો અને પરંપરાને પ્રશ્નોથી પર ગણવી-એ બંને જુદી બાબતો છે.

મર્યાદા નક્કી કોણ કરે ?

પહેરવેશ અંગેની ચર્ચામાં સૌથી મુશ્કેલ પ્રશ્ન એ છે કે યોગ્ય અને અયોગ્યની રેખા ક્યાં દોરવી?

એક વ્યક્તિને જે પહેરવેશ સામાન્ય લાગે, તે બીજી વ્યક્તિને અયોગ્ય લાગી શકે. જે વસ્ત્રો એક પ્રદેશમાં પરંપરાગત ગણાય છે, તે બીજા પ્રદેશમાં અસામાન્ય હોઈ શકે. એક જ પ્રકારનાં કપડાં વિશે જુદી જુદી પેઢીઓના વિચારો પણ અલગ અલગ હોય છે.

એટલો માત્ર વ્યક્તિગત પસંદગી કે અણગમાના આધારે બીજા કોઈના પહેરવેશનો નિર્ણય કરવો યોગ્ય નથી.

જો કોઈ દેવાલયમાં પહેરવેશ અંગે નિયમો હોય, તો તે સ્પષ્ટ, વાજબી અને સૌને સમાન રીતે લાગુ પડતા હોવા જોઈએ. માત્ર સ્ત્રીઓનાં કપડાં, અંગે પ્રશ્નો ઊભા થાય અને પુરુષોના પહેરવેશ પ્રત્યે આંખ આડા કાન કરવામાં આવે, તો એ મર્યાદા નહીં, અસમાનતા કહેવાય.

મર્યાદાના નામે કોઈ વ્યક્તિને અપમાનિત કરવી, તેના ચારિત્ર્ય પર શંકા કરવી કે જાહેરમાં ટિપ્પણી કરવી પણ ધાર્મિક સ્થળની ગરિમાને અનુરૂપ નથી.

નિયમો સાથે સંવેદનશીલતા પણ જરૂરી

ઘણી વાર કોઈ વ્યક્તિ કામ પરથી સીધી દેવાલયે આવે, પ્રવાસ દરમિયાન અચાનક દર્શનનો અવસર મળે અથવા તેને સ્થાનિક પરંપરાની જાણ ન હોય, આવી પરિસ્થિતિમાં માત્ર પહેરવેશ જોઈને તેની શ્રદ્ધા અંગે નિર્ણય કરવો યોગ્ય નથી.

બીજી તરફ, જો આપણે ખાસ દેવદર્શન માટે જ જઈ રહ્યા હોઈએ અને ત્યાંના નિયમોની અગાઉથી જાણ હોય, તો તેનું પાલન કરવામાં વાંધો શા માટે હોવો જોઈએ?

અહીં જવાબદારી બંને પક્ષની છે. ભક્તોએ દેવાલયની સ્થાપિત પરંપરાઓનો આદર કરવો જોઈએ. જ્યારે સંચાલકોએ નિયમો સ્પષ્ટ રીતે જણાવવા, સૌને સમાન રીતે લાગુ કરવા અને શક્ય હોય ત્યાં વ્યવહારુ વિકલ્પો ઉપલબ્ધ કરાવવા જોઈએ.

નિયમોનો હેતુ શિસ્ત અને આદર જાળવવાનો હોવો જોઈએ, કોઈનો નીચા પાડવાનો નહીં.

શું પહેરવેશ જ સંસ્કારનું પ્રમાણપત્ર છે ?

આપણે ઘણી વાર બાહ્ય દેખાવ પરથી માણસનું મૂલ્યાંકન કરી બેસીએ છીએ, પરંતુ દેવાલયમાં પરંપરાગત કપડાં પહેરીને જનાર વ્યક્તિનું વર્તન અયોગ્ય હોય અને આધુનિક કપડાં પહેરીને આવનાર વ્યક્તિ નમ્રતા તથા શ્રદ્ધાથી દર્શન કરતી હોય, તો વધુ મહત્ત્વ કોને આપવું ?

દેવાલયની પવિત્રતા માત્ર કપડાંથી જળવાતી નથી. ત્યાંનું વર્તન, શાંતિ, સ્વચ્છતા, શિસ્ત

અને બીજા ભક્તો પ્રત્યેનો આદર પણ એટલાં જ મહત્ત્વનાં છે.

જો આપણો પહેરવેશનો જ સંસ્કારનો એકમાત્ર માપદંડ બનાવી દઈએ, તો ધર્મનો આંતરિક સંદેશ પાછળ રહી જવાનો ભય રહે છે.

આખરે જરૂર છે વિવેકબુદ્ધિની

મારા મતે દેવાલયમાં જતી વખતે પ્રસંગાનુરૂપ અને ત્યાંની પરંપરાને માન આપતો પહેરવેશ પસંદ કરવો એ સારી બાબત છે, પરંતુ એ સાથે એટલું જ જરૂરી છે કે આપણે બીજા કોઈની શ્રદ્ધા કે ચારિત્ર્યનું મૂલ્યાંકન માત્ર તેનાં કપડાં પરથી ન કરીએ.

આધુનિકતા અને પરંપરા એકબીજાના વિરોધી હોવા જરૂરી નથી. વ્યક્તિગત સ્વતંત્રતા સાથે સામાજિક સંવેદનશીલતા રહી શકે છે અને ધાર્મિક મર્યાદા સાથે માનવીય સહાનુભૂતિ પણ.

પહેરવેશમાં વિવેક હોવો જોઈએ, પરંતુ એથી પણ વધુ વિવેક બીજાના પહેરવેશ વિશે નિર્ણય કરતી વખતે હોવો જોઈએ.

આખરે, દેવાલયમાં પ્રવેશતાં પહેલાં આપણે કેવાં કપડાં પહેર્યાં છે એ વિચારવાની સાથે, કેવા વિચારો અને કેવું વર્તન લઈને પ્રવેશીએ છીએ એ પણ વિચારવું જોઈએ.

ગામ : પત્રી
મો.: ૯૯૮૭૭ ૨૩૬૯૭

પ્રતિભાવ - પ્રતિસાદ

આ વિભાગમાં છપાયેલ પત્રો સાથે તંત્રીઓ સહમત છે એમ માનવું નહીં - તંત્રીઓ

'ખાલીપાને આપો ખો' નિબંધ લેખન સ્પર્ધા

'ખાલીપાને આપો ખો' આ સુંદર મજાના શીર્ષક હેઠળ ક.વી.ઓ. સેવા સમાજ આયોજિત નિબંધ લેખન સ્પર્ધા ખરેખર પ્રશંસાને પાત્ર રહી. આ સ્પર્ધામાં ભાગ લેનાર સર્વેનો તથા એમાં વિજેતા ઘોષિત થયેલ બધા જ સુજ્ઞ લેખકોને ખૂબ ખૂબ અભિનંદન. વર્તમાનકાળમાં ઉદ્‌ભવનારા સંજોગોને સહર્ષ સ્વીકારી ખો આપવાની વિવિધ ઉપાય યોજનાઓને આવરી લેતા વિજેતાઓના નિબંધને પગદંડીના સપ્ટેમ્બર મહિનાના અંકમાં સમાવી બહોળા વાચકવર્ગ સુધી સંદેશાને પહોંચાડવાનું ઉત્તમ કાર્ય કરવા બદલ તંત્રીશ્રીનો તથા પગદંડી સાથે સંકળાયેલ સંપૂર્ણ ટીમનો અને ક.વી.ઓ. સેવા સમાજ સંસ્થાના પદાધિકારીઓનો ખૂબ ખૂબ આભાર. આવી વિવિધ પ્રવૃત્તિઓના માધ્યમ થકી સમાજ સાથે રહી સમાજના ઉત્કર્ષ માટે સતત પ્રયત્નશીલ રહી ક.વી.ઓ. સેવા સમાજ સંસ્થા ખૂબ પ્રગતિ સાધે એ જ શુભભાવના સહ અંતરના શુભ આશિષ

લિ. તલકશી વસનજી ધરોડ
ગામ - પત્રી (બોરીવલી)
મો. ૯૮૨૦૪૭૮૨૮૨

પગદંડીને પત્ર

આ વિભાગમાં છપાયેલ પત્રો સાથે તંત્રીઓ સહમત છે એમ માનવું નહીં - તંત્રીઓ

મંદિરોમાં ભક્તોનું દાન

ભારતમાં દરેક મંદિરમાં દાન પેટી તો અવશ્ય હોય જ. ભક્તો એ દાનપેટીઓમાં યથાશક્તિ નાણું નાખતા જ હોય. સમાયાંતરે જ્યારે આ દાનપેટીઓ ખોલવામાં આવે છે ત્યારે હજારો કે લાખોમાં નાણું નીકળતું હોય છે. અમુક મોટા મંદિરોની દાનપેટીઓ માં તો ભક્તો કરોડો રૂપિયા નાખી જતા હોય છે. આ સઘળું નાણું મોટા ભાગે કોઈ દાતા ચોપડે ઉધારતા નથી.

કેટલાય મંદિરો માંથી રૂપિયાની ચોરી થયાની ઘટના વૃતપત્રોમાં પ્રસિદ્ધ થતી હોય છે. હાલમાં જ, નવા બંધાયેલા અયોધ્યાના રામ મંદિરમાં રોકડ નાણાંની ચોરી થઈ જેમાં એ મંદિરના મુખ્ય સંચાલકો, આ ઉચાપત માટે શંકાના દાયરામાં હોવાથી તેમની અટકાયત પણ કરવામાં આવી છે.

સ્વભાવિક છે કે આટલું બધું નાણું, જેનો કોઈ હિસાબ રાખવો મુશ્કેલ હોય તેવા નાણા માંથી થોડું ઘણું પોતાના માટે સેરવી લેવાની લાલચ કોઈ પણ ભ્રષ્ટ સંચાલક વ્યક્તિઓને થાય એમાં શી નવાઈ. આ તો હમણાં નજરે ચડ્યું એટલે સમજાયું કે રામ મંદિરમાં રોકડાની ચોરી કરવામાં આવી છે. વિતેલા સમયમાં કેટલી હેરાફેરી થઈ હશે એ તો મંદિરામાં બેઠેલા પ્રભુ રામ જાણે.

આવી જ બીજી દાન ચોરીની ઘટના તા. ૪ ઓગસ્ટના વર્તમાનપત્ર માં છપાયેલ છે જેમાં મુંબઈના સિધ્ધિ વિનાયક મંદિરમાંથી રૂપિયા ૧૮ કરોડ ચોરાયા હોવાનું બહાર આવ્યું છે. અગાઉ મહુડી માટે આવી વાત સંભળાઈ હતી. જો હજી બીજા મોટા મંદિરોની તપાસ કરવામાં આવે તો કેટલી વધુ ચોરીઓ પકડાય એ વિચારતા જેવું છે. આવા ષડયંત્રો કેટલાય મંદિરોમાં ચાલતા હશે. હવે પ્રશ્ન એ થાય છે કે આ દાનપેટીઓ મંદિરોમાં રખાય છે જ શા માટે?

મોટા ભાગના મંદિરોમાં મહિને બે મહિને દાનપેટી ખોલી, એમાંની રકમ ની ગણતરી કરી બીજે દિવસે બેન્કમાં જમા થાય છે. પેટીમાં કેટલી રકમ હતી અને કેટલી બેંકમાં જમા થઈ. બધું ભરોસે ચાલે છે. બધા ભ્રષ્ટ હોય એ જરૂરી નથી પણ એમ કહેવાય છે કે મનુષ્ય ત્યાં સુધી જ પ્રામાણિક હોય છે જ્યાં સુધી એને અપ્રમાણિક થવાનો મોકો નથી મળતો.

આ બધા મંદિરોમાંની દાનપેટીઓ, જેમાં શંકા ઉત્પન્ન થાય અને ચોરી થવાની સંભાવના રહે એ દાનપેટીઓ જ દરેક મંદિરમાંથી હટાવી દેવી જોઈએ દસ, વીસ, સો, બસો, રોજ બરોજ, આવી મંદિરની દાનપેટીઓમાં ન નાખતા, ભક્તો, ધાર્મિક અવસરો પર મંદિરની પેઢીઓમાં, દાનની રકમ, રસીદ લઈ, જમા કરાવે તો જ આવી મોટી ઉચાપતની ઘટનાઓ પર અંકુશ આવવાની સંભાવના રહે. ટ્રસ્ટીઓ તથા સંચાલકો આ અંગે સ્વતંત્ર નિર્ણય લઈ શકે. મંદિરોની નાણાંકીય વ્યવસ્થામાં પારદર્શિતા હોવી આજના સમયની માંગ છે અને એ અત્યંત જરૂરી પણ છે. ટ્રસ્ટીઓ અને સંચાલકો વિચારે...

વસંત કચ્છ કેસરી, દેવપુર / મુલુંડ
મો. ૮૪૫૧૦૯૮૬૭૮

ઊર્મિલહર



સંપાદક : વિશન પાનબાઈ દેવરાજ નાગડા

વલા ભા-ભૅણૂં,

પંધ કઈબો ત મધલ તેં પુજબો, ત ખણાં પગ ને હલાં ઈગીયા! ગે મૅણે પાં (૧) સગડ = શેરડો/કેડી, (૨) સગડ = ખબર, (૩) સગન = ગાડાનો ભાગ. ઈની ત્રૉંઈ જી ગાલ કિઈ. સગડ (૨) જી ગાલ કંઈધે **ઘસ** જી પણ ગાલ કિઈ. હાણે મીટ કઈયૂં સામેં, કુરો ડિસાજેં તો ભલા!

હી સામે ડિસજેં તો ''સગપણ'', પણ સગપણ જી ગાલ કયૂં તેંનૂં મૉર સગપણ જો અસલ પર્યાય ''સડ'' વાટનેંરી વિઠો આય સે?

૧) **સડ (પુ.) - સગાઈ, વેવિશાળ (m) Engagement.**

(વાક્ય) બાઈ હાણે કીં નિંઢી નાંય, કડેં કયોતા? ઈનજો ''સડ''?

ઈ સડ શબ્દ અજ જી તારીખમેં ગ્રામ્ય પ્રજાઓં વટે જ આય. પાં ઓસવાળ ઈન શબ્દકે ભુલી વ્યા અયૂં. પણ મૂંકે જાધ આય મૂંજા અન્ય સમાજજા મિત્ર, ખાસ કરીને મુસ્લીમ બિરાદર જડેં ગાલ કરીયેં તડેં ચેં સાયભ પાંજી બાઈ (ધી) જો સડ ક્યો.

સડ શબ્દ મૂર સં. સંગ મિંજા આયો હુંધો. જુકો ચેંતો જ ધી જા સાવરા કરે ટાણે પાં બ પાત્રેં જો જ ન બ કુટમેં જો 'સંગ' કયૂંતા, હિકડા થિઈ સંગમ કયૂંતા.

(૨) સગપણ (પુ.) - સગપણ, વાગ્દાન, વિવાહ, સગાઈ (m) Engagement. સગપણ એ સડ જો પર્યાય.

(વાક્ય) છોકરા-છોકરીંએજાં સગપણ ઈ અજ પાંજો વડો પ્રશ્ન આય.

સડ, સગપણ જી ગાલ નિકરઈ જ આય ત આંકે કંઠી-અભડાસેજી ભાસા જે સૂક્ષ્મભેદ જી ગાલ ચિઈ ડીયાં. સડ - સગપણ જો કચ્છમેં હિકડો પર્યાય આય ''સાવરા'' (in-laws) પણ સાવરા (Engagement) ઈ અરથ માત્ર અભડાસેમેં જ હલે, ભાકી સાવરા જો બ્યો અરથ સાસરિયાં, ઈ અરથ કંઠી-અભડાસો બૉંઈમેં વડે. એંડો જ હિકડો શબ્દ આય 'નૉંલા'. નૉંલા ઈતરે અજાણ્યા ઈ કંઠી-અભડાસે બૉંઈજી ભાસા, પણ કંઠી (ખાસ મુનરો તાલુકો) મેં નૉંલા જો અરથ મહેમાન થીયેં. આંકે નવાઈ લગી ન! મતલભ અંઈ કંઠીવારે નૉંલા શબ્દાર્થનૂં નૉંલા (અજાણ્યા) અયૉં કૉં ક તર મુનરે વારેં, વડી કંઠીવારેં મેં જિજો વસ્યા નયૉં, કૉં સચો ક ન !

પનપટી : સગપણ મેં સઢૂ ને જિમણમેં લડૂ ઈ ચૉંવક સુયાં અયાં? જમવામાં લાડુ હોય તો મોજ પડી જાય એમ સાઢૂનું સગપણ એ એટલું જ આનંદદાયક હોય એમ આ કહેવત કહે છે. તમારો અનુભવ શું છે એ કહેશો ?

ભલેં તડેં અંઈ પણ સગપણ જા છેડા મિલાઈ જા.

આંજો વિશન
મો. ૯૮૨૦૪૫૬૮૯૯

पत्थर क्या बोलेगा?

क्या सुनूँ? किसका सुनूँ? सुने ना मेरा मन,
कहाँ सुनूँ? कैसे सुनूँ? सुने ना मेरा कन।

कबतक सुनूँ? कितना सुनूँ? थक चूका है तन,
सज्जन यहाँ बे मौत मरत है दु:खमें तेरे हरजन।

अबलाओ के शील हरन करते रावण देकर धन,
चाँद सूरज अग्नी जल देख रहा है पवन।

तेरी धरती पर दमन देख रो रहा है चमन,
तू गुनाह का ना कर जतन और किसना करेगा पतन?

कुछ तो कर शरम अपना देखले दरपन,
तू भी इस मंडीमें बिक चुका भगवन!

अब तुझसे क्या डरना न माँगूं तेरी शरन,
पहनादे कफन कर दफन या जलादे मेरा बदन!

अब 'प्रेम' न छुएगा तेरा चरन,
न करेगा कभी तुझे नमन।

प्रवीणा જવેરબેન દામજી ગોગરી (પ્રેમ) -
દહિંસર - ફોન : ૨૮૯૫ ૩૪૫૯

વિતક

જે સેવ્યા એ હકીકત ન થયા
સરી જતાં સપનાને જોતો રહ્યો
દરદો ગમ જે મળ્યાં
જિગરમાં સમાવતો રહ્યો
રુઝાયા રુઝાય નહીં એવા
જખમોને સહેતો રહ્યો
ન ગણ્યા ગણાય કદી
એટલા સિતમ ખમતો રહ્યો
મહોબતમાં અહીં જે પણ વીતી
જિંદગીભર નિભાવતો રહ્યો

- મણિલાલ ડી. રૂઘાણી, રાણાવાવ

બાલુડા

નેંરીનેં બાલુડેં કે વ્હાલજો ધરીયો ઉછડેંતો.
નેં મોજ અચે હિકહિકડો સબધ તોતડો કુછેંતો.

કંઈ હથેંજા લાંકડાને ઉડેં ખિલજા ફૂઆરા,
વલા લર્ગે જોર, બખ ભરી ચૂમીયું ચપ કિયારા.

ઉઠીયેં અખીયેં સનેહજીયૂં મિઠીયૂં લેંરું,
જાણેં પીંધા જ રૂં અમરત રસજીયૂં ધારું.

પા પા પગલી ભરીયેં નેં અચે જાધ નિંઢપણ,
મન થનગન થિઈ નચેં, નડેં ન ગઢપણ.

નખરા ઈનીજા ખૂટેં નં, પાંકે પ્યા રમાઈ,
માકૂલ થ્યો જીયણ 'કુસુમ' વ્યાજ કમાઈ.

(માકૂલ.. વસૂલ)

- કુસુમ ગાલા ... 'કુસુમ'
ભોજાય

જુડધી ન જોડ માજી

ગુમધે સજે જગતમેં, જુડધી ન જોડ માજી,
મા તોલ કો ન જગમેં, જુડધી ન જોડ માજી

પાંકે જનમ ડિઈ ને, પિંઢજી નિપુર્ડે કાયા,
સત માજો રગો રગમેં, જુડધી ન જોડે માજી.

ભાજાર મેં વિકાંધી, હર કોય ચીજ મિલધી,
મા નંઈ જુડે નગદમેં, જુડધી ન જોડ માજી.

પધવી મિલે વડી કો, ભુલજા મ માજે ગુણકે,
સૌ હોધા માજે પગમેં, જુડધી ન જોડ માજી.

ધુનિયાં સજી છડી ડે, છડધી ન મા વીયાકે,
રત ટીપો જેસીં અંડમેં, જુડધી ન જોડ માજી.

સેવા કજા સદા સઈ, સંતાપીજા મ ઈનકે,
'મોહન' વેંધા સરગમેં, જુડધી ન જોડ માજી

- કવિ મોહન જોષી

શ્રી કચ્છી વીસા ઓસવાળ સેવા સમાજની વર્ષ ૧ એપ્રિલ, ૨૦૨૫ થી ૩૧ માર્ચ, ૨૦૨૬માં યોજાયેલ પ્રવૃત્તિઓનો : અહેવાલ :

✤ **પગદંડી :**

લગભગ સાત દાયકાથી પ્રકાશિત થતું સેવા સમાજનું મુખપત્ર પગંદડી કેવળ એક જ્ઞાતિ સંસ્થાનું મુખપત્ર ન રહેતાં વિવિધ રસરુચિ ધરાવતા વાચકો માટે ઉત્તમ વાંચન પીરસતું સામયિક બની શક્યું છે. એને મળેલા વિશેષ સાહિત્યિક સ્પર્શને કારણે પગદંડી ક.વી.ઓ. સમાજ ઉપરાંત અન્ય સમાજોની વાંચનક્ષુધાને પરિતૃપ્ત કરવાની ક્ષમતા અને કદર સંપાદિત કરી શક્યું છે. અમે પગદંડીને સમાજનાં પ્રત્યેક ઘરે પહોંચાડવાના ધ્યેયને પરિપૂર્ણ કરવા પ્રયત્નશીલ છીએ.

પગદંડી દર મહિને નિયમિત પ્રકાશિત થાય છે. હાલ ૬૯૦૦ ઘરોમાં આ માસિક વિતરીત થાય છે. પગદંડીનું ૧૦ વર્ષીય લવાજમ રૂા. ૧૦૦૦ છે. ઑનલાઈન પૅમેન્ટ સુવિધા ઉપલબ્ધ છે. Link-https://cutt.ly/pagdandi

✤ **સંજીવની સ્વાસ્થ્ય યોજના (૩૦ વર્ષથી અવિરત):**

શ્રી ક.વી.ઓ. સેવા સમાજ પુરસ્કૃત સમાજને મેડિકલ ક્ષેત્રે રક્ષણ આપતી સંજીવની સ્વાસ્થ્ય યોજના ૨૯ વર્ષ પૂર્ણ કરીને ૩૦મા વર્ષમાં પ્રવેશી રહી છે. દર વર્ષની જેમ આ વર્ષે પણ મેડિક્લેમ પૉલિસી નૅશનલ ઈન્સ્યુરન્સ કંપની અને ઈફ્કો ટોકયો કંપનીમાં રિન્યૂ કરવામાં આવેલ છે.

આ વર્ષ સંજીવની સ્વાસ્થ્ય યોજનાનું પ્રીમિયમ તા. ૧૪ જુલાઈ થી ૨૮ જુલાઈ દરમ્યાન સેવા સમાજ કાર્યાલય ઉપરાંત ડોંબિવલી, થાણા, મુલુંડ, ઘાટકોપર, અંધેરી, મલાડ, ગોરેગામ, બોરીવલી, નાલાસોપારા, પુના અને સાંગલી, કોલ્હાપુરની સ્થાનિક સંસ્થાઓ ખાતે સ્વીકારવામાં આવેલ. આ વર્ષે કુલ ૬૭૫૦ પૉલિસી રિન્યૂ કરવામાં આવી હતી.

બંને કંપનીમાં રૂા. ૨૬ કરોડ ૭૫ લાખનું પ્રીમિયમ ચૂકવવામાં આવેલ હતું અને મેડિક્લેમ માટે ૯ વ્યક્તિઓને રૂા.૧૧,૩૦,૦૦૦/-ની લોન આપવામાં આવેલ તેમ જ પ્રીમિયમ ભરવા માટે ૧૦૨ વ્યક્તિઓને લોન પેઠે રૂા.૨૬,૫૪,૩૨૩/- તથા પ્રીમિયમ રાહત પેઠે રૂા.૧૦,૯૮,૧૯૧/-ની રકમ આપવામાં આવી હતી.

સંજીવીની પ્રીમિયમ ક્લેક્શન સમયે મદદરૂપ થનાર શ્રી ક.વી.ઓ. દેરાવાસી જૈન મહાજન, સંયુક્ત ખબર પત્રિકા સમિતિ, ગામનાં મહાજન/મંડળ, લત્તાવાર મંડળ, સ્થાનિક સંસ્થાઓ તથા મદદરૂપ થનાર સર્વે વૉલિયેન્ટરનો આભાર વ્યક્ત કરવામાં આવેલ.

✤ **બુક બૅન્ક :**

શ્રી ક.વી.ઓ. સેવા સમાજ સંચાલિત બુક બૅન્ક

જૂન થી ઑગસ્ટ, ૨૦૨૫ દર રવિવારે પુસ્તકોની આપ-લે કરવા માટે સેવા સમાજના મુખ્ય કાર્યાલય ઉપરાંત મુલુંડ, બોરીવલી અને વસઈ બુક બૅન્ક સેન્ટર ચાલુ રાખવામાં આવેલ. વર્ષ દરમ્યાન રૂા. ૨,૫૩,૯૨૨/-નાં નવાં પુસ્તકો ખરીદવામાં આવ્યા હતાં.

✤ **વૈદ્યકીય રાહત યોજના :**

વર્ષ ૨૦૨૫-૨૦૬૫માં મેડિક્લેમ ઉપરાંત વધારાના વૈદ્યકીય ખર્ચ માટે ૧૮૬ જરૂરિયાતમંદ વ્યક્તિઓને રૂા. ૩૮૬૪૮૮૨ રકમની વૈદ્યકીય સહાય આપવામાં આવેલ, ઉપરાંત ૨ વ્યક્તિઓને વૈદ્યકીય ખર્ચ પેઠે રૂા. ૧,૫૦,૦૦૦/- રકમની લોન આપવામાં આવેલ.

✤ **સ્ત્રી–ઉત્કર્ષ યોજના :**

વર્ષ દરમ્યાન ગૃહઉદ્યોગ કરતી ૭ બહેનોને પોતાનો ગૃહઉદ્યોગને વધારવા પ્રોત્સાહન આપવા માટે રૂા. ૫,૪૦,૦૦૦/-ની લોન આપવામાં આવી હતી.

✤ **રહેઠાણ લોન યોજના :**

વર્ષ દરમ્યાન પોતીકા મકાન માટે ૧૯ જરૂરિયાતમંદ વ્યક્તિઓનો રહેઠાણ લોન યોજના હેઠળ રૂા. ૬૬,૫૦,૦૦૦/-રકમની લોન આપવામાં આવી હતી.

✤ **બુક બૅન્ક કૉમ્પ્યુટર લોન :**

કૉમ્પ્યુટરના માધ્યમથી ભણવા માટે વર્ષ દરમ્યાન ૧૧ વિદ્યાર્થીઓને રૂા. ૩ લાખ ૪૦ હજારની લોન કૉમ્પ્યુટર/લૅપટૉપ માટે આપવામાં આવેલ.

✤ **કુટુંબઉત્કર્ષ યોજના :**

આ યોજનામાં જરૂરિયાતમંદ બે વ્યક્તિઓને વ્યવસાય વધારવા રૂા. ૬,૦૦,૦૦૦/-રકમની લોન આપવામાં આવી હતી.

✤ **શૈક્ષણિક લોન યોજના :**

વર્ષ દરમ્યાન ભારતમાં રહીને ઉચ્ચ અભ્યાસાર્થે કુલ ૧૦૫ વિદ્યાર્થીઓને રૂા. ૧,૬૫,૩૩,૦૦૦ની શૈક્ષણિક લોન અને ઉચ્ચ અભ્યાસાર્થે વિદેશ ભણવા જતા કુલ ૨૬ વિદ્યાર્થીઓનો રૂા. ૬૧,૫૦,૦૦૦/-ની લોન એમ કુલ રૂા. ૨,૨૬,૮૩,૦૦૦/- શૈક્ષણિક લોન આપવામાં આવેલ.

✤ **શૈક્ષણિક સન્માન સમારંભ (૬૩ વર્ષથી અવિરત)**

શૈક્ષણિક ક્ષેત્રે સિદ્ધિ હાંસલ કરનાર વિદ્યાર્થીઓ માટે શૈક્ષણિક સન્માન સમારંભનું આયોજન અને પોતાના ક્ષેત્રમાં અવ્વલ આવેલ વિદ્યાર્થીઓ માટે શ્રુત-ગુણ-ગૌરવ એવૉર્ડનો કાર્યક્રમ તા. ૧૦ ફેબ્રુઆરી, ૨૦૨૬ના રોજ યોજાયેલ, જેમાં ૧૧૦ વિદ્યાર્થીઓનું સન્માન કરવામાં આવેલ. આ કાર્યક્રમના પ્રાયોજક શ્રી ખીમજી હેમરાજ છેડા મેમોરિયલ ટ્રસ્ટ અને છેડા જ્વેલરી માર્ટ, મુંબઈ - ૪૦૦૦૦૩.

✤ **શ્રુત-ગુણ-ગૌરવ એવૉર્ડ :**

પોતાના શૈક્ષણિક ક્ષેત્રમાં અવ્વલ આવનાર વિદ્યાર્થીને એવૉર્ડ અને રૂા. ૫૦,૦૦૦/- અર્પણ કરનાર શ્રુત-ગૌરવ એવૉર્ડના દાતા પરિવારની અભિવંદના. ૩૦ શ્રુત-ગુણ-ગૌરવ એવૉર્ડ મેળવનાર દરેક વિદ્યાર્થીઓ જેમણે સફળતા મેળવી તે બદલ વિદ્યાર્થીઓને હાર્દિક અભિનંદન.

✤ **શૈક્ષણિક વિદેશ સેમિનાર :**

તા. ૧૪ જૂન, ૨૦૨૫ના રોજ વિદેશ જતા વિદ્યાર્થીઓનો માર્ગદર્શક સેમિનાર અને ગેટ-ટુ-ગેધર કાર્યક્રમ યોજાયેલ.

✤ **''નવનીત કપ'' કચ્છી ક્રિકેટ ટૂર્નામેન્ટ : (વર્ષ ૪૨મું)**

આ વર્ષે ક્રિકેટ ટૂર્નામેન્ટની ગામ ગ્રુપ (૪૦ ઓવર)માં ૩૧ ટીમોએ ભાગ લીધેલ. ૫ નવેમ્બરથી ૧૬ ડિસેમ્બર સુધીની મૅચો તેમ જ સેમિફાઈનલ મૅચ આઝાદ મેદાન, દાદર માટુંગાના ગ્રાઉન્ડની પિચો પર રમાઈ. ફાઈનલમાં તા. ૨૬ ડિસેમ્બર, ૨૦૨૫ના રોજ ફાતીમા ગ્રાઉન્ડ ખાતે રમાઈ, જેમાં પુનડી (૧૦૫) સામે ભુજપુર સિનિયર (૧૧૭)ની ટીમ વિજયી રહેલ.

જનરલ ગ્રુપમાં ૩૮ ટીમોએ ભાગ લીધેલ. ૧ ડિસેમ્બરથી A/B/C/D એમ ચાર વિભાગોમાં આ મૅચો રમાય છે.

જાન્યુઆરી, ૨૦૨૬ અને ફેબ્રુઆરી, ૨૦૨૬માં જનરલ ગ્રુપની ટૂર્નામેન્ટની મૅચો વિવિધ પિચો પર યોજાઈ. ફાઈનલ તા. ૩૦ જાન્યુઆરી, ૨૦૨૬ના રોજ ફાતીમા ગ્રાઉન્ડ, વિદ્યાવિહાર ખાતે યોજાઈ.

T-20 ટૂર્નામેન્ટ (ગામ) ગ્રુપમાં ૪૪ ટીમોએ ભાગ લીધેલ છે. **T-20** ક્રિકેટ ટૂર્નામેન્ટની ફાઈનલ તા. ૩ એપ્રિલ, ૨૦૨૬ના ખાલસા ગ્રાઉન્ડ ખાતે (**Day-Night**) ફ્લડ્સ લાઈટમાં યોજાઈ હતી. જેમાં ભુજપુર સામે બિદડા વિજયી રહેલ.

લેડિઝ કપ ટૂર્નામેન્ટ : - આ વર્ષે લેડિઝ કપમાં કુલ ૧૨૦ મહિલાઓએ ભાગ લીધેલ. ફાઈનલ તા. ૧૧ ફેબ્રુઆરી, ૨૦૨૬ ના રોજ વિદ્યાવિહાર ખાતે યોજાઈ હતી.

'લેજન્ડ કપ' ટૂર્નામેન્ટ :- 'લેજન્ડ કપ'ની ફાઈનલ તા. ૨૭ જાન્યુઆરી, ૨૦૨૬ના રોજ લોનાવાલા ખાતે યોજાઈ અને 'લેડિઝ કપ' ક્રિકેટ ટૂર્નામેન્ટની ફાઈનલ તા. ૧૧ ફેબ્રુઆરી, ૨૦૨૬ના રોજ યોજાઈ.

પ્રાયોજક : નવનીત એજ્યુકેશન લિમિટેડ (રાયણ-દાદર)

વિસ્તૃત અહેવાલ પગદંડી માસિક ઑગસ્ટ ૨૦૨૬માં છપાયેલ છે.

✤ **ગાલા સ્પ્રિંગ્સ કપ વૉલીબૉલ ટૂર્નામેન્ટ:**

આ વર્ષે ગામ ગ્રુપ ઈનડાયરેકટ ૨૩ નવેમ્બરના રોજ યોજાઈ. કુલ ૧૪ ટીમોએ ભાગ લીધેલ. જનરલ ડાયરેક્ટ ૭ ડિસેમ્બરના રોજ યોજાયેલ કુલ ૧૩ ટીમોએ ભાગ લીધેલી. ગામ ગ્રુપ ડાયરેક્ટ તા. ૧૪ ડિસેમ્બરના રોજ યોજાયેલ જેમાં કુલ ૧૨ ટીમોએ ભાગ લીધેલ. જનરલ ગ્રુપ ઈનડાયરેક્ટ તા. ૨૧ ડિસેમ્બર, ૨૦૨૫ના રોજ યોજાયેલ જેમાં કુલ ૧૨ ટીમોએ ભાગ લીધેલ. ટૂર્નામેન્ટ બાદ ઈનામ વિતરણ કરવામાં આવેલ. સંપૂર્ણ ટૂર્નામેન્ટનાં પ્રાયોજક શ્રીમતી તારામતી વિશનજી ગાલા (ડુમરા-થાણા)

✤ **'કચ્છી વૉલીબૉલ કપ' (KVC) :**

IPL ફોર્મેટમાં રમાતી આ ટૂર્નામેન્ટમાં દાતાશ્રીઓના આર્થિક સહયોગથી ૧૦ ટીમ બનાવવામાં આવી હતી. આ ટૂર્નામેન્ટ રવિવાર, તા. ૨૦ એપ્રિલ, ૨૦૨૫ના રોજ ઈનડાયરેક્ટ અને રવિવાર, તા. ૧૫ અને ૨૨ ફેબ્રુઆરી, ૨૦૨૬ના રોજ માટુંગા બોર્ડિંગ સંચાલિત પેવેલિયન ગ્રાઉન્ડ ખાતે યોજાયેલ.

મુખ્ય દાતા : Gala Springsનાં શ્રીમતી તારામતી વિશનજી ગાલા (ડુમરા-થાણા)

✤ **'વિકાસ કપ' બાસ્કેટબૉલ ટૂર્નામેન્ટઃ**

આ વર્ષે બાસ્કેટબૉલ જનરલ ગ્રુપમાં ૮ ટીમ, ગામ ગ્રુપમાં ૭ ટીમ અને મહિલાઓની ૨ ટીમોએ ભાગ લીધેલ. આ બાસ્કેટબૉલ ટૂર્નામેન્ટ રવિવાર, તા. ૧૧ જાન્યુઆરી, ૨૦૨૬ના રોજ શ્રી હીરજી ભોજરાજ ઍન્ડ સન્સ ક.વી.ઓ. જૈન છાત્રાલય (માટુંગા બૉર્ડિંગ)ના પેવેલિયન ગ્રાઉન્ડ, માટુંગા ખાતે યોજાઈ હતી.

પ્રાયોજક : વિકાસ કન્સ્ટ્રક્શનના શ્રી કેતન વલ્લભજી ગડા (બાડા).

✤ **વક્તૃત્વ સ્પર્ધા (બિન્દાસ બોલ) : (વર્ષ ૩૮મું)**

બિન્દાસ બોલ (વકતૃત્વ સ્પર્ધા) :

આ વર્ષે મુંબઈનાં કેન્દ્રો ઉપરાંત નાગપુર, વિદર્ભ, પુના, સોનગઢ બોર્ડિંગ દ્વારા યોજાયેલ પ્રથમ રાઉન્ડમાં કુલ ૫૫૫ સ્પર્ધકોએ ભાગ લીધેલ હતો. તેમાંથી ૧૧૦ સ્પર્ધકોએ સેમિ-ફાઈનલમાં પ્રવેશ મેળવ્યો. એમાંથી ૨૬ બાળકોએ ફાઈનલમાં પ્રવેશ મેળવ્યો હતો.

ફાઈનલ તા. ૧૪ ડિસેમ્બર, ૨૦૨૫ના રોજ માટુંગા બોર્ડિંગના તેજુલીલા સભાગૃહમાં યોજાઈ હતી. સંપૂર્ણ સ્પર્ધાનાં પ્રાયોજક માતુશ્રી લક્ષ્મીબેન હરશી નરશી ગાલા (ડુમરા).

✤ **આઉટડોર કૅમ્પ :-**

૧૯૮૯થી સેવા સમાજ આયોજિત અરબિંદો આશ્રમના સહયોગથી દર વર્ષે નૈનીતાલ કૅમ્પ યોજે છે.

તેમ જ આ વર્ષે તા. ૦૬ નવેમ્બરથી ૧૫ નવેમ્બર દરમ્યાન હિમાલય ખાતે કિન્નોર અને સાંગલાવેલી ખાતે ફૅમિલી ટૂરનું આયોજન કરવામાં આવેલ. જેમાં ૨૪ વ્યક્તિઓ જોડાઈ હતી. ગ્રુપ લીડરે પોતાની ફરજ સુંદર રીતે નિભાવેલ.

✤ **સાંસ્કૃતિક કાર્યક્રમઃ**

આ વર્ષે સાંસ્કૃતિક કાર્યક્રમ પ્રવૃત્તિમાં એકાંકી નાટ્ય સ્પર્ધાનું આયોજન કરવામાં આવેલ. આ નાટય સ્પર્ધા માટે આર્થિક સહયોગી દાતા તરીકે ''ગાલા સ્પ્રિંગ્સ'' એ હામી ભરેલ હોવાથી ગાલા સ્પ્રિંગ્સ એકાંકી નાટ્ય સ્પર્ધા નામ પડ્યું. શરૂઆતમાં આ સ્પર્ધા માટે ભાગ લેવા માટે ૮ એન્ટ્રીઓ આવેલ. પ્રથમ રાઉન્ડ તા. ૧૫ એપ્રિલના રોજ યોજાયેલ જેમાંથી ફાઈનલ માટે ૫ નાટકોની પસંદગી કરવામાં લાવેલ.

ફાઈનલ નાટ્ય સ્પર્ધા રવિવાર, તા. ૨૦ એપ્રિલ, ૨૦૨૫ના રોજ યશવંતરાવ ચૌવ્હાણ ઓડિટોરિયમ, માટુંગા વેસ્ટ ખાતે યોજવામાં આવેલ.

ફાઈનલ સ્પર્ધામાંથી પ્રથમ ત્રણ એકાંકી નાટકો તા.૧૬ જૂન, મંગળવારે મુલુંડ ખાતે અને ૧૮ જૂન, બુધવારે મીરા રોડ ખાતે યોજાયેલ.

✤ **સાહિત્ય કલા પુરસ્કાર -**

પ્રાયોજક : શ્રીમતી તારામતી વિશનજી ગાલા

વર્ષ ૨૦૨૩થી શરૂ થયેલ આ પ્રવૃત્તિને સમાજ અને સર્જકો અને વિવેકશીલ વાચકો વચ્ચે પુલ બાંધવા માટે દાતા પરિવાર અને સમિતિએ આ પ્રવૃત્તિને આગળ વધારવાની જવાબદારી સેવા સમાજને સોંપી. વર્ષ ૨૦૨૫થી શ્રી ક.વી.ઓ. સેવા સમાજ ભાવિ સમયમાં વધુ નિષ્ઠા, પારદર્શિતા સાથે સાહિત્ય કલા અને યુવા પેઢીના સર્વાંગી વિકાસ માટે દૃઢ સંકલ્પ પુનરાવર્તિત કરે છે.

આ વર્ષે આ કાર્યક્રમ રવિવાર, તા. ૭ ડિસેમ્બર,

૨૦૨૫ના રોજ બી. એન. વૈદ્ય સભાગૃહ, દાદર (ઈ) ખાતે સુંદર રીતે પરિપૂર્ણ થયેલ.

✤ **પેરેન્ટિંગ સેમિનાર :**

૫ થી ૧૫ વર્ષના સમયગાળા દરમ્યાન બાળકોમાં તેમની ગ્રહણશક્તિ મહત્ત્વની હોય છે. એ દરમ્યાન બાળકો અને વાલીઓના માનસિક અને ભાવનિક ઉતાર-ચઢાવની મૂંઝવણ ઉકેલવા માટે દર શનિવારે કાઉન્સેલિંગ અને માર્ગદર્શન વિવિધ કેન્દ્રો પર થાય છે. આ વિષયક એક સેમિનારનું આયોજન શ્રી કચ્છી જૈન મંડળ, ચેમ્બુરના સહયોગથી રવિવાર, તા. ૧૫ જૂન, ૨૦૨૫ના રોજ ચેમ્બુર ખાતે કરવામાં આવેલ હતું.

✤ **આરોગ્ય સંપદા :**

સ્ત્રીઓમાં વધતા જતા ગર્ભાશયના કૅન્સરની આગોતરી જાણ થઈ શકે એ હેતુથી આ કૅમ્પનું આયોજન કરવામાં આવે છે.

✤ **સમાજની એક ઉદ્દેશ ધરાવતી સંસ્થા સાથેની પ્રવૃત્તિઓ :**

સમાજની એક જ ઉદ્દેશ ધરાવતી સંસ્થાઓ જોડે એકજૂટતા કેળવી આ ક્ષેત્રે વિગતવાર કાર્ય કરવા પ્રયત્ન કરવા માતુશ્રી મણિબાઈ શિવજી કન્યા કેળવણી ફંડ સથવારે તા. ૫ અને ૧૨ એપ્રિલ, ૨૦૨૬ના રોજ કૅરિયર સેમિનારનું આયોજન કરવામાં આવેલ. Aptitude Test, The Day with Professional One to one Counseling દ્વારા કેળવણી માર્ગદર્શન ૨૭૧ બાળકો અને ૧૩૦ વિદ્યાર્થીએ Aptitude Test આપેલ. ૪૦ થી વધારે પ્રોફેશનલ, ૫૬૦ થી વધુ વાલીઓ અને વિશેષ IIT, મેડિકલ, CA, Law, બધા વિભાગના Toper'sને, કચ્છી સમાજના વિદ્યાર્થીને ખાસ આમંત્રિત કરી આવનાર જનરેશનને મોટીવેટ કરવામાં આવેલ.

✤ શ્રી ક.વી.ઓ. દેરાવાસી જૈન મહાજન, શ્રી ક.વી.ઓ. સ્થાનકવાસી જૈન મહાજન અને ક.વી.ઓ સેવા સમાજના સંયુક્ત ઉપક્રમે કેન્દ્રીય મધ્યસ્થી સમિતિનું ગઠન કરાયેલ જે અંતર્ગત પરિચય મિલન (સગપણ), પ્રી મેરેઝ કાઉન્સેલિંગ તેમ જ છૂટાછેડા, માલ - મિલકત વિશે મૂંઝવણોનો ઉકેલ જેવી પ્રવૃત્તિઓ.

✤ ઉપરાંત ત્રણેય સંસ્થાના ઉત્કર્ષ પ્રતિષ્ઠાન ઉપક્રમે રહેઠાણ લોન યોજનામાં વર્ષ દરમ્યાન ૨૪ વ્યક્તિઓને ૧ કરોડ ૫૦ લાખ રૂપિયાની લોન આપવામાં આવેલ.

આભાર...અભિવંદના...

✤ શ્રી ક.વી.ઓ. દેરાવાસી જૈન મહાજન.

✤ શ્રી ક.વી.ઓ. સ્થાનકવાસી જૈન મહાજન.

✤ શ્રી હીરજી ભોજરાજ ઍન્ડ સન્સ ક.વી.ઓ. જૈન છાત્રાલય (માટુંગા બોર્ડિંગ)

✤ શ્રી કચ્છી જૈન ફાઉન્ડેશન/વડો મહાજન.

✤ સેવા સમાજની કાયમી પ્રવૃત્તિઓના આધાર સ્તંભ એવા પ્રાયોજકો નવનીત પરિવાર, ગાલા સ્પ્રિંગ્સ પરિવાર, આરતી ગ્રુપ પરિવાર, ખીમજી હેમરાજ છેડા ટ્રસ્ટ પરિવાર, વિકાસ ગ્રુપ પરિવાર, KVC પરિવાર, શ્રુત-ગુણ-ગૌરવ દાતા પરિવાર,

✤ સંસ્થાની વિવિધ પ્રવૃત્તિઓ સુપેરે ચલાવવા મદદરૂપ થનાર સખીદિલ દાતા પરિવાર.

✤ સંજીવની સ્વાસ્થ્ય યોજના અને અન્ય પ્રવૃત્તિઓમાં પોતાના ગામના જરૂરિયાતમંદ પરિવારોને સહાયરૂપ થતાં ગામનાં મહાજનો, કચ્છી મહિલા ફેડરેશન (મહિલા), મહિલા મંડળો, લતાવાર મંડળો, યુવા મંડળો તથા સમાજની સ્થાનિક સંસ્થાઓનો.

✤ સેવા સમાજની દરેક પ્રવૃત્તિઓમાં પ્રત્યક્ષ/અપ્રત્યક્ષ રીતે સહાય થનાર સર્વે કાર્યકરોનો.

સેવા સમાજની સફરમાં હમસફર બનનાર સર્વેનો વિશેષ આભાર.

સેવા સમાજના લેટેસ્ટ અપડેટ માટે ખાસ ટેલિગ્રામ ચૅનલ પર જોડાવો. t.me/sevasamaj અથવા @sevasamaj Telegram ઍપ્લિકેશન પર Search કરો.

પગદંડીને પત્ર, લેખ અને લેખના પ્રતિભાવ લખનારાઓને નમ્ર વિનંતી.

❁ આપ આપના અપ્રગટ લેખ, પ્રતિભાવ, પત્ર વગેરે. pagdandi@kvoss.org પર ઈમેઇલ કરી શકો છો.

❁ જો ઈમેઇલ શક્ય ન હોય તો પંગદંડીના ચિંચબંદર કાર્યાલય પર પોસ્ટ કે કુરિયર કરી શકો છો.

❁ આપના અપ્રગટ લેખ, કવિતા, પત્ર વગેરે, સારા અક્ષરોમાં, પાનાની ચારે બાજુ યોગ્ય માર્જિન છોડીને પાનાની એક બાજુ જ લખવા વિનંતી.

❁ આપની કૃતિ મૌલિક હોવી જોઈએ અને અન્ય ક્યાંય પબ્લિશ/પ્રસિદ્ધ ના થઈ હોય એ જરૂરી.

❁ PDF કૉપી મોકલો તો સાથે વર્ડની સોફ્ટ કૉપી મોકલવા વિનંતી.

ગાલા ભણસાલી
સ્ટોક બ્રોકર્સ પ્રા. લિ.
તરફથી
હાર્દિક શુભેચ્છા

સાંત્વન

(તા. ૧ સપ્ટેમ્બર, ૨૦૨૬ થી તા. ૩૦ સપ્ટેમ્બર, ૨૦૨૬)

ચક્ષુદાન : 👁 દેહ /ત્વચાદાન : ✪ અવયવદાન : ✹

પ્રાર્થના રાખેલ નથી

નામ	ઉંમર	ગામ	હાલે
મુકેશ રતનશી નરશી ધરોડ	૬૨	પત્રી	મલાડ
ડૉ. નિમીષ ડૉ. હસમુખલાલ રતનશી છેડા	૬૬	કુંદરોડી	મુલુંડ
મા. ચંદ્રિકાબેન રવજી શામજી વીરા	૭૮	દેશલપુર (કંઠી)	વસલાડ
દેવચંદ કારૂ રામજી દેઢિયા	૮૨	ભુજપુર	અમદાવાદ 👁
કુ. કવિષા વિપુલ રમણીકલાલ ગોસર	૨૪	ગોધરા	અમદાવાદ
પંકજ ડુંગરશી નાનજી ધરોડ	૬૮	લાખાપુર	ઘાટકોપર (૮૭)
મા. શાંતાબેન વસંત પ્રેમજી ગાલા	૭૭	છસરા	ડોંબિવલી 👁 ✪
ગૌરવ જગશી શિવજી છેડા	૪૩	મોખા	ડોંબિવલી 👁 ✪
રેખા દામજી કેશવજી શાહ/વિસરિયા	૬૬	મોખા	થાણા
મા. લક્ષ્મીબેન વિશનજી દેવજી દેઢિયા	૮૮	દેઢિયા	મુલુંડ
દેવચંદ પ્રેમજી ખીંયશી છેડા	૭૬	મોટા લાયજા	સાયન
નિર્મળાબેન શાંતિલાલ નાનજી ગાલા	૮૧	છસરા	મુલુંડ
અ.સૌ. હર્ષા લલીત ખીમજી છેડા	૫૭	મોટા આસંબિયા	ઘાટકોપર
નિર્મળા દેવચંદ વીરજી દેઢિયા	૭૩	ભુજપુર	બોરીવલી
મા. ભાનુબેન પોપટલાલ વીરજી ગાલા	૮૦	નાના ભાડિયા	નાંગલપુર
તારાબેન કલ્યાણજી દેવજી મારુ	૮૬	ભોજાય	અંબરનાથ
ઝવેરીલાલ વેલજી પોલડિયા	૮૭	તલવાણા(૧૭૫.)	મુંબઈ સેન્ટ્રલ
મા. કુંવરબેન લાલજી નરશી ગડા	૯૬	મોટા લાયજા	માટુંગા
હિતેશ શાંતિલાલ કાનજી છેડા	૪૧	વાંકી	ડોંબિવલી
જયવંતીબેન છગનલાલ કુંવરજી નિસર	૮૨	વડાલા	કાંદિવલી
મા. હીરબાઈ હરિલાલ ધરમશી સાવલા	૯૩	પત્રી	મુલુંડ (૧૭૫.)
દીપક દામજી રામજી દેઢિયા	૫૫	તલવાણા	મીરા રોડ

નામ	ઉંમર	ગામ	હાલે
રેવંતીબેન પ્રવીણ રામજી શાહ/કુરિયા	૭૨	નાની ખાખર	મુલુંડ
વિશનજી રાયશી માંઈઆ રાંભિયા	૮૬	ગોધરો	દાદર ✪
જયેશ ચુનીલાલ ખીમજી ગંગર	૫૧	છસરા	જોગેશ્વરી
મા. જવેરબેન પ્રેમજી ખીમજી ગોગરી	૯૬	ડોણ	માટુંગા
દીપક માવજી પ્રેમજી ગાલા	૬૮	દેવપુર	ઈન્દોર
તલકશી વેલજી રવજી ગાલા	૯૨	છસરા	મુલુંડ
મા. કસ્તૂરબેન લક્ષ્મીચંદ દામજી લાલન	૯૮	કોડાય	મુલુંડ (૧૩ ઉ)
અરવિંદ ગણશી હંસરાજ ગાલા	૬૯	લાયજા	કાંદિવલી 👁 ✪
મા. ભાણબાઈ પાસુ મોતી પાસડ	૯૦	દેઢિયા	ડોંબિવલી
પુરબાઈ પાસુ કરમશી હરિયા	૭૦	હુમરા	ખાર
ગાંગજીભીમશી રતનશી ગાલા	૯૬	ભુજપુર	બોરીવલી
મા. વિમળાબેન ચુનીલાલ ગોવિંદજી સંગોઈ	૭૮	પ્રાગપુર	કરાડ
વિશનજી કેશવજી રામજી દેઢિયા	૮૨	બિદડા	અંધેરી
દિનેશ શાંતિલાલ ગોસર શાહ/ગાલા	૭૪	મોટા લાયજા	કાંદિવલી
પોપટલાલ રામજી લાલજી ગાલા	૮૨	ગુંદાલા	સાંતાક્રુઝ
વિનોદ શિવજી લખમશી ગોગરી	૮૨	નાના ભાડિયા	બોરીવલી
વિમલા (મા. ગોરબાઈ જીવરાજ શિવજી ગાલા ભોજાયની સુપુત્રી)	૬૪	—	સાંતાક્રુઝ
કલ્યાણજી કુંવરજી સુરા દેઢિયા	૭૯	લુણી	તિલકનગર
રાજેશ મેઘજી કલ્યાણજી નાગડા	૫૩	નરેડી	ડોંબિવલી 👁 ✪
રાજેશ નાનજી ચાંપશી શાહ /દેઢિયા	૬૧	મેરાઉ	ઘાટકોપર
કાંતિલાલ જેઠાલાલ ધારશી ગાલા	૭૭	વડાલા	બોરીવલી

નામ	ઉંમર	ગામ	હાલે
ભાઈલાલ ખીમજી મુરજી પાસડ	૭૭	દેઢિયા	ડોંબિવલી
લક્ષ્મીચંદ જીવરાજ દેઢિયા	૮૦	ભુજપુર	સોલાપુર
નાનજી ખેતશી નાગજી દેઢિયા	૮૩	શેરડી	મુલુંડ
મા. સાકરબેન શામજી વીજપાર ગાલા	૯૨	સાડાઉ (૧૫ ઉ)	બોરીવલી
વસંતલાલ ઠાકરશી નેણશી સાવલા	૭૮	નાની ખાખર	મુલુંડ
અમૃતબેન મહેન્દ્ર દામજી સોની	૭૧	બાંભડાઈ	મુલુંડ
મુલચંદ ભવાનજી ઘેલા છેડા	૮૦	ગોધરા	વસઈ
પદમશી ખેતશી વેલજી ગાલા	૮૦	ગોધરા	અંબરનાથ
નાનબાઈ કાનજી ટોકરશી દેઢિયા	૯૮	તલવાણા	ડોંબિવલી
ગિરીશ ખેતશી સાવલા	૬૨	બેરાજા	અંધેરી
પ્રેમજી નરશી વેલજી ગડા	૮૩	મોટા લાયજા	ચેમ્બુર
નેમજી વીરજી નથુ દેઢિયા	૭૭	નાની ખાખર	વિરાર
તલકશી લખમશી શેઠિયા	૯૧	લાખાપુર	બેંગ્લોર
શરદ હીરજી સાવલા	૬૭	વાંકી	પુના
મનસુખ જાદવજી ધારશી ગાલા	૭૬	વડાલા	દમણ
મા. તારામતીબેન ચુનીલાલ કરમશી ગંગર	૭૯	મોટી ખાખર	મુલુંડ (૩૨ઉ)
મા. મણિબેન રવિલાલ મોણશી દેઢિયા	૮૩	ભુજપુર	તાડદેવ
પ્રભાબેન હીરજી શિવજી મારુ	૯૦	બેરાજા	ગાંધીનગર
સરોજ ભૂપેન્દ્ર લાલજી માલદે	૬૨	કોડાય	ડોંબિવલી
વિશનજી હીરજી વીરજી રાંભિયા	૮૫	રામાણિયા	કુર્લા
ચંદ્રેશ વેલજી ઓભાયા શાહ/લાલન	૬૦	કોડાય	થાણા
ભારતી રમેશ હંસરાજ રાંભિયા	૬૫	ગોધરા	કલ્યાણ
મા. લીલાવંતીબેન જેઠાલાલ પુનશી ખુથિયા	૭૮	નાની તુંબડી	કાંદિવલી
પ્રવીણ ઉમરશી નેણશી બૌઆ	૮૩	નાની તુંબડી	અંધેરી
મણિકાંત કાનજી નાગજી નાગડા	૭૨	નરેડી	વિદિશા (MP)
મા. વિમળાબેન પ્રેમજી કાનજી વિછીવોરા	૭૩	પ્રતાપર	ચેમ્બુર
રસિકલાલ લખમશી નાગશી સંગોઈ	૭૪	સાડાઉ	મુલુંડ
મા. રેખાબેન રમણીક શામજી સૈયા	૮૦	ગેલડા	વડાલા (૧૨ઉ)

નામ	ઉંમર	ગામ	હાલે
પ્રાર્થના રાખેલ છે			
અ.સૌ. લતાબેન અશ્વિન મણિલાલ છેડા	૫૯	તલવાણા	તિથલ
મા. લીલાવંતીબેન ખીમજી લખમશી	૯૪	મોટા કાંડાગરા	કાંદિવલી
હર્ષલ શૈલેશ ટોકરશી ગાલા	૪૪	રાયણ	ઉમરગામ
માવજી મોરારજી વજપાર દેઢિયા	૮૩	કપાયા	ઘાટકોપર (૩ઉ)
હસમુખ વલમજી ધનજી કેનિયા	૬૬	બારોઈ	ભાયખલા
ભાવનાબેન કિરણ વલ્લભજી દેઢિયા	૬૬	નાની ખાખર	ચેન્નાઈ
અ.સૌ. ચંદન ભાઈલાલ કુંવરજી બૌઆ	૬૬	નાની તુંબડી	ઘાટકોપર
લક્ષ્મીચંદ નાનજી રાયશી પોલડિયા	૮૧	તલવાણા	ગ્રાન્ટ રોડ
નીતિન લક્ષ્મીચંદ હંસરાજ ગડા	૬૨	ભુજપુર	પવઈ
હેમલતા લક્ષ્મીકાંત તેજશી ગડા	૭૩	માપર	ઉમરગામ
લીલાવંતી સૂર્યકાંત ભાણજી ગડા	૬૯	નાના ભાડિયા	કાંદિવલી
વલ્લભજી ભવાનજી આસારિયા સંગોઈ	૭૪	કપાયા	ચેમ્બુર
વલ્લભ પાસુ નરશી છેડા	૭૪	કોટડા રોહા	ભાંડુપ
ભાણજી શિવજી લખમશી ફરિયા	૭૯	સુવઈ	થાણા
હેમરાજ વીરમ હરગણ શાહ /છેડા	૮૬	સામખિયારી	પ્રભાદેવી
કૈલાસ રવજી મોરારજી લાલન	૭૯	કોડાય	મદુરાઈ
પ્રેમજી શામજી શિવજી ગડા	૮૬	ડુમરા	ડોંબિવલી
પ્રફુલ્લ જાદવજી શિવજી માલદે	૬૮	ભુજપુર	ડોંબિવલી
મોરારજી ઉમરશી વગજાંગ સાવલા	૮૪	પત્રી	ચેમ્બુર
કાંતિલાલ મીઠુભાઈ ટોકરશી ગડા	૮૪	રાયણ	દાદર
અ.સૌ. ભારતીબેન હીરાલાલ મેઘજી ગાલા	૭૧	કાંડાગરા	તાડદેવ
મનોજ કુંવરજી નાનજી ગાલા	૬૬	પ્રતાપર	બ્રીચ કેન્ડી
જિતેન્દ્ર લાલજી લખમશી સાવલા	૭૧	નાની તુંબડી	તારદેવ
સુરેશ જેઠાલાલ ખીમજી નાગડા	૮૦	ગોધરા	દાદર
શશિકાંત દેવચંદ હંસરાજ દેઢિયા	૭૨	તલવાણા	પ્રભાદેવી
શાંતિલાલ લીલાધર જેવત કુરિયા	૮૧	મોટી ઉનડોઠ	સાંગલી
મા. લક્ષ્મીબેન ખીમજી રવજી દેઢિયા	૯૩	નાના રતાડિયા	ઘાટકોપર

નામ	ઉંમર	ગામ	હાલે
પ્રાર્થના રાખેલ છે			
પ્રેમજી ભાણજી ખીંયશી ગડા	૭૧	ગઢશીશા	ડોંબિવલી
વિમલાબેન વિનોદ ખીમજી સાવલા	૭૨	રામાણિયા	મુલુંડ
મા. કસ્તૂરબેન બુદ્ધિચંદ આસુ છેડા	૮૦	કોટડી મહા.	મુલુંડ
મા. હીરબાઈ કેશવજી નાગશી નંદુ	૯૪	નાના ભાડિયા	ચેમ્બુર
નવીન નાનજી વેલજી ધરોડ	૭૯	પત્રી	ગીરગામ
નિલેશ જેઠાલાલ શિવજી ગાલા	૫૩	કોટડી મહા.	ભાયખલા
દીપ્તિ અરવિંદ ઉમરશી ધરોડ	૬૯	લુણી	સાંતાક્રુઝ
નિરંજના હિંમત ટોકરશી ગાલા	૬૯	બિદડા	દાદર
ડુંગરશી ગાંગજી હીરજી ગડા	૭૯	મોટા લાયજા	ઘાટકોપર
દેવચંદ પ્રેમજી રવજી ગડા	૮૦	નાના રતાડિયા	થાણા
સન્ની દેવચંદ ચાંપશી છાડવા	૪૩	મોટી ખાખર	ડોંબિવલી

રત્ન કણિકા

દિવસના ચોવીસે કલાક સેવા કે ફરજ બજાવવી તેનું નામ યજ્ઞ. અભિલાષા વગર સેવા કરવી તે બીજા પર નહીં પરંતુ આપણી જાત પર જ મહેરબાની કરવા બરાબર છે. આપણું ફરજ પતાવવામાં પણ આપણો બોજો હલકો કરીને તથા ફરજ બજારીને આપણી જ સેવા આપણો કરીએ છીએ. આપણો બધા માનવતાને ચરણે ફક્ત ભલાઈ જ નહિ, પરંતુ બધી સાધન-સંપત્તિ ધરવા બંધાયેલા છીએ. તે જો આવો નિયમ હોય (તે છે જ) તો મોજશોખ ને સ્વચ્છંદતાનું જીવનમાં સ્થાન જ ન રહે ને તે ત્યાગતે સ્થાન આપે. ત્યાગની ફરજથી જ મનુષ્ય પશુ કરતાં જુદો પડે છે.

-ગાંધીજી




network
techlab
Adding Values to Work
Small Gaps.
Big Downtime.
DATA CENTER AUDIT SERVICES
Find hidden risks. Strengthen reliability
Power & Electrical Audits
Cooling & Airflow Analysis
Safety & Compliance Checks
Infrastructure Health Assessment
info@netlabindia.com | +91 88790 04536 | www.netlabindia.com
Head- Office: - 41, Sarvodaya Ind. Est., Off. Mahakali Caves Road, Andheri (E.), Mumbai, 400093
Main Branch: - Plot no. A-142, Rd Number 23, Wagle Industrial Estate, Thane (W.), Thane, 400604

PAGDANDI (Monthly) NOVEMBER 2026 RNI-14593/1957
Posted at Patrika Channel Sorting Office, Mumbai - 400 001

શ્રી ક.વિ.ઓ. સેવા સમાજ

સંસ્થાની વિવિધ પ્રવૃત્તિઓ



PAGDANDI

If undelivered, please return to

To,

Shri K.V.O. Seva Samaj
Shri C. V. O. D. Jain Mahajanwadi,
99/101, Keshavji Naik Road, Mumbai - 400 009.
Tel. : 022 2371 4674 / 4961 4242 / 4343
E-mail : ksevasamaj@gmail.com
Website : www.kvoss.org